શ્રી ૭૩૫૬

હીરલની હલકાઇ

અથવા

ચંડાળ ચોકડી નાટક.

ત્રિઅંકી.

111/1900 22

બનાવનાર.

કવિ વિરપાળ હંસરાજ શાહ.
નિવાસી—ધ્રાંગધ્રા.

આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦

परदाराः रतांकस्तां नर्को न्यान्ति दारुणां ॥

અર્થ—પારકી સ્ત્રીની યારી કરનાર પ્રથમ બારે કષ્ટ સહન કરી, અંતે દારૂણ નર્કમાં પડે છે.

અમદાવાદ.
ધીકાંટે—શ્રી ચંદ્ર પ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસમાં
શાહ કેશવલાલ ગુલાબચંદે છાપ્યું.

વિક્રમાર્ક સંવત ૧૯૫૬. સને ૧૯૦૦
કિંમત પાંચ આના.

શ્રી નવીન ૭૩૫૯

હીરલની હલકાઇ

અથવા

ચંડાળ ચોકડી નાટક

ત્રિયંકી.

બનાવનાર

કવિ વિરપાળ હંસરાજ શાહ.

નિવાસી—ધ્રાંગધરા.

આવૃતિ પહેલી પ્રત ૧૦૦૦

શ્લોક

परदाराः रतांकस्टां नर्को न्यान्ति दारुणां ॥

અર્થ—પારકી સ્ત્રીની યારી કરનાર પ્રથમ ભારે કષ્ટ સહન કરી, અંતે દારૂણ નર્કમાં પડે છે.

અમદાવાદ.

ધીકાંટે—શ્રી ચંદ્ર પ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસમાં શાહ કેશવલાલ ગુલાબચંદે છાપ્યું.

વિક્રમાર્ક સંવત ૧૯૫૬. સને ૧૯૦૦.

કિમ્મત પાંચ આના.

અર્પણ પત્રિકા.

નેક નામદાર, શ્રીમંત

રાજકુમારશ્રી પર્વતસિંહજી હરિસિંહજી સાહેબ

સંસ્થાન—ધ્રાંગધરા.

આપનું પરોપકાર પરાયણાંતઃકરણ હોઇ ગુજરાતી ગ્રંથ-
કારોને ઉત્તેજન આપો છો, સ્વદેશ સુધારાના કા-
મમાં તન મન અને ધનથી તત્પર રહો છો તે-
મજ સંગિત વિદ્યાપર આપનો પૂર્ણ પ્યાર
છે. એટલુંજ નહિ પણ મ્હારા પર
આપ ઘણી સારી મમતા રાખી,
મ્હારૂં હિત ઇચ્છો છો તેની
નિશાની તરીકે આ લઘુ
પુસ્તક પ્રેમ પૂર્વક આ-
પને અર્પણ કરૂં છું
તે સ્વિકારશોજી.

લી. હું છું

આપનો આશરાંકિત સેવક.

ગ્રંથ કર્ત્તા.


श्लोक.

आयुः क्षतिं विकलता त्युऽ पहास्य ताच ।
निंदार्थ हानि लघुताच गतिः परत्र ॥
स्यादेव यद्यपिरते न परांगनाया ।
प्राहुस्त थाप्य न धमित्यपि कारणेन् ॥१॥

इंद्र विजयछंद.

સેવન પારકિ નારતણું નિજ આયુષ યાર અપાર હરે છે,
સત્વ રહીત શરીર બને વળિ લોક સહુ ઉપહાસ કરે છે,
નામ ઠરે બદનામ, ઘટે ધન, માન ઘટી હલકાઇ મળે છે,
લોક દયે દુઃખ થોક પડે શિર, હાનિઓ સાત મહાનજએછે

કર્તા.



પ્રસ્તાવના

કેટલાક વિદ્વાનોનું એવું માનવું છે કે, કવિઓએ કાવ્ય લખવું તેમાં ઉત્તમ નાયક—નાયિકા યોજી, વિપરીત છૂપાવી પ્રત્યેક સ્થળે સારૂંજ બતાવવું. પણ તે શંકાપ્રદ છે કેમકે, પ્રત્યેક ગ્રન્થકર્ત્તાઓનો એવો હેતુ હોય છે કે, **રામા-દિકની** પેઠે ધર્માચરણ કરવું પણ **રાવણાદિકની** પેઠે અધર્માચરણ કરવું નહિ. એ સમજાવવા માટે રામનાં સ્તુતિપાત્ર કૃત્ય અને રાવણનાં નિંદ્ય કૃત્ય બન્નેય વિવિધ રીતે વર્ણાય છે. હવે દોષ ગ્રાહી મનુષ્યો રામનાં આચરણ તજીને રાવણનાં આચરણ કરશે એવા ભયથી શું રામનાંજ આચરણ વર્ણીને કવિએ વિરામ પામવો એમ કોઇ વિદ્વાનનાં લક્ષમાં આવે છે ? આ નાટકમાં **સામાન્ય** (વેશ્યા) નાયિકાનું ચરિત્ર વર્ણ્યું છે તે વિષે પણ તેમજ સમજવાનું છે. કેટલાક લોકો વિપરીત સમજને લીધે **સામળભટ** જેવા મહા કવિની વાર્ત્તાઓનો ધિઃકાર કરે છે અને કહે છે કે. એમાં **પરકીયા** (પારકી સ્ત્રી) વર્ણી છે. પણ હું કહું છું કે, "રાવણની પેઠે ન વર્ત્તવું" એના જેવોજ ઉપદેશ કરીને નિતિ વધારે છે, સદ્‌ગુણ શીખવે છે.

આ નાટકનું વસ્તુ અર્વાચિન બનેલું છે તેજ પ્રમાણે મેં લખેલ છે. માત્ર કોઇકજ સ્થળે રસ પૂરવાને અર્થે કલ્પના શકિતનો ઉપયોગ કર્યો છે. કોઈ કહેશે કે, આ નાટકનો નાયક રસરાજ વિદ્વાન છતાં તેને કુમાર્ગે કેમ પ્રવર્ત્તાવ્યો છે ? તેના પ્રત્યુત્તરમાં મ્હારૂં એટલુંજ કહેવું છે કે, કામદેવની પ્રબળતા સૌ કોઈનાં જાણવામાં છે. જેણે **નારદ**, **વિશ્વામિત્ર**, **પરાસર**, **શ્રૃંગિ** અને **શંકર** જેવા દેવાંશી સત્પુરૂષોને પણ પોતાના પાશમાં સપડાવ્યા હતા તો તેઓ કરતાં કંઈ રસરાજ વધારે જ્ઞાનિ કે શકિતવંત હોય એમ સંભવતું નથી.

વેશ્યા વ્યસન નિષેધક કેટલાં એક નાટકો લખાયલાં છે તેમાં "લીલાવતી" નાટક શ્રેષ્ટ છે. પરંતુ તેમાં તે એકજ વિષયનો ચિતાર આપેલ છે અને આમાં "ચંડાળ ચોકડી"નાં કાળાં કૃત્યનો વધારો હોઇ વાંચનારને તેમજ જોનારને સદ્‌ગુણ શીખવી વધારે અસર કરશે એમ મ્હારૂં માનવું છે. અને એ મ્હારો હેતુ કિંચિત પણ પાર પડશે તો હું આ નાટક લખવાનું સાફલ્ય સમજીશ.

આ નાટકમાં સંભોગ સૃંગારનું તેમજ ઇસ્કી મનુષ્યના નિંદ્ય ઉદ્‌ગારનું વધારે વર્ણન છે. ને અતિસભ્ય પુરૂષોને સંકોચ ઉપજાવે તેવું છે. પણ તે માટે ખરૂં વસ્તુને છુપાવી દેવું એ મને અનુચિત લાગતાં મેં પ્રદર્શિત કર્યું છે.

આ પુસ્તક ધ્રાંગધરાના રાજકુમાર શ્રી પર્વતસિંહજીએ મને નાણાં સંબંધી પૂરતી મદદ આપી બહાર પડાવ્યું છે એથી તેમની વિદ્યાપરની પ્રીતી તેમજ ઉદારતા જાહેર થાય છે, આપણે તેમની પરોપકાર પરાયણતા માટે અભિનંદન અ-પીએ છીએ તેમજ તેમનું દિર્ધાયુષ ઇચ્છીએ છીએ.

પુસ્તક ઘણીજ ઉતાવળે છપાયલું હોવાથી ઘણે સ્થળે શબ્દ, રસ્વ, દિર્ઘ, ચિન્હ અને અનુસ્વારાદિનીભૂલો રહી ગઈ છે. તે વિવેકી વાચક વર્ગ સુધારીને વાંચી લેશે એવી મ્હારી સવિનય પ્રાર્થના છે.

માઘ–પૂર્ણિમા.
સવંત ૧૯૫૬ વિક્રમાર્ક. } લી.
વિ. હું. શાહ.

પ્રેમ વિષે.

મનહરછંદ.

જળ ચર ઘણા જળ મધ્ય વસે સ્નેહે પણ–
સ્વચ્છ સ્નેહ મચ્છનો જે વિજોગ થતાં મરે;
ચંદ્ર ચાહ્યે સર્વ પણ ચકોરીનું ચ્હાવું જુદું;
જીવ જાય તોય ચક્ષુ ચોરી આડાં ના કરે;
પ્રિય સૌને નાદ પણ પ્રેમ પાકો મૃગનો, જે–
[1]હંસ ભક્ષી ફળ ભાળે તોય પાછો ના ફરે;
પ્રેમ પ્રેમ કહે સહુ પણ તેનો પંથ ન્યારો,
અજાણ્યા તો પ્રેમ કામ જોઈ હસે કે ઝુરે.

પુનઃ

બંધન સહે છે નાગ સાંભળી મધુર રાગ,
નથી સ્વાદ કે પરાગ! પૂછો કે શો સાર છે?
ચકોરનું ખાણું આગ્ય મળ્યે માને મોટું ભાગ્ય,
શાણા શીખવો સોહાગ કો' ખોટો અહાર છે?
ચાતકને કો'કે વીર શા માટે ન પીએ નીર,
સ્વાતીમાં શું દીઠું હીર? નવાણ અપાર છે;
શિક્ષા ઘો શાણા સજ્જન થાકશે બોલ્યે [2]રસન,
પણ જેથી માન્યું મન તેનો તે આધાર છે.

કોની માને ધન્ય?

મન જેણે રાખ્યું વારી, વારી તેને બલિહારી,
હારી પાપી કરનારી, નારી પર ગેહની;
પર ઉપકારે રતી, રતી ન ભૂલે શ્રીપતી,
પતિત નહી આકૃતિ, કૃતિ શુધ્ધ જેહની;
કીધાં અનુપમ કામ, કામજીત ધાર્યું નામ,
નામના દીધો દમામ, મામ તજી દેહની;
જગતમાં તે કમાયા, માયા થકી જે મુકાયા,
કાયા છોડીને પૂજાયા, જાયાધન તેહની–

ખલક ખેલ્લ.

---

૧ હંસભક્ષી=તીરનું ફળ. ૨ રસન=રસના જીભ.

પાત્રોના નામ.

પુરૂષ વર્ગ.

રસરાજ— ધર્મીલપુરનો રહીશ એક વણીક.

મૂળરાજ, શુકરાય, જીવરાજ, ગુલાબરાય — અંગલપુરના રહીશ વાણીઆ. (ચંડાળ ચોકડી.)

ડાહ્યાલાલ— રસરાજનો સદ્‌ગુણી મિત્ર.

હુસેનખાં— હીરલનો યાર.

છેલશંકર— હીરલનો બીજો યાર.

ભગલો— કામણ જાણનાર એક કોળી.

નિર્મળશા— પૂર્ણાનો પતિ.

રસિકલાલ— એક સાહુકારનો કુચ્છંદી પુત્ર.

સ્ત્રી વર્ગ.

હીરલ— અંગલપુરમાં રહેનાર એક ગણિકા.

રાણી— તેની બ્હેન.

પૂર્ણા— મૂળરાજની બ્હેન.

ઉમયા— મૂળરાજની સ્ત્રી.

ધવલ— મૂળરાજની મા.

લક્ષ્મી— રસરાજની મા.

કલી— હીરલની દૂતિ. (યારના સમાચાર લાવનાર લઈ જનાર.)

એ સિવાય—સુત્રધાર, નટો, ડાકટર, ફોજદાર, સોની, પોલીશ, વાણીઆ, કાલેખાં, હબીબખા અને નરોત્તમ વગેરે વગેરે.

ऑम तत्सत् श्री सद्गुरूवे परमात्मने नमः

श्री.

હીરલની હલકાઇ નાટક. ७३५९

મંગળાચરણ.

કલ્યાણ.

(દીમ દારા દિર દિર તનનન તનનન—એ—રાહ.)

કુમારિકાઓ—શીશ નામી પ્રણમું શારદ સુંદર દેવી દયાળ,
મયુર વાહની મયાળ, ગતિ રતિ શુદ્ધ મતિ દીજે
વીણા ધારિણી રસાળ, અપાર મન વચ વસી. શીશ
નાટક નિરવિઘ્ન ઉતારો, સ્થાપો મનહર
વિજય આપો સુખદ શશી. શીશ૦

(સુઘડ તન ઉલટ—એ રાહ.)

ઉલટ અંગ સખીયન ધરી રમીએ,
મધુર છાઈ સંગિત સુર સઘળે સરરરરરરર સરરરરરરર. ઉલટ
રૂમક ઝુમક રૂમકે રસીલી, છુમક છુમક ઘુઘરી છટીલી,
છનનનનનનન છોમ બજાવો.
મદન રાગ રોમે ઉપજાવો,
દંપતિ યુથને રસે રીઝાવો,
ગાઓ જમાવો ગાન તાન—
ધિરકિટ તનનન ધુમકિટ ધીમકિટ ધા ધા ધા. ઉલટ

સૂત્રધાર—વાહ ! ઘણું સરસ નૃત્ય કર્યું, દીલ આનંદ ઉદધિથી ભર્યું. કુમારીકાઓ ! જાઓ, અને સઉ પોત પોતાનાં કાર્યમાં પ્રવર્ત્ત થાઓ. (કુમારીકાઓ ગયા પછી.) બસ વધારે વિવેચન કરવાની કશી જરૂર નથી. કેમકે—નાટક રૂપી દર્પણ કોઈની પણ શરમ રાખે એમ ક્યાં છે? "હાથનાં કંકણ જોવાને આરસીની શી જરૂર ?"

નટી—(પ્રવેશી) અહો ! નાથ તો અહીયાંજ ઉભા છે ને શું. (પ્રકાશ.) પ્રાણ, અત્રે એકલા આપ શા વિચારમાં ગુંથાયા છો ?

સૂત્રધાર–(સહર્ષ.) કોણ પ્રિયતમા કે? વારૂ ઠીક થયું. ભલે આવી; પ્રિયા, વિચાર માત્ર એટલોજ કે હું આ બીરાજેલા પ્રેક્ષકવર્ગને કહી બતાવું કે હું હવે મારા નાટક પ્રયોગનો પ્રારંભ કરૂં છું.

નટી—(સસ્મિત.) નાથ, " કહેવાં કરતાં કરી બતાવવું " એ વધારે ઉચિત છે. અને એ રૂઢીને સર્વ માન્ય જનો પસંદ કરે છે. તો પછી નાહક વખત ગુમાવવાનું શું પ્રયોજન ?

સૂત્રધાર–વ્હાલી, નાટકાચાર્ય ભરતમુનિની આજ્ઞા એજ પ્રયોજન.

નટી—હહહહહ (હસે છે.)

સૂત્રધાર–અરે, પણ તું હસેકાં ? એમાં હસવા જેવું શું છે?

નટી—હસું નહિ ત્યારે શું રહું ? નાથ.

સૂત્રધાર–પણ એનું કંઇ કારણ મને સમજાવીશ કે એમજ ?

નટી—કારણ? કારણ એજ કે–એ તમારા જૂના જમાનાનાં રૂષિઓની રહેણી કહેણીને આજના ઉછરતા જુવાનિયાઓ કોણ પસંદ કરે છે કે–એ રૂઢીને આપ વળગી રહ્યા છો ?

સૂત્રધાર–ત્યારે ત્હારૂં શું એમ કહેવું છે કે–એ રૂઢીને છોડી દેવી?

નટી—એક વખત નહિ પણ હજાર વખત; તેમ છતાં એ રૂઢીને આપ વળગી રહેશો તો મ્હારૂં અને તમારૂં પેટ ભરાવું પણ મુસ્કેલ થઈ પડશે, એ કંઈ આપ જાણો છો ?

સૂત્રધાર–હું ત્હારૂં એ મર્મ ભરેલું બોલવું સમજ્યો નહિ, માટે સ્પષ્ટ ખુલાસો કર.

નટી—એનો ખુલાસો એટલોજ છે કે–આપણે જો જૂના રૂષિઓની જૂની રૂઢીને વળગી રહી તેવાજ નાટક પ્રયોગ કરી બતાવશું. અને તે આજ કાલની ઉછરતી પ્રજાને પસંદ નહિ પડે, તો પછી આપણા નાટક જોવા આવશે કોણ ? અને જ્યારે કોઈ નહીંજ આવે, ત્યારે આપણે આપણું પેટ ભરવાને મુસ્કેલીઓ વેઠવી પડે એમાં શી નવાઇ ? કહો મારૂં કહેવું ખરૂં છે કે ખોટું ?

સૂત્રધાર–અક્ષરસઃ ખરૂં; પણ હવે આપણે કેવા નાટક લખાવી ભજવી બતાવીએ તો લોક પ્રિય થાય ? એ કંઇ ત્હારા જાણવામાં આવ્યું હોય તો જણાવ.

નટી—નાથ, આજકાલની પ્રજાને તદન શ્રૃંગાર અને હાસ્ય રસથી ભરપૂર નાટક વધારે પસંદ પડે છે. જુઓની પેલી પારસીનાટકમંડળી ગુલેબકાવલી અને હામાનનાં નાટકથી કેટલું બધું કમાય છે ?

સૂત્રધાર–એ ખરૂં પણ એ પારસી નાટક મંડળીઓ માટે કવિ નથુરામ આ પ્રમાણે કહે છે તેનું કેમ ?

માલિની વૃત.

વિધ વિધ વખાણાયે, નાટકો પારસીનાં,
જરિ ન નિયમ જેમાં, નાટય કેરા રસીના,
પ્રતિકૃતિ પરિપોષે, વેશને બેશ ગાણે,
અખિલ ભરત શૈલી, આજ ત્યાં કોણ જાણે ?

નટી—એ કવિવરની કહેણી જો કે ખરી છે. પણ નાટકકારે-મૂખ્યત્વે દેશ, કાળ અને લોકરૂચીને અનુસરીને પ્રત્યેક નાટક ભજવી બતાવવાં જોઇએ, એમ મ્હારૂં પોતાનું તેમજ ઘણા વિદ્વાનોનું માનવું છે; માટે નાથ, તેવાં નાટકો આપણે જ્યાંસુધી આપણાં કવિ પાસે લખાવી ભજવી બતાવશું નહીં ત્યાંસુધી આપણો ઉદય થવો અસંભવિત છે.

સૂત્રધાર—ત્યારે તો તને આજનું આપણું નાટક પસંદ પડશે ખરૂં, કેમકે-તેમાં આપણા કવિએ તદ્દન શ્રૃંગાર રસ પ્રાધાન્ય વસ્તુ યોજેલું છે, અને બહુ રસિક છે.

નટી—એવું કયું વસ્તુ યોજ્યું છે ? એતો મને સમજાવો કે હું સાંભળીને ખુશીતો થાઉં.

(દક્ષિણી ચાલની સાખી.)

સૂત્રધાર—"કવિ રસરાજને વેશ્યા હીરલ, વિષય લુબ્ધ બનાવી,
"તન મન ધનથી ખ્વાર કરીને, દુઃખ કુપ દીધ ડુબાવી,
"નાવી લેશ દયા, બિચારે દુઃખ અપાર સહ્યાં"

નટી—વાહ ! વાહ ! વસ્તુ તો જ્ઞાન સાથે ગમ્મત આપનારૂં યોજ્યું છેને શું? નાથ, ખચિત આ નાટક લોકપ્રિય થઈ પડશે અને આપણને વિજય અપાવશે તેમજ સાથે પૈસો પણ પૂરો કમાવશે.

સૂત્રધાર—ત્હારી વાણી સર્વેશ્વર સફળ કરો.

નટી—પ્રાણ, હવે આપણે ઉતાવળે નાટકની શરૂઆત કરો, નહિ તો નાહક પ્રેક્ષકવર્ગને કંટાળો ઉપજશે. જુઓ એમની મુખમુદ્રા સામું. એ કેવા ઉત્કંઠ થઇ રહ્યા છે ? ચાલો.

સૂત્રધાર—જઇએ; પણ તું તારા મધુર કંઠથી એક ગાયન ગાઇ પ્રેક્ષકોને રંજન તો કર.

નટી—જેવી આજ્ઞા, પણ શો વિષય ગાયનમાં લઉં ?

સૂત્રધાર—આ ચાલતી સર્વે ઉપભોગ લેવા લાયક વસંતરૂતુથી અન્ય બીજો, કયો વિષય ઉત્તમ છે ?

નટી—જેવી આજ્ઞા,

રાગ. માઢ.

(પ્રીતિના પંથનો ગ્રન્થ ગુંથેલો—એ રાહ.)

વસંતે વેલાઓ ખીલી નવેલીઓ, અહા શી શોભે બ્હાર ?
જ્યાં જોઇએ ત્યાં જામી રહ્યો છે, અનંગનો અધિકાર. વસંતે.
પચરંગી પલ્લવ રૂપ વાઘા, વૃક્ષે સજ્યા મનોહાર,
પ્રેમીતણા કોરે કાળજાં કોકિલ, તિવ્ર કરી ટઉકાર. વસંતે.
લ્હેકે કળી કળી ઉપર ભ્રમર, મ્હેંકે સુગંધી અપાર,
નાંખતા નિસાસા વ્યાકુળ ચિત્તે, વિરહી જે નરનાર. વસંતે.
જોગી જન ભોગી સહુ, ભ્રમાઇ બનિયા ભ્રષ્ટ,
રામ તજી રામા રટે, કામ બાણને કષ્ટ.
આરોપે સંયોગિણી કંથને, કામ કુસુમની માળ— વસંતે.

નેપથ્યમાંથી-મિત્ર રસરાજ ! જ્યાંસુધી તમે એ રસ ચાખ્યો નથી ત્યાંસુધી એમાં શી મઝા છે; તે તમે શું જાણો ?

સૂત્રધાર-પ્રિયા સાંભળ્યું કે ?

નટી—નાથ, એ કોણ બોલ્યું ?

સૂત્રધાર—એ કવિ રસરાજનો વિષય લંપટ મિત્ર મૂળરાજ, બીચારા બ્રહ્મચર્ય વ્રત પાળનાર રસરાજને વિષયરસના મઝા સમજાવે છે. અને એ રસ ચાખવા ઉપદેશ કરે છે.

નટી—ત્યારે તો કહોને કે નાટકનો પ્રારંભ થયો ?

સૂત્રધાર—હા તેમજ છે.

નટી—ત્યારે ચાલો આપણે પણ ઉતાવળે જઇએ.

સૂત્રધાર—ચાલ થા આગળ.

નટી—ચાલો. (જાય છે અને પડદો ઉપડે છે.)

અંક પહેલો.

પ્રવેશ. ૧ લો.

સ્થળ—મૂળરાજની દુકાન.

મૂળરાજ—મિત્ર રસરાજ ! જ્યાંસુધી તમે એ રસ ચાખ્યો નથી ત્યાંસુધી એમાં શી મઝા છે; તે તમે શું જાણો ? જો મઝા જાણવી હોય તો ચાલો એક વખત મ્હારી સાથે. અને ચાખી જુઓ એ રસ, એટલે તમને તેની ખરી ખૂબી સમજાશે.

રસરાજ—મને એ રસ ચાખવાની બીલકુલ અભિલાષજ નથી. મને તે તરફ ઘણોજ તિરસ્કાર છે. વળી મે શાસ્ત્રમાં પણ વાંચ્યુ છે કે—એ રસ ચાખનાર વ્યભિચારી પુરૂષ રૌરવ નર્કનો અધિકારી થાય છે.

ગુલાબરાય–(હસીને.) અરે, એ વાતનો તો બધી "પોથી માયલાં રીંગણાં" જેવી છે. શાસ્ત્રને આજ માને છે કોણુ કાકો ? એતો એ બધાં હરામખોર બ્રાહ્મણોએ પેટ ભરવાને બ્હાને ગપ્પાં માર્યાં છે. કદાચ એ વાત સાચી હોય તો તમેજ કહોને કે—જો ભગવાને એ રસ ચાખવાની મના કરી છે, તો ભગવાને સ્ત્રી અને પુરૂષ બનાવ્યા છે; એ શા માટે ?

રસરાજ—એ કૃપાળુ પરમેશ્વરે જે નિયમ બાંધ્યા છે તે ઘણા ગંભીર અને વિચારીનેજ બાંધ્યા છે. તેના નિયમમાં ભૂલ કહાડવાને કોઈ શકિતવંત નથી. તેણે સ્ત્રી અને પુરૂષ બનાવ્યા છે એ સંસાર ચલાવવા માટેજ, પણ તે પોતાની શાસ્ત્રવિધિ પ્રમાણે પાણિગ્રહણ કરેલી સ્ત્રી સાથે. નહિ કે પરસ્ત્રીથી. પરસ્ત્રી ભોગવવાનું તો તેણે અઘોર પાપ ઠરાવ્યું છે.

શુકરાય—અરે ! પરની અને પોતાની: એ બે એકજ છે ના ! એમાં તે વળી પાપ શાનું અને પૂન્ય શાનું ? અને કોણ જોઇ આવ્યું છે કે—પૂન્ય કરવાથી સ્વર્ગ મળે છે, અને પાપ કરવાથી નર્ક મળે છે ? આપણો મત તો એવો છે કે—જગતમાં મોજ મજા કરી તેજ ખરી છે.

મૃગરાજ—બરાબર છે દોસ્ત તમારૂં કહેવું. મોજમજા કરી તેજ ખરી છે, મરી જવું છે; શું સાથે લઇ જવું છે ? પાપ અને પૂન્ય એ બધું અહીંયાંજ છે, ખાધું તે પૂન્ય, અને ન ખાધું તે પાપ.

રસરાજ—અરે ! તમે આ શું બકો છો ? શું દુનિયામાં પાપ પૂન્ય છેજ નહીં ?

જીવરાજ—જરા પણ નહીં.

રસરાજ—ત્યારે ભલા એક માણસ રાજા થઇ રાજ ચલાવે છે અને એક માણસ રાંક ભીખારી થઇ ભીખ માગે છે. તેમ થવાનું શું કારણ ? કેમ બધાં એક સરખાંજ થતાં નથી ?

ગુલાબરાય–એવી બધી ઉંડી ઉંડી કલ્પના કરવાનું અમારૂં કામ નથી. એમ તમારી પેઠે ઉંડા ઉતરવા જઇએ અને પહોચા ન શકીએ તો; ન રહી અહીંના કે ન રહી તહીંના; ઉલટા ક્યાંક લટકી રહીએ તો હેરાન થઇએ, માટે આપણે તો નક્કી કર્યું છે કે—જે મનની ઇચ્છા થાય તે કરવું, એમાં પાપ કે પૂન્ય કાંઇ પણ ન ગણવું. રસરાજ,

એ તમારા બધાં વિચાર રઝળી મરવાના છે. માટે તે છોડી દ્યો. અને અમારા કહેવા પ્રમાણે મજા લ્યો.

મૂળરાજ—એ ગુલાબરાય ! એમને તો ભગતરાજ થઈ વેમાનનો ડાંડિયો ઝાલવો છે. એટલે આપણું કહેવું કેમ માને ?

રસરાજ—તમારી વાત મને બીલકુલ ગમતી નથી. કંટાળો ઉપજાવે છે. માટે મહેરબાની કરી બંધ રાખો તો ઠીક–તમારી સાથે નાહક માથું ફોડવાથી શું ફાયદો ?

શુકરાય—ફાયદો તો ઘણોય થાય જો અમારા કહેવા પ્રમાણે ચાલો તો; જુઓની રસરાજ ! અમે તમને જે આટલો આગ્રહ કરીએ છીએ તે એટલા માટે કે તમે કવિછો એટલે તમારે તેનો અનુભવતો અવશ્ય કરવોજ જોઇએ; કેમકે જ્યાંસુધી કવિ લોક શ્રૃંગારનો જોઇએ તેવો અનુભવ કરતા નથી, ત્યાંસુધી તેની કાવ્યમાં ઘણી ફીકાશ રહે છે. જુઓને કાલીદાસ જેવા મોટા મોટા કવિઓએ પણ એ રસનો ઘણો સારો અનુભવ લીધો જણાય છે કેમકે જો તે એ રસનો અનુભવી ન હોત તો; તેનાથી મેઘદૂત જેવી રસિક કાવ્ય કદી લખી શકાત નહીં. કહો આ મ્હારૂં કહેવું ખરૂં છે કે ખોટું ? (સ્વગત) આ ઇસ્યુ કંઇક બંધ બેસશે ખરો.

જીવરાજ—હા એ વાત તો ખરી છે. રસરાજ કવિતા કરેછે પણ તેમાં જોઇએ તેવી રસિકતા આવતી નથી.

મૂળરાજ—રસિકતા તે શાની આવે. ? જ્યારે કુવામાં હોય ત્યારે હવાડામાં આવે ના ! કુવામાં રહેનાર દેડકો સમુદ્રનું વર્ણન કયાંથી કરી શકે ?

રસરાજ—(સ્વગત.) આ લોકોની વાત મ્હારી કાવ્ય સંબંધે વ્યાજબી છે. કવિઓને પ્રત્યેક અનુભવની જરૂર છે. પણ મ્હારાથી એ પગલું કેમ ભરાય ? આબરૂ જાય, વખતે ફજેતી થાય ત્યારે ? પણ ફજેતીથી ડરી ન કરૂં તો અનુભવ લેવાય નહીં. ત્યારે શું કરવું ? (વિચારી.) ગમે તે થાય પણ એક વખત અનુભવ તો કરવો જ કરવો.

શુકરાય—(મૂળરાજને ઇશારાથી પોતાના પાસે બોલાવી કાનમાં કહે છે.) મૂળરાજ ! એ હવે ડગી ગયો છે. નક્કી હવે તે આપણી પંક્તિમાં ભળશે. પણ આ વખતે જો પેલી હીરલ અહીં થઇ નીકળે તો આપણે વધારે મહેનત કરવી મટી જાય, કેમકે રસરાજ તેને જોઇ અવશ્ય મોહ પામશે. માટે કોઇ રીતે તે અહીં થઇ નીકળે તેવો ઉપાય થાય ?

મૂળરાજ—હા, હું પોતેજ જઈ તેને આ રસ્તે તેડી લાવું; પછી કેમ ?

શુકરાય—ઠીક ત્યારે જાઓ, વ્હેલા થાઓ.

મૂળરાજ—આ ચાલ્યો ત્યારે. (જાય છે.)

શુકરાય—કેમ રસરાજ ! શું વિચાર કરો છો ?

રસરાજ—દોસ્ત ! તમારૂં કહેવું મને ગમ્યું પણ—

શુકરાય—રસરાજ, શરમાઓછો શું કરવા ? અમારી શરમ તો તમારે રાખવી જ નહીં.

ગુલાબરાય-અમને તો તમારે પોતાના જ ગણવા. અમારી શરમ શી ?

રસરાજ—એમ ગણીને જ તમને કહું છું-કે. કદાચ હું તમારી સાથે સ્હેજ અનુભવ કરવા આવું-પણ મને ફજેતી થાય તેની બહુ બ્હીક રહે છે.

જીવરાજ—શું અમે તમારી ફજેતી કરીએ ? રસરાજ એ તમે શું બોલો છો ? શું અમે તમારા દુશ્મન છીએ કે એમ કરીએ!

રસરાજ—ના દુશ્મન તો નહિ પણ મને આ શહેરમાં ઘણાં મોટા મોટા માણસો ઓળખે છે અને જ્યારે એ લોકો આવે રસ્તે જતાં મને જુવે ત્યારે મ્હારી આબરૂ જાય; તેનો મને ઘણો ભય રહે છે.

શુકરાય—અરે યાર ! ભય બયને નાંખી દેને પાછળ. વળી કરવું તો ડરવું શા વાસ્તે ? આપણે થોડુંજ કોઇને ત્યાં ખાતર પાડવા જવું છે કે-ભય રાખીએ.

રસરાજ—ઠીક છે ત્યારે તમે કોઈ ઉત્તમ સ્થળ શોધી રાખજો; હું અવસ્ય આવીશ.

ગુલાબરાય-અરે ! એવું સ્થળ શોધશું કે-તમારૂં દીલ ખુશ ખુશ થઇ જશે. પછી કેમ ? (બાજુ શુકરાયને) યાર ! ઠીક પલાળી દીધો છે.
(તેટલામાં હીરલ ત્યાંથી નીકળે છે અને રસરાજ તેને જુવે છે).

રસરાજ—(સ્વગત) વાહ ! શી મનોહર મુખ કાન્તી છે ! ચાલવાની છટા પણ હસ્તિણીને લજાવે તેવીજ છે. (એકીટસે જોઇ રહે છે). આતે કોઈ દેવી છે કે ઇંદ્રની અપ્સરા છે ? કે નિર્મળ આકાશમાંથી નીકળતી કોઇ સુંદર તારાંગના છે ? કે મનહર મણીરૂપ માનુની છે ? પરણેલી છે કે કુમારિકા ? એ તમામનું સમાધાન થાય કે ન થાય પણ એને જોતાંજ મ્હારા દિલમાં કોઇ દિવસ પણ નહિ અનુભવેલ પ્રેમનો ઝરો વહેવા લાગ્યો છે; શું એ મનહરણી મને મળશે ? અરે ! પણ એતો ચાલી ગઇ-વહી ગઇ, હા ગઇ-ગઇ-મારૂં મનહરણ કરીને જતી રહી.

(ધારતું કરૂણા જગદંબે જયદે વરદે એ રાહ)

ચાલી ગઇ ચતુરા મૃગનયની ગજગમતી લટકે મટકે.
મુખથી ભણતી મદનમંત્ર, જાલીમ જાદુનો જંત્ર,
સુઘડ સુંદરીએ, મદમાતી નવજોબનવંતી કામની રતી–ચાલી૦
ભભૂતિ નાંખી ભુલવી ભાન, હરણ ચિત્ત કરી તમામ.
જતાં રહી જતી, હાં જતી રહી જતી.
ઉરમાં ભરી ગઇ, આજારી બહુ ભારી અજબ આકૃતિવતી ચા.

(રસ્તા તરફ જોઇ રહે છે)

(મૂળરાજ પાછળથી આવી).

મૂળરાજ–રસરાજ! એ તરફ તમે કોને જોઇ રહ્યા છો ?

રસરાજ—મિત્ર ! મને કહોકે હમણાજ અહીં થઇને ગઇ તે સુંદરી કોણ હતી ? અને તે કયાં રહે છે ?

ગુલાબરાય–શું તે સ્ત્રી આપને પસંદ છે કે શું ?

મૂળરાજ—એતો પેલી હોસ્સ ગણિકા હતી.

રસરાજ—(આશ્ચર્યતાથી) શું એ ગણિકા છે ? નહિ ! નહિ ! એ તદન જૂઠી વાત છે, એને ગણિકા કેમ કહી શકાય ? તમે મ્હારી મશ્કરી કરો છો.

મૂળરાજ—હું આપની મશ્કરી કરતો નથી પણ સાચુંજ કહું છું કે તે પેલાં કુટિલપરામાં રહેનાર હાસ્સ ગણિકા હતી.

રસરાજ—મ્હારા સમ ?

મૂળરાજ—તમારા સમ. શું તમારે તેને મળવું છે ?

રસરાજ—હા. હું તેની મુલાકાત લેવા ઇચ્છું છું ખરો. પણ એ કેમ અને કયારે બને?

શુકરાય—એનો ઉપાય હું બતાવું. જુઓ રસરાજ! તમે એક ફક્કડ છટાદાર અને પ્યાર ભરી ચીઠી લખી આપણા નોકર છોટાલાલ સાથે તેને ત્યાં મોકલાવો. તે તમારી ચીઠી વાંચશે કે તુરત ખુશ થઈ જશે અને તરત બોલાવવા માટે ચીઠી લખશે. એટલે તમે જજો.

રસરાજ—ઠીક છે; હું ચીઠી લખી રાખીશ અને રાત્રે છોટાલાલ સાથે મોકલાવીશ, લ્યો હવે હું જઇશ.

મૂળરાજ—ફરી કયારે મળશો ?

રસરાજ—રાત્રે આઠ વાગતા હું તમને મળીશ. પણ છોટાલાલને તમે કહી રાખજો.

શુકરાય—વારૂ ઠીક છે. (જાય છે)

મુળરાજ—કેમ દોસ્ત! કેવો મોહજાળમાં ઝીકી દીધો છે?

શુકરાય—મેં નહોતું જાણ્યું કે-રસરાજ ઠગશે, પણ માળું ઠગી ગયો ખરો.

ગુલાબ—અરે! મોટા મુનિ જેવા ઠગી જાય તો એ શા હીશાબમાં?

જીવરાજ—પણ આપણા ઝપાટામાં આવ્યોછે તે કોણ ચોખ્ખો રહ્યોછે એતો કહો?

મુળરાજ—કોઇ નહીં કોઇ, પણ ચાલો હવે વાળુ કરવા જઇએ.

ગુલાબ, શુકરાય—ઠીક છે ત્યારે અમે જઇએ છીએ; રાત્રે આવીશું,

જીવરાજ—વારૂ જાઓ; રાત્રે વ્હેલા આવજો.

(બધાં જાય છે.)

(પડદો ઉપડે છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળઃ—હીરલનું શયનભવન.

હીરલ— [પીયાસે સંદેશા મોરા કહિયોજા એ રાહ.]

મોહીની મધુરી હું છું મ્હોદાર
જાદુથી ભરેલ મ્હારી છબિ છટાદાર મોહીની૦
લાલલાલ હોઠ મ્હારા ગાલ ગુલાબી, બદન મ્હારાંની બહાર-મો.
વચનો રસીલાં મારાં નયનો રંગીલા, કંઇ નર બનાવું બીમાર-મો.
લચકાતી લંકે હું ચાલું ચટકતી, નરને ચલાવું નેન માર-મો.
મોટા મોટા પણ મુજપર મોહી, તેડાવે નિજ દરબાર-મો.
આગ્યા મળે છે દાસ મનેતો, પરવા ન કોʼની લગાર (ધરૂં)-મો.

આજ એક નવીન ખાજ મ્હારી મોહજાળમાં ઝુકી પડવા તલપી રહ્યું છે. અને મને મળવા માટે ~~ચીઠી~~ઓપર ચીઠીઓ મોકલાવે છે, પ્રેમ પણ પૂરો દરસાવે છે. હમણા એક છોકરા સાથે આ ચીઠી આવી છે. લાવ તેમાં શું લખે છે તેતો વાંચી જોઉં. (ચીઠી ઉખાળી વાંચે છે.)

સ્થળ-પ્રેમીનું પ્રેમી હૃદય.

રમણી રત્ન મનમોહના પ્રિય હીરલ!

જગતમાં જો કંઇ સુંદર, સારૂં અને પ્રીતિને પાત્ર હોય તો તે એક તુંજ છે. તુંજ મ્હારી આરાધ્ય દેવતા છું ત્હારાં મનહર

મુખડાંની મોહનીએ મને ઘેલો બનાવ્યો છે. હરતાં, ફરતાં, બેસતાં, ઉઠતાં, સૂતા અને સ્વપ્નામાં હું તનેજ જપું છું, તારાં નેન સેનમાંથી છુટેલાં મેનબાણે મારૂં હૃદય વીંધી નાંખ્યું છે. તેની મીઠી પણ અસહ્ય પીડા મ્હારાથી નથી સહન થતી. સુંદરી ! એ પ્રેમ ઘા રૂઝવવાની દવા, હું ત્હારી પાસે યાચું છું તે આપીશ ? અને આપીશ તો કયારે આપીશ ? તેજ હું આ પત્રિકાનો પ્રત્યુતર ઇચ્છું છું માટે મરછ રૂપ જવાબ આપી, મને સંતુષ્ટ કરીશ એવી સવિનય પ્રાર્થના છે. એજ કામ સેવા ચાહું છું.

લી. તારાં અધરામૃતનો જીજ્ઞાસુ

રસરાજ.

અરેવાહ ! નીચે એક કવિતા પણ લખી છે.

ગાયન.

(મારા પ્રાણનો છે તું પ્રાણ. એ—રાહ).

મહેબૂબ તું છે મ્હોરદાર, સલુણી હીરલ તું હુશિયાર.
ત્હારી છબિ ઘણી છટાદાર, રમી રહી મુજ અંતર મોઝાર.—મહેબૂબ
તું માલતી ભ્રમર હું જાણ, પ્યારી તું માલતી ભ્રમર હું જાણ;
પીવાને આતુર તુજ રસ પ્રાણ, લાગ્યું દિલ તુંથિ દિલદાર—મહેબૂબ
લઇ સર્વ રતનનો સાર, ઘડી છે વિધિયે તુજને નાર,
રતિથી અજબ તુજ આકાર, રસીલી લલના લ્હેજતદાર—મહેબૂબ
ચપળ ચક્ષુથી ચલાવી બાણ, કર્યા તે પરવશ મ્હારા પ્રાણ;
વળે નહિ અંતરમાં આરામ, વિના તું વિલકું અપરંપાર—મહેબુબ
ત્હારાં ગૌર ગુલાબી ગાલ, રૂપાળી હંસ સમાણી ચાલ,
ખંજનશી આંખલડી અણીયાળ, ગજબછે જાદુભરી મનોહાર—મહેબુ૦

દ્રુતવિલંબિતવૃત.

હિરલ તું નમણી રમણી અતી, અજબ છે ઉમદા તવ આકૃતિ
[1]રતિરમા ઉમયાજિતણી [2]રતી, તુછ ગણું તુજ આગળ એ [3]તતી
મન હરી અગલી નમળી ફરી, વિકળતા દિલમાં ગઈ તું ભરી,
રળવળું મળવા તુજને પરી, મિલન તારૂં થશે કદરે ઘડી ?

---

૧ રતિ=કામ દેવનીસ્ત્રી, ૨ રતી=કાંતિ, ૩ તતી=પંક્તિ, હાર.

વાહ ! લખવાની છટા ઘણીજ મનોહર છે. અક્ષર પણ સુંદર છે. વળી રસરાજ નામ પ્રમાણે, છે પણ રસિક; એટલે આપણો ખરો હેતુ સાધવાનો રંગ પણ ઠીક જામશે. ઠીક છે. આપણું એમા શું જવાનું છે? આપણે તો પુરેપુરો પ્યાર બતાવીશું, લટ્ટુ બનાવીશું, પૈસા પટાવીશું અને ખાલી થયો કે, તરત ધક્કો લગાવીશું. કેમ કલી ?

કલી—હા બરાબર છે. આપણ ગણિકાને તો જે પૈસા આપે તે ધણી, આપણે તો દામથી કામ જુઓને કહેવત પણ છે, કે " જો હોય દામ, તો લોંડી કરે સલામ."

હીરલ—એતો ખરૂં, પણ કલી ! બોલ હવે આ ચીઠીનો આપણે શો જવાબ લખીશું ?

કલી—એમાં તે બજ્યું મને શું પૂછતા હશો? આપ ક્યાં આપણી વિદ્યામાં ઓછા હુંશિયાર છો ? ચૌદ જાણનાર આગળ હું ચાર જાણનારનુ શું ગજું ? પણ એવું લખો કે, એ મૂર્ખરા—અરે ભૂલી; એ રસરાજ વાંચીને ફીદા ફીદા થઈ જાય, અને નાણાનું ખીસ્સું ભરી ચાલ્યો આવે. સમજ્યાકની ?

હીરલ—જો ત્યારે સાંભળ આપણે તેને મોહ જાળમાં ફસાવવા માટે, મેં આ પ્રમાણે ચીઠ્ઠિ લખી તૈયાર રાખી છે.

રાગ પીલુ

(લાવ સખી એને મન લલચાણું એ રાહ)

રસિક સલુણા શોખીન સ્હેલાણી,
પત્ર લખી મોટી કરી મહેરબાની— રસિક૦
મન મોહન તમે મનહરી લીધું,
લખીને છટા ભરી રસીલી વાણી— રસિક૦
બહુ આતુર છું મળવા તમને,
પીવા પરસ્પર પ્રેમનું પાણી— રસિક૦
આપ ચતુર છો કોક વિચિક્ષણ,
જેથી હું ગણિકાની કદર પીછાણી— રસિક૦
નિરમાલ આ મુજ પત્રિકા વાંચી,
પધારજો મમ મંદિર જાની— રસિક૦
કહાવ દિયો આવી દાસીને પ્યારા,
જામનીમાં જોબન અર્ધ પલાણી— રસિક૦

કલી–વાહરે વાહ! હીરલ લટકાળી, હદવાળી દીધી છે ને શું તેં તો. અરે, આટલું વાંચીને તો એ બીચારો રસરાજ પાણી પાણી થઇ જશે.

હીરલ–લે ત્યારે આ ચીઠી (આપે છે) જા પહોંચાડ વ્હેલી, અને બનેતો તેને સાથેજ તેડી લાવજે. જા વ્હેલી થા.

કલી–એમાં મને કંઈ શીખવવું પડશે નહીં. પણ આમાં કંઇ મારૂં!

હીરલ—તારૂં ! (વિચારી) હા હા જા, અદ્ધરથી ઉડાવ તે ત્હારૂં. એમાં શું.

કલી—ત્યારે આ ચાલી, લઇ આવું છું કાન ઝાલી. પછી કરજે ખાહાને ખાલી કે પાયમાલી, અને મરજી પડે તો ભભૂત ભૂસાવી કરજે હાલ બેહાલી હુંતો મારે આ—ચા—લી. (જાય છે)

(પડદો પડે છે).

પ્રવેશ ૩ જો.

સ્થળ—**રસરાજનું એકાન્ત ભવન.**

પાત્ર—રસરાજ, ડાહ્યાલાલ અને પાછળથી કલી.

ગાયન.

રસરાજ— (માની મુજ મનમાં એ મૃગનયની. એ. રાહ.)

ચોટી મુજ ચિત્તમાં એ ચિત્ત હરણી.
મદનાંકિત નવ જોબન મુગ્ધા– ચોટી૦
તાલાવેલી તનમાં મને લાગી,
પ્રેમ મદિરા ક્યારે પાશે પદમણી ? ચોટી૦
જોબન જંગમાં જામની જગવી,
લલિત લ્હેજત ક્યારે દેશે સુરમણી. ચોટી૦
સંયોગ એ સલુણીનો જો સીધે,
સફળ જનમ ગણું ધન્ય કરણી ! ચોટી૦

ડાહ્યાલાલ ! એ ચિત્ત ચોરટીની ચંચળતા, લાવણ્યતા અને મધુરતાના તૂલના કરીએ, એવી મેં મ્હારી જીંદગીમાં એક પણ સ્ત્રી જોઇ નથી. મ્હારૂં ચિત્ત એ કોમળાંગીમાં અનિવાર્ય ચોટયું છે. તે હવે પાછું વળવું કઠિણ છે. ગમે તેમ થાય, પણ એક વખત એ રસીલીની ભેટ લેવીજ લેવી.

ડાહ્યાલાલ-મિત્ર ઘેલા થયા ઘેલા. હંસ અને ગીધણીનો સંબંધ, કોઇ દિવસ સંભવે ખરો કે ?

રસરાજ—બસ બસ. એ નિર્મળ મોતીની ચરનારી હંસણીજ છે. એ બીજી સ્ત્રીઓથી કોઇપણ દરજ્જે ઉતરતી નથી. પણ ચડતી છે. એને તે મ્હારાથી ગીધણી કેમ કહી શકાય ?

ડાહ્યાલાલ-મને અત્યંત આશ્ચર્ય ઉપજે છે કે, તમો વિદ્વાન થઇ આજ કેમ ભાન ભૂલી ગયા છો ? એ મ્હારાથી નથી સમજી શકાતું.

રસરાજ—ખચિત, એ રમણીનાં મનહર મુખડાંની મોહનીએ મ્હારૂં ભાન ભુલાવી દીધું છે. તેની ચપળ ખંજન પક્ષિના જેવી આંખના, ખંજર જેવા, એકજ પલકારે મ્હારૂં કાળજું આરપાર વિંધી નાંખ્યુંછે. તે હવે એ સુંદરીની આલિંગન રૂપી દવા મળ્યા સિવાય રૂઝાવું મુશ્કેલ છે.

ડાહ્યાભાઇ-અરે સમજુ મિત્ર, તમે ભુલો છો. મ્હારા ધારવા પ્રમાણે એ કોણ છે, તે તમે જાણતા નથી. તેથીજ આમ બોલો છો.

રસરાજ—હું સારી રીતે જાણુંછું કે, એ એક જાહેર ગણિકા છે.

ડાહ્યાભાઇ-તો પછી મ્હારા વ્હાલાભાઈ, તમે વિદ્વાન, એટલુંજ નહિ પણ ઉચ્ચ વણિક્ પુત્ર થઈ, એક નીચમાં નીચ વેસ્યાની સંગે પ્યાર જોડશો એ તમારી કિર્તિ અને કુળને ઝાંખપ નહિ લગાડે !

રસરાજ—લગાડે યા ન લગાડે; તેનો મને કિંચિત પણ ખ્યાલ, હાલમાં થનાર નથી. કેમકે, પ્રેમ એ એક અલૌકિક વસ્તુ છે. તે પૂર્વના સંચિતવડેજ ઉદ્દ્ભવે છે. અને તે જ્યાં ઊદ્દ્ભવે છે ત્યાં, રૂપ, ગુણ, ધન, અને જાતભાત કંઇપણ જોતો નથી. તમે સારી રીતે જાણો છો કે મેં મ્હારી જીંદગીમાં આ પંથે કોઇ દીવસ પગલું ભર્યું નથી. અને આજ અચાનક મ્હારો પ્રેમ તેનાપર દોરાયો છે. તેમાં કંઈ કુદરતી કારણ હશેજ હશે. નહિતો આમ બનેજ કેમ ?

ડાહ્યાલાલ-મિત્ર, આજ તમે જે પગલું ભરો છો, તે ભવિષ્યમાં તમને પૂરે પૂરો પરિતાપ ઉપજાશે. કારણ કે, વેશ્યાઓ કોઇની થઈ નથી અને થવાની પણ નથી તમે તેને ગમે તેટલા પ્યારથી ચાહશો, પણ તે તમને ચહાનારી નથી. એટલુંજ નહિ પણ પોતાના જાતિ સ્વભાવ પ્રમાણે, તમને સૂતા વેચીબીજાની ભેટ લેશેજ લેશે. શાસ્ત્રમાં પણ કહયું છે કે **जाति स्वभाव न मुच्यते.**

રસરાજ—ડાહ્યાલાલ, તમે ડાહ્યા તેમજ વિદ્વાન છતાં " સોબતે અસર " એ વાક્યને કેમ ભૂલી જાઓ છો ? એ મ્હારી સોબત અને મ્હોબત-

થી સુધરશે એવી મને આશા છે. મ્હારા ધારવા પ્રમાણે તે થોડું ઘણું ભણેલી છે. એટલે હું તેને કેટલા એક સારાં સારાં નીતિનાં પુસ્તકો વંચાવીશ, સ્ત્રીનો ખરો ધર્મ શું છે, તે પણ તેને યત્ન કરી સમજાવીશ,–ઉપદેશ કરીશ, અને તેનેજ મોઢેથી કહેરાવીશ કે મ્હારો ધંધો ઘણોજ પાપથી ભરેલો છે. એટલે તોપછી તે પોતાનો ધંધો તજી દેશે કે નહી ?

ડાહ્યાલાલ–(સસ્મિત) તમારા એ બધાં વિચારો હવામાં ઘર બાંધવા જેવા છે કેમકે ગમે તેટલા યત્ન કરીએ, પણ કદી કાચ તે હિરો થાય ખરો કે ?

રસરાજ––કાચ તો હિરો ન જ થાય. પણ સત્સંગથી ઘણી વેશ્યાઓ શિયળ વ્રત પાળી અંતે સદ્દગતિને પામી છે.

ડાહ્યાલાલ–એવી એકાદિનું તો નામ આપો કે, મને જરા પ્રતિતિ તો થાય.

રસરાજ—એક તો પવિત્ર લિલાવતીની વૈરીણી અને સુમતિવિલાસની મન મોહના કામસેના, અને બીજી સ્થૂળીભદ્રની માનેતી ગણિકા કોસ્યા. તે બન્ને ગણિકાઓ શિયળવ્રત પાળી અંતે સદ્દગતિને પામી છે. એ વાત શાસ્ત્રમાં પ્રસિધ્ધ છે.

ડાહ્યાલાલ–ભાઇસાહેબ, એ વાત ખરી છે. પણ એ કાળ બીજો હતો ને હાલનો કાળ બીજો છે. માટે હું ફરી ફરીને કહું છું કે, જો તમે મ્હારૂં કહેવું નહિ માનો તો પાછળથી અત્યંત પસ્તાવો કરશો. માટે હજી સમજીને દોરાયેલું દિલ પાછું ખેંચી લ્યો, તો ઘણું સારૂં કહેવાય.

રસરાજ—મ્હારૂં દિલ હાલ મ્હારા કબજામાં નથી. એટલે નિરૂપાય છું.

ડાહ્યાલાલ–રસરાજ, રસરાજ, તમારા છેલ્લા આ વાક્યથી મને ઘણીજ દીલગીરી થાય છે. કે, તમે એક નામાંકિત વિદ્વાન થઈ, એક નીચમ નીચ, અને તૂચ્છમાં તૂચ્છ વેશ્યાના પ્રેમપાશમાં સપડાઈ ગયા. એ તમારી વિદ્વત્તાને તમે કલંક રૂપી ગળીનો કાળો ડાઘ લગાડયો છે. તે કાળાંતરે પણ ભુસાશે નહીં. અને અંતે યાદ રાખજો કે તે રંડા તમને કોઇક દિવસ મ્હોતના પંજામાં સપડાવી દેશે. તે પૈસાની સગી છે. પ્યારની નથી. માટે ચેતો, હજી ચેતાવું છું. હજી વખત છે, નહિતો ખુવાર થઇ જશો. દુનિયા તમારા નામને ધિક્કારશે. શા માટે ઇશ્વરે આપેલી વિદ્વત્તાનો ગેરઉપયોગ કરો છો ? ભલા ભાઈ ! આ ગરીબ મિત્રનું કહેવું માનો, અને લીધેલી હઠ છોડી દો કેમકે—

ગજલ.

(મને દિલ્હી બોલાવીને દગો દીધો. એ—રાહ)

કપટ મુર્તિ કામણ ગારી, પૂરી નારી બૂરી નારી,
ઉપરથી રીત દાખે રૂડી, કુટિલ મનમાં કેવળ કૂડી,
હરે નખરેથી મન મૂડી, પૂરી નારી બૂરી નારી— કપટ૦
રમાડી એક રાખે રાજી, ખેલે બીજાથી પ્રીત બાજી,
ત્રિજાને પ્રિત બતાવે તાજી, પૂરી નારી બૂરી નારી— કપટ૦
ફસાવી યારને ફંદે, લીયે બાંધી પ્રીતિ બંધે,
કરે ખુવાર ફુછંદે, પૂરી નારી બૂરી નારી— કપટ૦
મુખે બોલી મીઠ્ઠિ વાણી, લીયે તન ધનને તાણી;
કરે પુરૂષને પાણી, પૂરી નારી બૂરી નારી— કપટ૦
અમ્રત મુખમાં દિસે ચારૂ, હૃદય ભર્યું ઝેરથી સારૂ,
પુરૂષના પ્રાણ હરનારૂં, પૂરી નારી બૂરી નારી— કપટ૦
દિને દોરી દેખી ડરતી, રાતે અબ્ધી તરી વળતી,
નહિ ડર કોઇનો ધરતી, પૂરી નારી બૂરી નારી— કપટ૦

રસરાજ—એ બધુંય હું સારી રીતે જાણું છું. પરંતુ તેમાંનું હાલમાં મ્હારાથી કંઇ બની શકે તેમ નથી. કેમકે, મ્હારે એ વાત સ્વાનુભવથી સિદ્ધ કરવી છે. માટે જો તમે તમારા મિત્રનું ભલું ઇચ્છતા હો, તો આ કામમાં આડા નહિ આવતાં ઉલટું મને ઉત્તેજન આપો. અર્થાત એ સુંદરીનો મેળાપ જેમ ઝટ થાય તેમ કરો.

ડાહ્યાલાલ–તમારા આ દુરાગ્રહ આગળ નિરૂપાય છું. ખેર ! ત્યારે કરી જૂઓ અનુભવ કે, તેનું શું પરિણામ આવે છે ? બોલો, મને શી આજ્ઞા છે ?

રસરાજ—મેં પેલા છોટાલાલ નામના છોકરાને ચોથીવાર ચીઠ્ઠિ લઈ મોકલેલ છે. પણ હજીસુધી કંઇ સમાચાર આવ્યા નહિ. એ શું ?

ડાહ્યાલાલ–લ્યો, આ સમાચાર અને તેડું બન્ને સાથેજ આવ્યું.

(કલીને બતાવે છે.)

રસરાજ—છોટાલાલ ! એ કોણ છે ?

છોટાલાલ—સાહેબ ! એ હીરલની દાસી છે, અને એનું નામ કલી છે.

રસરાજ—એમ ? આવ કલી બેસ. (કલી રસરાજનાં ઓવારણા લે છે.) કલી, બોલ ત્હારી બાઇએ શા સમાચાર કહ્યાં છે !

કલી—સમાચાર ખુશીના, બીજા તે શા હોય? આપની ચીઠી વાંચી મ્હારી બાઇને ઘણોજ પ્રેમ ઉપજ્યો છે. અને આપને મળવા માટે ઘણીજ તલસી રહી છે. લ્યો આ ચીઠી. એ નિરાંતે પછી વાંચજો, પણ હમણા તો ઝટ ચાલો.

રસરાજ—ક્યાં?

કલી—ક્યાં શું ત્યાં.

રસરાજ—ના, હું ત્યાં હાલ નહિ આવી શકું.

કલી—એમ કેમ ભલા, ત્યાં નહિ આવી શકું. તેનું કંઇ કારણ?

રસરાજ—કલી, આ હું જે પગલું ભરું છું, તે મ્હારી જીંદગીમાં પહેલુંજ છે, અને મને દુનાયાની ઘણી શરમ છે, માટેજ.

કલી—ત્યારે તમે ક્યાં મળવું ધાર્યું છે?

રસરાજ—અહીં પડોસમાંજ મ્હારા મિત્રની હવેલી છે. ત્યાં આજ રાત્રે હું ત્હારી બાઇને બોલાવવા માટે માણસ મોકલીશ. તેની સાથે એ ત્યાં આવે એવી તું ગોઠવણ કરજે.

કલી—જોકે, એમ એ કોઇને ત્યાં પોતાનું મકાન છોડી જતી નથી. તો પણ આપના માન ખાતર હું તેને સમજાવી, જરૂર રાત્રે આપના માણસ સાથે મોકલીશ. પછી તો ખુશીના?

રસરાજ—કલી, હું તને ખુશ કરીશ, મને બીજાના જેવો બેકદર ન જાણતી?

કલી—અરે વાહ! એમતે કંઈ હોય? આપતો ઉદાર અને કદરદાન છો. સાહેબ, મને તો આપે આપનીજ જાણવી, પણ જુઓ, હું કહું તેટલાંજ પગલાં ભરજો. કેમકે, અમારી ગતિને તો અમેજ જાણીએ.

ડાહ્યાલાલ—કલી. તું ઘણી હુંશીયાર છો, એટલે અમને કંઇ હરકત નથી.

રસરાજ—લે કલી, આ પાંચ રૂપીયા હું તને ઈનામના આપું છું.

કલી—(રૂપીયા લઇને) વાહ! કદરદાન શેઠ વાહ! આ લોંડીને હવે સદાને માટે આપનીજ સમજવી. (યાદ લાવ્યા જેવું કરી.) અરે હા. ઠીક યાદ આવ્યું. મ્હારી બાઇએ એક સરસ સાડી મંગાવી છે તે?

રસરાજ—ઓહો! એમાં તે શી મોટી વાત છે? સાડી એકના સાટે બે. પછી તો ખુશીના? ડાહ્યાલાલ! તમે હમણાજ બજારમાં જાઓ, અને કોઇ ઉત્તમ પ્રકારની સાડી ખરીદ કરી તેને ત્યાં મોકલાવો. જાઓ ઉતાવળા.

ડાહ્યાલાલ—આ ચાલ્યો, હમણાજ ખરીદ કરી છોટાલાલ સાથે પહોંચડાવું છું. છોટાલાલ, ચાલ મ્હારી સાથે. (બન્ને જાય છે.)

કલી—કેમ સાહેબ, હવે મને છે રજા ?

રસરાજ—ખુશીથી જા. પણ રાત્રિની ગોઠવણમાં રહેજે હો ?

કલી—ચિંતા નહિ. રાત્રે જરૂર મોકલીશ. (જાય છે.)

રસરાજ—લાવ, હવે એ મન મોહનાની આવેલી ચીઠ્ઠિ, નીરાંતે વાંચી તો જોઊં. (ચીઠ્ઠી ઉખાળાને.)

મ્હારા વ્હાલા રસરાજ !

આપ કવિ હોઈ રસજ્ઞ છો, એટલે જેવું આપને લખતાં અને રસપુરતાં આવડે, તેવું મનેતો નજ આવડે. પરંતુ હું મ્હારા જ્ઞાન પ્રમાણે આ નિમાલ્ય પત્રિકા લખું છું, તે જો કે, આપને તો હાસ્ય જ ઉપજાવશે. પણ હું તો મ્હારા પ્રેમોદ્દગાર—પ્રેમના ઉભરા ઠલવું છું.

આપની રસિક, પ્રેમદર્શક પત્રિકાઓએ મને પ્રેમ ઘેલી બનાવી છે. અર્થાત્ આપ જેટલા મને મળવાને આતુર છો, તેટલીજ બલકે તેથી વધારે, હું આપને મળવાને તલસી રહીછું. માટે આ પત્રિકા લઈ આવેલ મ્હારી દાસી સાથે પધારી, મ્હારૂ ઘર પાવન કરશો એવી અંતઃકરણે આશા રાખું છું. વધારે શું લખું ? પણ આપ જેવા રસિક પુરૂષનો પ્રેમ પામતા, હું મ્હારાં અહોભાગ્ય માનું છું.

આપ જે પ્રેમવ્યા રૂઝાવવાની દવા માગો છો, તે હું આપવાને તન અને મનથી તૈયાર છું. પણ એ વસ્તુ એવી છે કે, તે મુલાકાત વગર આપી શકાતી નથી. એજ લી. આપની ચરણરજ દાસી.

હીરલ.

રસરાજ—(પત્રને ચુમી) અરે વાહ ! તેં તો પ્રેમની અવધીજ કરી છે ને શું ? સુંદરી, ધીરજ ધર. આજ રાત્રેજ હું તારૂં શાંત્વન કરીશ.

(રસીક રમા રૂપ સમૂહ દેહમાં એ રાહ.)

ધીરજ ધાર મન હરણ મોહની, કરીશ શાન્ત ધરી સ્નેહ,
ભીંજાવીશ રંગ રમાડી દેહ, વ્યાધિ તુજ વામીશ નિઃસંદેહ. ધીર.
એકાંન્તે એ જોબન મદ મતવાલી,
આ બાથે લઇ તુજને સુંદરી વ્હાલી,
આ હાથે ભરી ભરી પ્રેમ રસ પ્યાલી;
આનંદે હું પૈશ તને રહીઆળી.
કામ કમળમાં હું પછી, ભ્રમર કરીશ ગુંજાર,
સ્વછંદથી લૂંટીશ સુરસને, તૃપ્ત થતાં લગી નાર. મોહની.

(જાય છે પડદો ઉપડે છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ દારૂનું પીઠું.

શરાબીઓ— (ઊગ્રેજીરાહ.)

ભરકે પીલાદે શરાબ યાર શાકીયા,
થોડીસી ઓર હયે સિસેમેં બાકીયા ભરકે.
શરાબ પીના શઓખસે, યે શઓખકા સામાન હયે,
શરાબ જો પીતા નહીં વો, આદમી હયવાન હયે.–ભરકે.
લહેજત લીયો પીયો પાયો, ભર ભર પીયાલા સબકેસબ,
મસ્ત હોકર માશુકોસે, રંગ જમાઓ મિલકેઅબ.–ભરકે.

કાલેખાં—(લડથડીયા ખાતો ખાતો.) અહા ! અહા ! કયા ઉમદા યહ શરાબ હયે ? ભરા હયે શરબશર લહેજતસે આબ યે.

હબીબખાં—અયે યારો, કયા બાત કીજીએ શરાબકી ? વો પીનેસે મીલતી હયે સાહેબી નવાબકી.

હુસેનખાં—કયા બાત ! કયા બાત ! શરાબકી ? કરતે હો તઆરીફ યે. કુરાને કીતાબકી.

કાલેખાં—હાં, હાં, લીખા હયે વો પુરાને કુરાને કીતાબમયે, કે બહોત ગુન અઓર ફાયદા રહા હયે શરાબમયેં.

હુસેનખાં—સચ હયે. શરાબસે બહડકર ન આલમમેં અઓર ચીજ હયે, બનાઇ હયે ખુદાને શઓખીનોકે વાસ્તે હરગીજ યે.

હબીબખાં—(લથડતા લથડતાં.) ખૂબ કહી, યાર ખૂબ કહી. ઇસિ સંસારમેં યહ શરાબ સુખકા સાજ હયે, ભુલાતા હયે ગમકો, અઓર રખતા હયે ખુશ મીજાજમયે.

હુસેનખાં—લઆજીમ હયે કહેના તુમ્હારા, મગર સુનો એક શએર હમારા જબ ચલાતાહું સાંચા, પીકર શરાબ મયે. તબ મઆલુમ હોતા હયે મુંજે, ફીરતા હું ચમન બાગમયે.

કાલેખાં—મયેભી ચલાતા હું સાંચા પીકર શરાબ આનમેં, મઆલુમ હોતા હયે હમેં, પહોંચાહું પરસ્તાનમયે.

હુસેનખાં—જબ લાઓ લાઓ મીયાં, ભર ભર પીયાલા પીલાઓ. એકદો, દો દો. પાંચ દો, પચીસ દો, સો દો, દોસો દો, હજાર દો, દોહજાર દો, જીતના જી ચાહે ઇતિના દો, મગર પી જાઉં મયે. દીલકો બહેલાઉ મયે. (બોલતા બોલતાં પડી જાય છે.)

કાલેખાં—અયે, ઇતિના પીનેમેં કયા બડી બાત હયે ? ગર મુજકો દો, પી જાઉ મયે પીપકે પીપ શરાબકે. તોભી ન ગભરાઉ મયે.

હબીબખાં—બસ બસ, અબ રહેને દો, હો ગયા સભી શરાબ ખલાસ, ચલો અબ જાએં સબ સબકી માશુકોકે પાસ.

કાલેખાં—હાં, ચલો જાવેં, આરામ પાવેં. મગર હુસેનખાં, અપની કઓન માશુક હયેં, વો તો બતાઓ ભલા ?

હુસેનખાં—તઓબો. તઓબા. કયા અભીતક તુમ નહીં જાનતે, મેરી માશુક જાનકો ?

કાલેખાં—જભી તો પૂચતે હયે પએચાનનેકો.

હુસેનખાં—પતો, જો કુટિલપરે કે નાકેપર ગુલબદન હીરલજાન રહેતી હયે, વોહી મેરી માશુક જાન હયે.

હબીબખાં—વાહ ! યાર વાહ ! જબતો અચ્છા શિકાર પાએંહો.

હુસેનખાં—અરે વો તો મુઝપર જાંનિસાર કરતી હયે, મેરી શાનકી આનબાનપર મરતી હયે. અઓર મુઝપર કભી ખફા, બેવફા ન હોતી હયેં, મેરી ઘટકા ભરકી જૂદાઇસે રોતી હયે, ખૂબ મહોબ્બત રખતી હયે.

કાલેખાં—અયે દોસ્ત, ઉસ રંડીકો મયે ખૂબ પએચાનતા હું, ઉસ્કી સબ ગુફ્તગુ જાનતા હું. મયેભી એક દીન ઉસ હીરલપર બહોત મહોબ્બત રખતાથા, જાંનિસાર કરતાથા, મગર ઈસીને મુઝકો ગલીકા અયસા આજાર લગાયા હયે, કે વો અભીતક ન રૂઝાને પાયા હયે. અઓર સચ્ચ પૂછો વો તો પૈસેકી મહોબ્બત રખતી હયે. જહાંતક પેસા મીલતા હયે, તહાંતક પ્યાર દીખાતી હયે, સીનેસે મીલાતી હયે. મગર જો પેસા નહીં મીલા, તો અયસા ધક્કા લગાતી હયે, કે મુંહમે ધૂલ ભરજાતી હયે. બડી બદકિરદાર દીલકી કસાઈ હયે, મયેને ઉસ્કો બહોત આજમાઈ હયે. વાસ્તે યાર, જો અપના ભલા ચાહો તો ઉસ્કો છોડદો, મહોબ્બત તોડદો. નહિતો યાદ રખો, જાન માલસે ખ્વાર હોજાઓગે, જાનસે મારે જાઓગે.

હુસેનખાં—(ગુસ્સાથી.) ચલ ચલ નાબકાર, યહ સબ ઝૂટી ગલત બાત હયે. મયે કભી ન માનું. વો મેરી જાનોજીગર હીરલ, દીલકી દીલાવર, મહોબ્બતકી મૂરતી હયે. તેરે જયસે ખવાસોપર તો વો થૂકતી હયે. ફીર પ્યાર તો કયસે કરેગી ?

હબીબખાં–(ઉસ્કેરણીથી) વાહ ! વાહ ! ખૂબ કહી, ખૂબ કહી.

કાલેખાં—અયે મીયા, મું સમાલકે બોલો, ગરરકી બાતાં રહેનેદો. આગે દીખાંઊંગા કે તુમ્હારી કયસી ખ્વારી હોતી હયે વો.

હુસેનખાં—અચ્છા અચ્છા જાઓ, રાસ્તા કાટો. તુ કયા બતાએગા મુઝે ?

કાલેખાં—તુમ્હારે જાનોમાલકી ખુવારી, ઓર કયા ?

હુસેનખાં—કયા તુ ખુવારી કરેગા. ભડવા. (તેને મારવા દોડે છે.)

કાલેખાં—મું સમાલો મીયાં, નહીં તો જાનસે જાઓગે.

હુસેનખાં—યું ? લે જબ (માથામાં લાકડી મારે છે.)

કાલેખાં—(ક્રોધથી) એ કમજાત, લે તબ. (માથામાં લડ મારે છે. બથોબથ આવે છે.)

હબીબખાં–(વચમાં પડી) અરે રહેનેદો, રહેનેદો યાર, નાહક કાહેકો લડમરતે હો ? ઝગડ મરતેહો? (જુદા પાડે છે. અને કાલેખાંને હાથ ઝાલી તેડી જાય છે.)

હુસેનખાં—(જતાં જતાં.) આના, આના, કોઈ દીન મેરે ઝપાટે મયે. જાનસે મારૂંગા. યાદ રખ્ખ બચ્ચા (જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—મગનલાલનો હવેલી.

રાગ ભૈરવી તાલ દાદરો.

રસરાજ— (રેહો વિદેશી પ્યારા એ—રાહ)

રે હો રસિલી સંગે, રમીશ રંગ આજ પુર ઉમંગે રે
ચાંપી ચૂમીને અધર ગુલ્લાલા,
પીશ ફરી ફરી પ્રેમ રસ પ્યાલા,
પ્યારીના આ પહેલા પ્રસંગેરે—હો૦
મદન મસ્ત થઈ અલમસ્ત એકતાને,
રગડીશ રંગ રાગમાં એ રમાને;
પધરાવી પ્યારથી પલંગેરે—હો૦
પ્રેમ વેદ કેરો સરવ ભેદ ભણાવી,
એ મૃગલીને હું લઇશ મિલાવી;
રાખીશ કરી પોતાની, સંગેરે—હો૦

(ખીસ્સામાંથી ઘડીયાળ કહાડી, જોઇને,) નવ તો વાગી ગયા. પણુ હજુ કોઈ આવ્યું નહીં. છોટાલાલને ગયા પણ ઘણો વખત થયો. કોણ જાણે કેમ વાર લાગી હશે? (છોટાલાલ આવે છે. તેને.) કેમ છોટાલાલ, સ્વારી આવી પહોંચી કે?

છોટાલાલ–સાહેબ, જરા ધીરા થાઓ ધીરા. એમ ઉતાવળે આંબા પાકે નહિ તો. હમણા આવે છે.

મગનલાલ–પણ છોટાલાલ, તને તેણે શું કહ્યું? તેતો કહે.

છોટાલાલ–મને તો એણે એમ કહ્યું કે, હું તમારી પાછળજ આવું છું. મેં ઘર જોયું છે.

રસરાજ—ત્યારે તો સ્વારી હમણાજ આવશે કેમ?

છોટાલાલ–જી હા.

રસરાજ—નક્કી?

છોટાલાલ–નક્કી, પક્કી ખાત્રીથી કહું છું. (હીરલના પગના અંગુઠીયાનો અવાજ આવતા.) લ્યો, આ આવી પહોંચી સ્વારી. (હીરલ મુખ મરકાવતી આવે છે.)

રસરાજ—(સલજ્જ જોઇને.) મગનલાલ, એ ખુરસીપર એમને બેસવા દે.

હીરલ—નહીંજી, હું આપની જોડેજ બેસીશ. મને ખુરસી નહીં ફાવે.

રસરાજ—ઘણીજ ખુશીથી આ ડાબું અંગ તમારે માટેજ નિર્માણ થયું છે, આવો બેસો. (હીરલ રસરાજને ખભે હાથ મૂકી બેસે છે.)

હીરલ—(હીરલ, રસરાજ સામું એકી ટસે જોઇને.) અવિનય ક્ષમા કરશો કેમકે, હાલ હું વધારે વખત રોકાઈ શકું નહીં.

રસરાજ—તેનું કારણ?

હીરલ—કારણ બારણ કંઇ નહીં, અમે છીએ ચારણ.

રસરાજ—એટલે?

હીરલ—એટલે એજ કે, આજ મ્હારી બ્હેન અને કલી વગેરે, ગરબી જોવા જવા માટે તૈયાર થઇ ઉભાં છે. અને હું તેમને કહી આવી છું કે, હું હમણાજ આવું છું. તેથીજ.

રસરાજ—(આશ્ચર્ય પામી કંઈ નહિ બોલતાં હીરલને જોઈ રહે છે.)

હીરલ—મૌન્ય કેમ ધારણ કર્યું છે? ચીઠીઓમાં તો બહુ ચતુરતા દરસાવી છે. અને આ શું? આ વખતે કંઈ બોલતા નથી.

રસરાજ—પહેલીજ મુલાકાતમાં વિઘ્ન સાંભળી, મને વિચાર થાય છે કે, શુ દુનિયા જેને "દીલભર દીલ" કહે છે. એ ખોટી વાત હશે ?

હીરલ—આપ કવિછો એટલે આપને જેવું બોલતાં આવડે તેવું અમને ન આવડે. પણ મ્હારાથી એ ખોટી વાત છે, એમ કેમ કહી શકાય ?

રસરાજ—ત્યારે આશું કહેવાય ?

હીરલ—નહીં. હું આપને મ્હારા ખરા અંતરથી ચાહુંછું. પણ દીલગીરછુ કે—મ્હારાથી અત્યારે રોકાઇ નથી શકાતું.

રસરાજ—ત્યારે આમને આમ મ્હારે કયાંસુધી તરસાવું પડશે ? એનો કંઇ અંત ?

હીરલ—હાજી. હું આવતી કાલ દિવસના આપ કહેશો તે વખતે, કહેશો તે સ્થળે આવી મળીશ.

રસરાજ—એ ખરૂં. પણ મ્હારાથી દિવસેતો આ રસ્તો લઈ શકાય તેમ નથી.

હીરલ—એમ કેમ !

રસરાજ—મને હજી દુનિયાની મોટી શરમ છે. માટેજ.

હીરલ—ત્યારે રાત્રિએ મેહેરબાની કરી મહારા ઘેર પધારજો.

રસરાજ—(વિચારીને) ઘેર—તો અવાશે તો આવીશ. નહિતો હું બોલાવું ત્યાં તમારે આવવું પડશે ?

હીરલ—ખુશીથી, જ્યાં બોલાવશો ત્યાં આવીશ. આપની ખાતર ગમે તેવી તસ્દી હશે તોપણ હું લઇશ. કહો હવે કંઈ કહેવું છે. ?

રસરાજ—પેલી સાડી પસંદ પડી કે કેમ !

હીરલ—જી હા. સાડી ઘણી સરસ અને કિંમતી મોકલાવી છે,

રસરાજ—બીજું કંઇ જોતું હોયતો કહો. તે હું તરતજ મોકલાવી આપીશ. જૂદાઈ નહી ધારેશો.

હીરલ—નહીં જી. હું જૂદાઈ ધારતીજ નથી. પણ કશી ચીજની મને હાલ જરૂર નથી. જરૂર હશે ત્યારે ખુશીથી મંગાવીશ. પણ મહેરબાની કરી હવે મને રજા આપો તો હું જાઊં. કેમકે—મહારી બ્હેન નાહક મારાપર ગુસ્સે થશે.

રસરાજ—ભલે સીધારો ત્યારે.

હીરલ—(લાડથી) તમને મહારા સમ છે, જો સાચું ન કહોતો. હું જાઊં છું તેથી આપને ખોટું તો નથી લાગતુંને ?

રસરાજ—કદાચ લાગે તોપણ શું કામ આવે !

હીરલ—જુઓ એમ નહિ કરો. ખોટું ન લગાડો. મને ખુશીથી રજા આપો. હુ આવતી કાલ જરૂર મળીશ.

રસરાજ—મ્હારા સમ ?

હીરલ—તમારા સમ. જરૂર મળીશ.

રસરાજ—ભલે, ત્યારે જાઓ હું ખુશીથી રજા આપું છું

હીરલ—(ઉઠીને) ત્યારે હું જાઉં છું ?

રસરાજ—જાઓ, પણ કાલનો વાયદો ન જાય તે યાદ રાખજે. જોજે ભૂલી ન જતાં.

હીરલ—(જતાં-જતાં) અરે વાહ ! ભૂલીશ તે કેમ ? જરૂર મળીશ.

(જાય છે.)

રસરાજ—(હીરલ ગયા પછી) છોટાલાલ, આજની ધારેલી ધારણાતો અફળ ગઇ યાર.

છોટાલાલ—હાજી. થયુંતો એવુંજ

મગનલાલ—મેંતો જાણ્યું હતું કે, વાદળ ચડી આવ્યું છે તે વરસાદ થશે ખરો. પણ બાજી વીંખરાઇ ગયું, પાણીનુ એક બુંદ સરખુ પણ ન પડયું.

રસરાજ—હશે ખેર, આવતી કાલ વાત. હાલતો ચાલો આપણે પણ ગરબી જોવા જઇએ કેમકે, આજ નવરાત્રનો છેલ્લો દિવસ છે, વળી અત્યારમાં સૂઇ જશું તો નિદ્રા પણ નહીં આવે.

છોટાલાલ—ચાલો. સેવક આવવાને તઇયાર છે. કેમ મંગનલાલ તમે આવશોકે?

મગનલાલ—નહીજી. મ્હારાથી નહીં આવી શકાય કેમકે, સવારે વ્હેલું મ્હારે કામપર જવું છે. માટે હુંતો હમણાજ સૂઇ રહીશ.

રસરાજ—જેવી મરજી તમારી. ચાલો, છોટાલાલ આપણેતો જઇએ.

છોટાલાલ—ચાલો.

(જાય છે પડદો પડે છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ:—રસ્તો.

ગાયન.

(જયજય જગદીશ્વર સુખકર એ રાહ)

બધાં—આજ વખત જે ભગત થશે તે બહુ ભુખે મરશે,
બસ કપટ કુડ કરનારા જગમાં મોજ મજા કરશે,
મુળરાજ—નાજુક નાજુક નાજનીઓને જોબન રંગ રસે,
મસ બાથ ભીડી ન બથાવી તેનો, ફોકટ જન્મ જશે.
જીવરાજ—વાહ વાહ ! વાત બરાબર છે એ
શુકરાય—બંદા એજ કામ કરશે.
ગુલાબરાય—સુંદર દીલબર ગોરી ગભરૂ સંગ રંગ રમશે.
મુળરાજ—તો જન્મારો સફળ થશે
બધા—વાહ ! વાહ ! વાહ— આજ૦

મુળરાજ—કેમ ગુલાબરાય, જોયુની? પેલો રસરાજ સદ્ધની પુંછડી થઇ આપણને રોજ શિખામણ દેતો હતો, પણ બંદાએ એનેજ કેવો ફસાવી દીધોછે ?

ગુલાબ—હા યાર, એતો બસ હીરલપર લટુજ બની ગયો છે.

શુકરાય—પણ એ રાંડ હજી એને પત કરતી નથી તો.

જીવરાજ—એમતો એ રાંડ બડી મગરૂર છે, એમ સ્હેજ સાજમાં એ કોઇને પણ પત કરતી નથી, પરવા પણ ધરતી નથી.

ગુલાબ—જો કે ત્હારી, વાત ખરી છે. પણ રસરાજ કવિ ઉદાર તેમજ માલદાર છે. એટલે એનો પ્યાર એ કબુલ કરશેજ કરશે કેમકે, પઇસાની આખી દુનિયા તાબેદાર છે. વળી વેસ્યા તો પઇસાથીજ પ્યાર ધરનાર છે એટલે એતો રસરાજ પાસે ચીકાર છે.

મૂળરાજ—હા, ખરૂં છે ત્હારૂં કહેવું. મને આજ પેલો છોટાલાલ કહેતો હતો કે, આજ રાત્રિના નવ વાગતા તેણીએ રસરાજને પોતાને ત્યાં બોલાવેલ છે. અને રસરાજ પણ તેના ઘેર જવાને કબૂલ થયેલ છે.

શુકરાય—ત્યારે તો હવે બરાબર રંગ જામશે. પણ મૂળરાજ, એ રાંડ એકલી તેને લૂટે એતો ઠીક નહીં યાર. આપણે પણ કંઇ રસરાજ

પાસેથી પૈસા પડાવવા પેરવી કરવી જોઇએ. કેમકે, હમણા પંદર દિવસ થયાં ખીસ્સામાં સમખાવાને એક પાઈ પણ નથી.

ગુલાબ—આપણે પણ કડકા જ છીએ. પેલી જ્યાવેલી ત્રણ દિવસ થયાં એક સાડી મંગાવી છે, પણ કયાંથી લાવી આપ[illegible] ? પૈસા તો છે નહી.

રસરાજ—ત્યારે તો એ એકની પંચાત છે પણ મ્હારે તો ઘેલીના ઘેર ઘેર સાસરા છે. કોઈ કહે છે દાણા લાવી આપો, તો કોઈ કહે છે છાણા લાવી આપો. કોઈ કહે છે સાડી જોઇએ, તો કોઇ કહે છે મારે ગાડી જોઇએ. એ બધીને તે હું કયાંથી લાવી આપું ? કેમકે, આપણે પણ હમણા કડકા થઈ ગયા છીએ.

જીવરાજ—તું એમ કેમ બોલે છે? ત્હારી બ્હેનના હમણા ચાર હજાર રૂપીયા આવ્યા હતા એ બધા કયાં ગયા ?

શુકરાય—હા. એટલા બધા રૂપીયા કયાં ગયા ?

મૂળરાજ—અરે યાર, એટલા રૂપીયા તે શા હીસાબમાં ? એતો કયારનાય ફના થઇ ગયા.

ગુલાબ—ત્યારે ઝટ કરો રસરાજની ફસામણી. તો સો પચાશ રૂપીઆ ઠોરી લઇએ. જે આવશે તે સરખે ભાગે વ્હેંચી લેશું.

શુકરાય—અને એ રૂપીએ પાંચ દિવસ સૌ સૌની માશુકોથી મોજ ઉડાવીશું.

જીવરાજ—પણ તેને ફસાવવો શી રીતે. એ કંઇ ધાર્યું ?

મૂળરાજ—હા, એનો ઉપાય મેં પહેલેથીજ શોધી રાખ્યો છે. પણ એક ભાગ વધારે દેવો પડશે.

શુકરાય—ભાગ દેવો પડે તેમ હોય તો દેશું, પણ કામ તો ફત્તેહ થાય ખરૂં ના ?

મૂળરાજ—બેશક એકજ સપાટે.

ગુલાબ—ત્યારે ભસીમરને એવો તે, તેં કયો ઉપાય શોધી રાખ્યો છે?

મૂળરાજ—ઉપાય એજ કે-પેલા હુસેનખાંની હીરલ રખાત છે. એટલુ તો તમે બધાં જાણો છો ?

શુકરાય—હા, તે ?

મૂળરાજ—તે શું ? રસરાજ જ્યારે હીરલના ઘેર જાય ત્યારે પાછળ એ હુસેનખાંને મોકલીએ. એ મીયાંભાઇ જરા કડકીને રસરાજને દમ ભરાવશે. અને એક બે ઠોંસા લગાવશે કે તરતજ તે સો પચાશ

રૂપીઆ કહાડી નાંખશે. તે લઈ હુસેનખાં ચાલ્યો આવશે. એટલે વેચી લેશું. કહો ઉપાય બરાબર છે કે નહીં ?

ગુલાબ—શાબાશ છે દોસ્ત. અચ્છી અક્કલ દોડાવી તેંતો (વાંસો થાબડે છે.)

જીવરાજ—ચાલો ત્યારે હુસેનખાંને જઈ મળીએ. અને તેનો ઝટ ઘાટ ઘડીએ.

મળરાજ—થોભ જરા. એ કામ ઉતાવળનું નથી. વખતે કાચું કપાય તો ધાર્યું બધું ધૂળ મળી જાય. માટે હું કહું તેમ કરો. તમે બધાં સૌ સૌની માશુકોને લઈ નદીપર જાઓ. હું હુસેનખાંને લઇ ત્યાંજ આવું છું. ત્યાં લાવી તેને એક ~~બ્રાન્ડીની બાટલી~~ પાઈ દેશું અને ઉપર ખૂબ નાસ્તા પાણી કરાવીશું એટલે એ મીયાભાઈ ખુશ ખુશ થઈ જશે. પછી મીલાવી લેતાં તો કંઈ મહેનત પડવાની નથી.

જીવરાજ—પણ એ કાગડો કામઠાંને ધીરે તેવો નથી. માટે ખૂબ હુંશિયારીથી કામ લેજો. નહિ તો આગળ મીયાંભાઈ છે. હો!

મૂળરાજ—ફીકર નહીં ફીકર આ નંદના ફંદને ગોવિંદ પણ જાણી શકે નહીં તો પછી એ બીચારા મીયાંભાઇનું શું ગજું છે ?

ગુલાબ—ઠીક છે ત્યારે અમે તો જઈ છીએ ? તમે વ્હેલા આવજો. (જાયછે.)

મૂળરાજ—જાઓ. (બધાં ગયા પછી.) રસરાજ, રસરાજ ! તું પણ આ મૂળરાજના ઝપાટામાં ઠીક આવ્યો છું. બસ હવે તો—

ગાયન.

(યે મુરબ્બી યે મુરબ્બી એ–રાહ.)

લઉં મીલાવી દઉં ફસાવી કરી દઉં બેડો પારંપાર.
જાઉં જાઉં હામે જોઉં, કુડી જાળ બીછાવું.
પુરો પૈસો હું પડાવું. ત્યારે સાચો હુંશિયાર— લઉં.
મારૂં નામ મુળરાજ, તાલંબાજ દગાબાજ.
કર્યા કઇને મેં તારાજ, વેચાવીને ઘરબાર— લઉં.

(જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—હીરલનું શયનભવન.

હીરલ— [નેક ન નહીંતમાન સૈયાં મોરા એ રાહ.]

છબીલી હું છેલનાર, હીરલી છું.
મૃદુવેણી મૃગનેણી, છૂટી વેણી છટા ભરી,

છાતી જોબન મદનમાતી બદનની ઓર બ્હાર-છબીલી
ગૌર ગાલ મુજ ચાલ નિહાળી મોહે,
અલબેલા છકેલા નશે અપાર— છબીલી.
કામકળાતણી કેળવણી જાણું ઘણી,
પંકાઉ પુરમાં પૂરી હું નાર છબીલી.

વાણીઆની જાત ઘણી કંજૂસ અને સ્વાર્થી હોય છે. પણ એ ગુણ રસરાજમાં બીલકુલ નથી જણાતો. મેં એની પરિક્ષા માટે એ ચાર કિમ્મતી ચીજો મંગાવી, તો તે તેણે તરતજ મોકલાવી આપી. ખચિત, મ્હારા ઉપર એ ઘણોજ પ્રેમ રાખે છે.

હુસેનખાં—(દારૂના નિસામાં ચકચૂર બનેલો પ્રવેશે છે.) કયું ! દીલબર હીરલ, કયા કરતી હો મેરીજાન ? (દારૂની બોટલ બતાવી.) લે, લે, ગુલબદન, તેરે વાસ્તે મંયે યહ અચ્છા શરાબ લાયાહું. [હસેછે.]

હીરલ—(કંટાળાથી મનમાં) આ મુઓ, દારૂડીઓ વળી અત્યારે કયાંથી આવ્યો ? લાવ પીટયાને ઝટ સમજાવીને કહાડું, કદાચ એ હશે ને રસરાજ આવી ચડશે તો પૂરી પંચાત થશે. (પ્રકાશ) આવો આવો હુસેનખાં, બેસો. (પલંગપર બેસાડે છે.) આજ તો દારૂ ખૂબ ચડાવી આવ્યા છો ને શું ?

હુસેનખાં—હાં પ્યારી, દારૂસે બ્હોત મજા આતી હયે, મગર પ્યારી, લે લે. એક જામ તુ પી. મંયે પીલાતાહું. (પ્યાલી ભરીને પાવા જાયછે)

હીરલ—હુસેન, હું કોઈ દીવસ પીતી નથી એ તમે જાણો છો, છતાં આ શું કરો છો ? હું નહીં પીવું. (હાથ ઠેલે છે.)

હુસેનખાં—જબ કયા મેરા હાત પીછા હટાએગી ? •

હીરલ—નહીં, લાવો હું એ તમનેજ પાઉં એટલે તમારો હાથ પાછો ઠેલ્યો કહેવાશે નહીં. (તેના હાથમાંથી પ્યાલી લઈ તેને પાય છે.)

હુસેનખાં—વાહ પ્યારી વાહ ! કયા તેરે પ્યારકી બાત કીજીયેં ?

હીરલ—(મનમાં) હવે આ બલા જાય તો ઠીક (પ્રકાશ) હુસેન, હવે તમે તમારી ઓરડીપર જાઓ કેમકે, મ્હારે આજ મારી બ્હેનને ત્યાં સૂઈ રહેવા જવું છે.

હુસેનખાં—બહનકે ઘરૂં સોનેકી કયા જરૂરત હયે ?

હીરલ—આજે મ્હારી બ્હેનની તબીયત સારી નથી માટે

હુસેનખાં—અચ્છા જબ જાતા હું મગર એક બોસા દે દે દોસ્ત. (ચુંબન કરવા જાય છે તેને ઠેલી.)

હીરલ—જાઓ જાઓ હવે ! તમારી તો એ ટેવજ ગઇ નહીં.

હુસેનખાં—નહીં, મેરીજાન, એક બોસા લીયે બીન યહાંસે મયે કભી ન જાઉંગા. (પરાણે ચુમ્બન કરે છે.)

હીરલ—લ્યો જાઓ હવે, મને વાર થાય છે.

હુસેનખાં—જબ યે ચલા લે. (ઉઠીને) બસ અબતો ખુશી ?

(લડથડીયાં ખાતો જાય છે.)

હીરલ—હાશ માંડ બલા ગઇ છે. નહીતો બડી પંચાત થાત. (રસરાજને આવતો જોઈ સામે જઇને.)

(જપતી પ્રાતમની જપમાળ, એ રાહ.)

વ્હાલા જોતીતી તમવાટરે, લટકાળા લાલા,
અલબેલા છેલા મ્હારા યાર રૂપાળા,
આવો કંઠમાં આરોપું માળા— વ્હાલા.
ગુણિયલછો મુજને ગમ્યા, રસભોગી રસરાજ,
કાજ તમારે કોડિલા, સજ્યા અંગ સૌ સાજ.
તંગ થયેલું મ્હારૂં તનડું અનંગે,
લીથા આલિંગોને ઉરના ઉમંગે,
ચુમો ગાલને અધરોષ્ટ ગુલાલા— વ્હાલા.
મર્દન ઉન્નત સ્તન તણું, કરો સ્વછંદે કંથ,
વળિ જોબન અશ્વે ચડી, ખેલાવો ધરી ખંત.
રજની વિતાવો રંગે પ્હેલે પ્રસંગે,
પાઓ પ્રેમના ભરી ભરીને પ્યાલા— વ્હાલા.

રસરાજ—વ્હાલી, મ્હારા ઉપર ત્હારો આટલો બધો પ્રેમ જોઈ, હું પોતાને ભાગ્યશાળી સમજું છું.

હીરલ—(વક્રતાથી) અમે ગમે તેટલો પ્રેમ રાખી, તમારા ઉપરથી ઓળછોળ થઇ જઇએ કે મરીએ, પણ તેનું તમને કયાં લેખું છે ?

રસરાજ—મુગ્ધે ! શું તું મ્હારા ઉપર પ્રેમ રાખે છે, અને હું નથી રાખતો? કે આમ વક્ર બોલે છે ભલા.

હીરલ—હાસ્તો, શું કરવાને રાખો ? મ્હારા જેવી તો આપને ઘણીએ હશે.

રસરાજ—અરે ઘેલી ! આ રસરાજ, આ જીંદગીમાં ત્હારા સિવાય અને પોતાની ભવિષ્યમાં થનાર સ્ત્રી સિવાય, બીજી બધી સ્ત્રીઓને મા અને બ્હેન સમાન ગણે છે. કેમકે—

ગાયન.

(રાજ્ય લોભને શિરે ધિક્કાર છે. એ—રાહ.)

પ્રેમદા તું ઉપર પૂર્ણ પ્યાર છે, રસીલી મ્હારો. પ્રેમદા૦
લુબ્ધ રહે જેમ ભ્રમર કમળ માંહી,
તેમ લુબ્ધ તુંથી મન અપાર છે— રસીલી૦
પંચ પ્રાણ માહરા તુજ વશ પડયા છે,
જીંદગીની તું મુજ આધાર છે— રસીલી૦
પ્રેમ ગાંઠ છે કસી સજ્જડ છબીલી,
છોડી તે ન હવે છૂટનાર છે— રસીલી૦
માલીક તન મન ધનકેરી મ્હારા,
તું હવેથી ત્હારો અધિકાર છે. રસીલી૦
સંસારમાં તું સમાન કો'ન સ્નેહી,
હીરલ મ્હારી તું હૈયાની હાર છે— રસીલી૦
લે લે કોલ તને બોલ આ મ્હારો,
તરૂણી આ ત્હારો તાબેદાર છે— રસીલી૦

હીરલ—રસરાજ ! આ તમારો આપેલો કોલ અને બોલેલો બોલ હું ખાત્રીથી સાચો માનું છું, પણ તે આખર સુધી બરાબર પાળજો. જોજો, અણી વખતે વાણીયાભાઈ બની ન જતાં ?

રસરાજ—સુંદરી ! તું હજી મ્હારી ચાલ ચલગતથી અજાણી છો, માટેજ આમ બોલે છે. પણ આગળ ઉપર તને ખાત્રી થશે કે " આ રસરાજને પોતાના પ્રાણ કરતાં પણ પોતે આપેલો કોલ અને બોલેલો બોલ વધારે પ્રિય છે. "

હીરલ—પણ કદાચ આ બાબતમાં તમારા માબાપ કે, ભાઇઓ આડાં આવશે તો તમે શું કરશો ?

રસરાજ—જોકે, આડાં આવવાનો સંભવ નથી. તોપણ કદાપી તેમ થશે તો ત્હારો પ્રેમ મને તેમની મર્યાદા મૂકાવશે, અને હું મ્હારો ભાગ લઈ જૂદો થઇશ, તેમજ તેમનો ત્હારા પ્રેમને ખાતર સદાને માટે ત્યાગ કરીશ. એ કંઇ મ્હારા તન કે મનનાં માલીક નથી.

હીરલ—(મનમાં.) ખચિત, તે મ્હારા છટાદાર ચ્હેરાપર લટ્ટૂ બની ગયો છે એટલે એ પોતાના કહેવા પ્રમાણે કરશેજ કરશે. માટે મ્હારે હવે મોઢેથી મીઠું માઠું બોલી, ફોગી ખાતા શા માટે ખામી રાખવી જોઇએ ? (પ્રકાશ) મ્હારા વ્હાલા રસરાજ ! લ્યો ત્યારે હું પણ તમને કોલ આપું છું કે, આ હીરલ હવે સદાને માટે તમારીજ છે. મ્હારા તન રૂપી વનનો મન ગમતો ઉપભોગ લેવા-ને આપજ અધિકારી છો.

રસરાજ—વાહ પ્રિયા વાહ ! ત્હારી મીઠી રસ ભરેલી વાણી, મને પ્રેમથી ઉન્મત કરી નાંખે છે.

ગાયન.

(આલી તું જરા નજર કર દેખ સબજા હરા. એ-રાહ)

ઓરી તું આવ નવેલી વ્હેલી (૨) ભેટ હરખે ભરી,
હીરલ—સલુણા મોરા સાહબાજી, હાજર છું હરઘડી-ઓરી તું
રસરાજ—પાની મન માની પ્યારી પ્રેમરસ પ્યારથી,
હરલ—લ્યોની લ્યોની લ્હેરીલાલ લ્હાણુ, મ્હારી ના નથી.
રસરાજ—રંભા ભરી, ચ્યુ.
હીરલ—આશી કરી ? ચ્યુ.
રસરાજ—ચુમી ભરી. ચ્યુ.
હીરલ—ફરી ફરી. ચ્યુ.
રસરાજ—વારી રસિક સલુણી સુંદરી.— ઓરી તું૦

(ભેટીને એકીટસે પરસ્પર સપ્રેમ જોઈ રહે છે. ને થોડીવારે ઘરનાં બારણા ખખડે છે તેથી પોતાનું કોઈ ઘરાક આવેલું જાણી.)

હીરલ—મૂકો ! મૂકો ! મ્હારી ચોળીની કસ તૂટી ગઈ ! (રસરાજ તેને મૂકી દે છે. હીરલ કસ બાંધતા મનમાં) બહાર પેલો જમાદાર આવેલ લાગે છે. માટે કંઈ બ્હાનુ કહાડી તેને મળી આવું તો ઠીક. (પ્રકાશ) રાત ઘણી ગઇ છે, માટે આપ હવે આરામ લ્યો. વધારે જાગૃણ થશે, તો આપની નાજુક તબીયત બગડી જશે.

રસરાજ—(ફરીથી આલીંગન લઇ.) વ્હાલી, ત્હારા સંયોગમાં રહી કદી પચીસ રાત્રીના જાગૃણ થશે, તોપણ મને કંઈ પણ ઈજા થવા ની નથી.

હીરલ—ઠીક છે, ત્યારે આપ પલંગપર બેસો. હું મ્હારી બ્હેનને ત્યાંથી તપખીરની ડાબલી લઈ આવું.

રસરાજ—અત્યારે મધરાતે તપખીરની શી જરૂર છે ?

હીરલ—મને હમેશાં રાત્રે તપખીરવતી દાંતણ કરવાની ટેવ છે. અને તે આજ મ્હારી ડાબલીમાં ખૂટી ગઈ છે. માટે ત્યાંથી લઇ આવું.

રસરાજ—આજની એક રાત દાંતણ કરવું બંધ રહેશે તો ચાલશે નહીં ?

હીરલ—ચલાવીએ તો ચાલે, પણ તેથી મ્હારા દાંતના બધાં પેઢા ઉપડી આવે છે, અને પછી મ્હારાથી જમી પણ નથી શકાતું.

રસરાજ—એમ હોય તો જા, પણ વ્હેલી આવજે.

હીરલ—તરતજ આવું છું. (કમાડ બંધ કરી બ્હાર તાળુ લગાવી જાયછે)

રસરાજ—(ગયા પછી) અરે! એતો કમાડને તાળુ લગાવીને ગઇ! એમ કરવાનું શું કારણ હશે ? (વિચારીને) કંઇ દગો તો નહીં કરે ? ના, ના, એમતો કરે નહીં. કેમકે, તે મ્હારા ઉપર ઘણો પ્રેમ રાખે છે. (ખુરસીપર પડેલાં પુસ્તક પર નજર પડતાં તેને લઇને) વાહ ! આતો ગૂજરાતના છેલ્લા રજપૂત રાજા કરણવાઘેલાનો ઇતિહાસ છે. લાવ, તેના આવતા સૂધી એજ વાંચું. (પુસ્તક ઉઘાડી વાંચે છે. થોડોક ભાગ વાંચ્યા પછી.) અરે ! તેને ગયે ઘણો વખત થયો હજી સૂધી કેમ નહિ આવી હોય ? તપખીરની ડાબલી લાવતાં આટલી બધી વાર શી ? રખે, કંઈ દગો તો ન હોય ? (વિચારમાં પડે છે તેટલામાં હીરલ તાળુ ઉઘાડી અંદર આવે છે.)

હીરલ—મને જરા વાર લાગી તેને માટે માફી માગું છું.

રસરાજ—તને સદાને માટે માફીજ છે. પણ આટલી બધી વાર થઇ તેનું શું કારણ ?

હીરલ—(મનમાં) આને વળી વાર થવાનું કારણ જાણવું છે. (પ્રકાશ.) હું મ્હારી બ્હેન પાસે તપખીર લેવા ગઈ એટલે તેણે પૂછ્યું કે–ત્હારે ત્યાં આજ કોણ આવ્યું છે ?

રસરાજ—(વચમાં.) ત્યારે તેં શું કહ્યું ?

હીરલ—મેં કહ્યું મ્હારે ત્યાં આજ રસરાજકવિ આવ્યા છે.

રસરાજ—તેથી તેણે ખુશી બતાવી કે નાખુશી ?

હીરલ—નહી, આપનું નામ સાંભળીને તો એ ઘણીજ ખુશી થઈ અને મને કહેવા લાગી કે, તું કવિની બરાબર સેવા બજાવજે, એમની સોબતથી તું ઘણી સુધરી જઇશ. તેમજ તને ફાયદા પણ ઘણા થશે.

રસરાજ—તેનો તેં શો જવાબ આપ્યો ?

હીરલ—મેં એ જવાબ આપ્યો કે—ત્હારૂં કહેવું ખરૂં છે. હું હવે રસરાજકવિ સિવાય, બીજા પુરૂષને મ્હારા ઘર પર પણ નહિ ચડવા દઉં.

રસરાજ—ત્યારે તો એમ કહેને કે—એ વાતચિત કરવામાં વાર થઇ?

હીરલ—હા, પણ મ્હારી બ્હેને કહ્યું છે કે, ઘરનો ભાડાવાળો આવ્યો છે તેને ભાડાનાં રૂપીઆ ચૂકવવા છે. માટે કવિ પાસેથી તું પચીશ રૂપીઆ માગી લેજે.

રસરાજ—ઓહો! એમાં તે શું? હું પચીશ રૂપીઆનો નોટ સાથેજ લાવ્યે છું (ખીસ્સામાંથી નોટ કહાડી.) લે, એ ત્હારી બ્હેનને આપજે અને વધારે જોઇએ તો મને કહેજે હું મ્હારા મુકામપરથી મોકલી આપીશ.

હીરલ—નહીંજી. અત્યારે આટલા બસ છે. વળી જરૂર પડશે ત્યારે હું પોતેજ માગી લઇશ. (એ વાત કરે છે તેટલાંમાં બ્હારથી અવાજ આવે છે.)

પોલીસ ના—ક્યું હીરલ! ક્યા કરતી હો?

હીરલ—કોણ એ?

પોલીશ ના—મીજમાન હયે.

હીરલ—(બારણું ઉઘાડી જૂએ છે.) કોણ જમાદાર? આજ તો મ્હારે ત્યાં મેમાન છે.

પોલીશ ના—કઓન મીજમાન હયે?

હીરલ—પરદેશી છે. (હીરલ તેને થોડીવાર પછી આવવાનો ઇશારો કરે છે તેથી.)

પોલીશ ના—અચ્છા જબ મયે જાતા હું? (જાય છે હીરલ કમાડ બંધ કરી અંદર આવે છે. તેને.)

રસરાજ—કોણ હતું એ?

હીરલ—એ શહેરની પોલીશના નાયક હતા.

રસરાજ—ત્હારે તેનાથી કંઇ સંબંધ છે?

હીરલ—સંબંધ તો કંઈ નહી—પણ હા, કોઇ કોઈ વખત મ્હારે ત્યાં આવે છે ખરા.

રસરાજ—ત્યારે હવે પછી એ આવશે તો તું તેને શું કહીશ?

હીરલ—ચોખ્ખી ના કહીશ કે હવે હું અનેકની મટી એકની થઈ છું માટે માફ કરો. (મનમાં) હવે આ બધી પંચાત મૂકી સૂઈ જાયતો ઠીક. (પ્રકાશ.) આપ હવે સૂઇ જાઓ, મને પણ નિદ્રા આવે છે.

રસરાજ—ભલે જેમ ત્હારી મરજી. (બન્ને એકજ પલંગ પર સુવે છે. અને રસરાજ થોડીવાર પછી નિદ્રાવશ થાય છે. તેટલામાં જમાદાર આવી કમાડ ભટકાવે છે એટલે હીરલ ચૂપકીથી ઉઠી કમાડ ઉઘાડી ને.) તમે મ્હારી બ્હેનના ઘરમાં જાઓ હું પાછળ આવુંછું.

પોલીશ ના—જલ્દ આના.

હીરલ—ઠીક છે જાઓ. (નાયક જાય છે. એટલે રસરાજના પડખામાં તકીયો મૂકી કમાડ બંધ કરી ચાલી જાય છે. પાછળથી રસરાજ જાગે છે અને હીરલને નહી જોતાં.)

રસરાજ—અરે ! આશું ? મને ઉંઘતો મૂકી કયાં ચાલી ગઈ ? શું એ મ્હારાથી કપટ રમે છે ? ખચિત, આમાં કંઈ ભેદ છે. નહિતો આમ જાયજ કેમ ? ડાહ્યાલાલના કહેવા પ્રમાણે મને સૂતો વેચી બીજા યારને મળવા તો નહીં ગઇ હોય ! એમ હોય તો કેમ ના કહી શકાય ? (વિચાર કરીને.) પણ મ્હારાથી કપટ કરે એમ મને નથી લાગતું. કેમકે, એની વાતચિત ઉપરથી એનું દીલ ચોખ્ખું જણાય છે. પછી તો પ્રભુ જાણે. (તેટલામાં હીરલ નાયકને વિદાય કરી પ્રવેશ કરે છે.) હીરલ, તુ મને ઉંઘતો મૂકી કયાં ગઈ હતી ?

હીરલ—[મનમાં] અરે ! આતો મુવો કાગડો જાગી ગયો. હવે શું જવાબ દેવો ? [પ્રકાશ.] આપ ઉંઘી ગયા પછી મ્હારાં પેટમાં બહુજ આંકડી આવવા લાગી તેથી હું બહાર ગઈ હતી. જૂઓ ને આ લોટો રહ્યો હાથમાં.

રસરાજ—તને અત્યારે એકલાં જતાં બ્હીક પણ ન લાગી ? શાબાશ છે ત્હારી હિમ્મતને.

હીરલ—એમાં બ્હીક શાની ? પણ આપ જાગ્યા ભલા ? હજીતો હમણાજ સૂતા હતા.

રસરાજ—મેં ઉંઘમાં મ્હારૂં પડખું ફેરવ્યું ત્યારે ત્હારો સ્પર્શ નહિ થતાં આ તકીયાનો સ્પર્શ થયો એટલે મ્હારી આંખ ઉઘડી ગઈ. અને જોઉં છું તો તું ન મળે તેથી મને આશ્ચર્ય લાગ્યું કે—અત્યારે હીરલ મને સૂતો મૂકી, કયાં ગઇ હશે ?

હીરલ—(મનમાં) બડો ચબરાક છે. માટે આનાથી હવે બહુ સાવચગીરીથી કામ લેવું પડશે. (પ્રકાશ) ત્યારે તો તમને મ્હારા વિષે બહુ શંકાઓ આવી હશે ?

રસરાજ—શંકા તો શું આવે પણ ઉલટો મને ચિંતા થતી હતી. કેમકે ત્હારા તો હજારો દુશ્મન હોય. (ટાવરનાં પાંચ વાગવાના ડંકા સંભળાય છે.)

હીરલ—સાંભળ્યું કે પાંચ વાગ્યા. હવે તમે જાઓ. પછી વખત થઈ જશે.

રસરાજ—હા, ખરૂં છે. હું હવે જાઉં નહિતો પછી રસ્તાપર માણસોની આવજા થશે તો મને કેટલુંક શરમાવું પડશે. (પાઘડી બાંધી તૈયાર થાય છે.)

હીરલ—પાછા અહીં ક્યારે આવશો ?

રસરાજ—હવે ત્હારા વિના ક્યાંઈ ચેન પડવાનું નથી, એટલે જ્યારે વખત મળશે ત્યારે આવીશ.

હીરલ—હવે ઝાઝી દુનિયાની શરમ રાખવી છોડી દો, કેમકે, છાશ લેવા જાવી ને વળી દોણી શું સંતાડવી ?

રસરાજ—ધીરી થા બધું ત્હારા કહેવા પ્રમાણેજ થશે. પણ હવે હું જાઉંછું.

હીરલ—ભલે, પણ પાછા વ્હેલા દર્શન દેજો. કેમકે—

ગાયન.

(ડરમાં તું દીલ સાથ છોકરા, એ. રાહ.)

ચેન પડે નહીં યાર, ચિત્તમાં ચેન પડે નહી યાર.
તમ દર્શન વિણ પલવાર. ચિત્તમાં
લ્હેરી છો લાલા, છેલ છોગાળા.
રસિયાજી વસિયા મન મ્હારા,
પ્રાણથી પ્યારા છો આંખોના તારા,
અકળાઉ અળગા થતાં દિલ દારા, ચિત્તમાં
રસરાજ—પ્રેમતણા પ્યારી એવાજ ધારા.
હીરલ—(જ્યારે એ ધારા જાણોછો ત્યારે જાઓછો શું કરવા?)
રસરાજ—(ફરવા મિત્રોને મળવા.)
લે છોડ જવાદે નાર—હાંરે ચિત્તમાં.
હીરલ—સંધ્યા પહેલા, વળજો વહેલા,
વાર જોજો કરતા નહિ છેલી.
ઘડીના વિરહથી થઇશ હું ઘેલી,
આવીશ શોધવા શરમજ મેલી,
રસરાજ—સદ્ય હું આવીશ છોડ છબીલી,
હીરલ—(મ્હારા સમ ખાઓ તો સાચું માનું.)
રસરાજ—(ત્હારા સમ જરૂર વ્હેલો આવીશ)
દે હઠ તજી દિલદાર—હાંરે ચિત્તમાં

[જાય છે. પડદો ઉપડે છે.]

પ્રવેશ ૯ મો.

સ્થળ:—ભોગવતી નદી.

(નદી વચ્ચે ગુલાબરાય, શુકરાય અને જીવરાજ પોતાની માશુકો સાથે ગમ્મત કરતા નજરે પડે છે.]

ગાયન.

[જાઓ જાઓ પાપી નરનાર એ રાહ.]

ગુલાબરાય—આ છે મ્હારી પ્યારી દીલદાર, સૌ સુંદરીઓમાં સરદાર.
શુકરાય—છબી આની છટાદાર, ત્હારી પ્યારીથી અપાર-આછે.
જીવરાજ—ગોરી મને આછે ગમીરે, રહી મુજ મન મહી રમીરે
ગુલાબરાય—ન ધાર લગાર કદી આવી કો નાર- આછે.
શુકરાય—સૌની નારી, સૌને પ્યારી, વાદ નિવારી, પ્રેમ પ્રસારી.
ચમન ઉડાવો કરો વાર નહીં યાર— આછે.

ગુલાબરાય—એતો ઠીક, પણ પેલા હુસેનખાને લઇ હજુસૂધી મૂળરાજ કેમ નહી આવ્યો ?

શુકરાય—એ મીયાભાઈ જેમ ગઈકાલે મળ્યા નહોતા તેમ આજ પણ કયાંઇક દારૂનો નિશો કરી ખૂણેખોંચરે ભરાઈ બેઠા હશે, તે મળ્યા નહી હોય; એટલે પછી વાર લાગે એમાં શી નવાઈ!

જીવરાજ—ગમે તેમ હશે પણ મને ખાત્રી છે કે આજ મૂળરાજ તેને લીધા વગર કદી પાછો ફરશે નહી.

શુકરાય—બેશક, મૂળિયો ધારે તે કરે તેવો છે. એની મરદાઇ તો ઓરજ છે. (મૂળરાજ અને હુસેનખાંને સામેથી આવતા જોઇ.)

ગુલાબરાય—લ્યો, આ આવી પહોંચ્યા બંને. સંભારતાવારજ (બધાં ઉભાં થાયછે)

જીવરાજ—આઇયેં આઇયે હુસેનખાં ઇધર તશરીફ લાઇયે.

હુસેનખાં—બએઠે રહો, બએઠે રહો.

મૂળરાજ—નહીં એમ થાય ? તમને તો માન આપવુંજ જોઇએ. તમે બેશી રહેવાનું કહો છો એ તમારી લાયકી છે.

ગુલાબરાય—દોસ્ત હુસેનખાં, આવો બેસો આપણી બાજુમાં. (હુસેનખાંને બધાની વચ્ચે બેસારે છે. અને નાસ્તો કહાડે છે.)

મૂળરાજ—હુસેનખાં, લ્યો, આ નાસ્તા પાણી ઉડાવો.

હુસેનખાં—નાહક યહ તકલીફલેનેકી કયા જરૂરથી ?

ગુલાબરાય-એમાં અમે તકલીફ કંઈ લીધી નથી. આપનાથી અમારે શું વધારે છે. (બધાં નાસ્તો ખાય છે હુસેનખાં ખાતાં ખાતાં.)

હુસેનખાં—દોસ્ત મૂળરાજ, મુજકો ઇધર બુલાનેમેં તુમ્હારી કયા મતલબ હયે ? સુનાઓ મંઐ જો હોવે સો બજાંલાનેકો તૈયાર હું.

મૂળરાજ—અમે તમને જે કામ માટે અહીં બોલાવી લાવ્યા છીએ. તેમાં મુખ્ય તો તમારાજ ફાયદાની વાત છે.

હુસેનખાં—અયસી કયા બાત હયે ! જલ્દ કહો.

ગુલાબરાય-અમે તો કહેશું પણ તમારાથી તે બની શકશે નહીં કેમકે, તમે મીયાં છો ખરા; પણ જરા પોચા છો,

હુસેનખાં—યહ તુમ કયા બોલતે હો ? કયા તુમ મુજકો કમ જાનતે હો ?

શુકરાય—જો કમ નહોતો અમે જે વાત કરવાના છીએતે, વાત બનવાજ શાની પામે.

હુસેનખાં—અયસી કયા બાત હુઈહયે ! વો મુજકો સુનાઓ તો સહી. ફીર જો કહેના હો સો કહો.

મૂળરાજ—પેલી હીરલ તમારી રખાત છે, એ અમે સારી રીતે જાણીએ છીએ પણ તેણીએ હમણા એક તમારા સિવાય બીજો યાર કર્યો છે એ કંઇ તમે જાણો છો ?

હુસેનખાં—નહીં મુઝકો બીલકુલ મઆલુમ નહીં હયે. મગર વો કમજાત હયે કઓન ? ઉસ્કા નામ તો બતાઓ ભલા.

ગુલાબરાય-એનું નામ રસરાજકવિ છે. અને તે ધમીલપૂર રહે છે. ઘણો પૈસાદાર છે.

હુસેનખાં—ઉસ બેહયાકો મયે જાનસે ન મારૂં તો મેરા હુસેનખાં નામ નહીં.

મુળરાજ—હુસેનખાં, એમ હાલ સાહસ કરવાનું કામ નથી. જુઓ, હું કહું તેમ કરો, તો તમને પણ ફાયદો થાય અને અમને પણ ફાયદો થાય.

હુસેનખાં—બોલો તુમ્હારા કયા કહેના હયે ?

મુળરાજ—આજ એ રસરાજ હીરલને ત્યાં રાત્રે જનાર છે. એ જ્યારે તેના ઘરમાં જાય એટલે તમારે પાછળથી ત્યાં જવું. અને ઘર ઉઘડાવી અંદર દાખલ થવું.

હુસેનખાં—ફીર કયા કરના ?

મૂળરાજ—કયા કરના શું? અંદર જઈ રસરાજને ખૂબ દમ ભરાવજો અને એક બે ઠુંસા પણ ચડાવી દેજો એટલે એ બીચારો ગભરાઈ જશે અને તરતજ લાજને મારે સો પચાસ રૂપીયા તમને આપી દેશે. તે લઈ તમે સટકી આવજો.

હુસેનખાં—અઓર કયા પૈસેકે લીયે મેરી રખી હુઈ માશુક કે સાથ ઉસ્કો ખેલને દેના? નહીં મુજસે અયસા કભી ન હોગા. મંયે તો ઉસ નામાકુલ બેહયાકો જાનસે મારૂગા. કભી ઝીંદા ન રહેના દુંગા

શુકરાય—અરે મીયાં, એ શેખી કરવી રહેવા દો અને અમે કહીએ છીએ તે કબુલ કરો. નહિતો ગોળો અને ગોફણ બન્ને હાથમાંથી જશે. પછી અમારૂં, તમારૂં કે કોઇનું કાંઈ પણ ફાવશે નહીં. (બોટલ કહાડી) લ્યો, આ ઉમદા શરાબ છે. ગમને દૂર કરો.

સેહુનખાં--કયાં શરાબ હયે યે? લાઓ જબ.) પીએ છે.) દોસ્ત મૂળરાજ, તુમ્હારા કહેના મંયે મંજુર કરતા હું. મંયે જાઉગા અઓર ઉસ્કો આજ મારૂગા. પૈસાભી પડાઉંગા, ફીરતો ખુશી?

મૂળરાજ—હાં હવે સમજ્યા; જુઓની હુસેનખાં, આપણુ સૌને તેથી પારકે પૈસે દીવાળી કરવા થશે. તેમાં તમારૂં શું જશે? વળી કયાં એ તમારી શાદી કરેલી ઓરત છે કે, આટલી બધી એંટ રાખવી જોઇએ. એવી રાંડો તો હું તમને પચાસ ભેટાડી દઇશ.

હુસેનખાં—સચ્ચ હયે, મગર અબ મેં જાઉંગા, મેરેકો નશા બહોત આયા હયે,

જીવરાજ—ખુશીથી જાઓ; પણ જોજો? એ ભૂલી જતાં નહી.

મૂળરાજ—પણ જૂઓ, રસરાજ પાસેથી જે મળે તેમાં આપણુ સૌનો સરખો ભાગ પડશે. પછી પાછળથી તકરાર થાય તે ઠીક નહીં.

હુસેનખાં—હાં હાં સબકે હિસ્સે બરાબર (લથડતો જાય છે.)

મૂળરાજ—(હુસેનખાંના ગયા પછી) કેમ દોસ્તો? મીયાંભાઇને કેવાં મી લાવી લીધા? હવે એ રસરાજને લૂંટયા વગર કદી રહેશે નહીં.

શુકરાય—મીયાં પહેલાં તો જરા મરડાયા, પણ દારૂની બોટલ દેખાડી કે તરત કબૂલ થઈ ગયા.

જીવરાજ—અરે દારૂ માટે તો એ કોઇનું ખૂન પણ કરવાને તૈયાર થાય તેવો છે, જોયુંના, ભેટમાં છરી પણ રાખે છે.

ગુલાબરાય—હવે એ કામતો પાર પડયું, પણ આ વેલીને ઝટ મોકલી દઇએ નહીંતો કંઇ વિઘ્ન આવી નડશે તો ભાગવું પણ ભારે થઇ પડશે

મૂળરાજ—કોના બાપની બ્હીક છે અહીં, કે આમ ડરી મરે છે ?

શુકરાય—મૂળરાજ, ગુલાબરાય ઠીક કહે છે હવે રાત ઘણી ગઇ છે. વખતે રોન આવશે તો મોટી મુસ્કેલી પડશે. (ફોજદારને આવતા જોઇ)

જીવરાજ—અરે ભાગો ! ભાગો ! સામેથી ફોજદાર આવે છે.


વેલી—હાય ! હાય ! હવે ? (ગભરાય છે.)

મૂળરાજ—એમાં ગભરાય છે શું? થાઓ છપાંચ.

શુકરાય—છ પાંચ શું ? ગણો અગીયારા.

જીવરાજ—ભાગો ત્યારે જીવ લઇને, વખતે સપડાઇ જશું તો ફોજદાર કાકો છે બડો કટ્ટો; હેરાન કરી નાંખશે. (બધાં જૂદા જૂદા ભાગી જાય છે. અને ડ્રોપસીન પડે છે.)

॥ समाप्तोऽयं प्रथमांकः ॥



અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ:—હીરલનું રંગભવન.

ગાયન.

(મંયે હું તંબોલન તડાકેકી એ રાહ.)

હીરલી મ્હારૂં નામ (૨) હુંછું પીયારી હજારોની.
દિલ્હીનો કાથોને ચુનાનાં પાન,
બીડાં બનાવું મઝેદાર મહાન.
આવો છેલ કોઇ ખાઓ, લાલ મુખને બનાવ.
ઘણો સસ્તો છે ભાવ, કોઇ આવ આવ આવ—હીરલી.
નાજુક બદન મ્હારૂં જોબન ખીલેલ,
શોખીલા છેલોને ખેલાવું ખેલ,
હોય શોખીન તે આવ, લીયો લાખેણો લ્હાવ.
ઘણો સસ્તો છે ભાવ, કોઇ આવ આવ આવ-હીરલ.

મ્હારી ચાલવાની ચટક, બોલવાના ખટક અને આંખની અદા પર, કઇક નર ફીદા થઈ મ્હારે ત્યાં આવેછે. પ્યાર દરસાવે છે, પૈસો ઉડાવે છે અને લાજ પણ ગુમાવે છે. પણ બંદી હીરલ બધાંને ભભૂતિ ભુંસાવી, પૈસાથી તદન ખાલી બનાવી, અંતે ધક્કો લગાવેછે. વળી હમણા જે રસરાજ નામનું ફુલ હાથ લાગ્યું છે, તેતો બસ મ્હારા પર મરે છે. ઘણોજ પ્રેમ ધરેછે. મને ખાત્રી છે, કે એ મ્હારે માટે ખુવાર થઇ જશે, પણ મ્હારો સંગ છોડવાનો નથી. વળી તે દરમાસે પચાશ રૂપીઆ પગાર મેળવે છે તેમજ માલદાર છે. એટલે મ્હારી તીજોરી તર થવામાં કંઈ પણ ખામી રહેશે નહી. (તેની બ્હેન રાણી પ્રવેશ કરેછે)

રાણી—કેમ હીરલ ? એકલી બેઠી બેઠી શું વિચાર કરેછે ?

હીરલ—આવ બ્હેન, એતો હું એ વિચાર કરતી હતી કે, રસરાજ જોઇએ તેવું ફુલ હાથ આવ્યું છે, એટલે હવે આપણી તીજોરી તર થશે ખરી.

રાણી—હા, છે તો ફુલ માલદાર અને ઉદાર તેમાં તો શક નહીં. પણ તને હવે આવડવું જોઈએ.

હીરલ—શું આવડવું જોઇએ !

રાણી—મીઠું મીઠું બોલી. ફોલી ખાતાં. બીજું તે શું હોય ?

હીરલ—તે ખાતે શું તમે મને તમારા કરતા ઓછી ધારોછો ?

રાણી—અલબત; કેમકે–તું જરા બેપરવાઇપણું રાખે છે. એટલે મળેલું ફુલ ઘણી વેળા છટકી જાયછે. પણ જોજે, રસરાજને છટકવા દેતી ના ?! કાળજી રાખજે.

હીરલ—રસરાજ કદી છટકી જાય તેમ નથી.

રાણી—એ તેં કેમ જાણ્યું ?

હીરલ—એનો મ્હારાપર ઘણોજ પ્યારછે, વળી એણે મને કોલ આપ્યો છે કે, આ રસરાજ હવેથી ત્હારો તાબેદાર છે; અને તું જે કહે તે પ્રમાણે કરવા તૈયાર છે.

રાણી—એતો ઠીક, પણ તું તેને પૂછી તો જોજે કે, તમે મ્હારો તમામ ખર્ચ આપી શકશો ?

હીરલ—એ મને ખર્ચ આપશે એમાં તો કાંઇ નવાઇ નથી. પણ પોતાની બધી મીલકત આપી દેશે. અને પોતાની રખાત તરીકે સદાને માટે રાખશે.

રાણી—તો તો પછી ત્હારાથી બીજા પુરૂષોને મળી શકાશે નહીં.

હીરલ—હા, તેને મોઢેતો એમજ કહેવું પડશે, પણ તેને સૂતો વેચી બી જાને કયાં મળી શકાતું નથી. વળી એ કંઈ આખો દિવસ ઘેર જ બેશી રહેશે નહીં કે કંઈ હરકત આવશે.

રાણી—વારૂ, ત્યારે હું હવે જાઊછું. ?

હીરલ—જાઓ પણ બોલાવું ત્યારે આવજો.

રાણી—(જતાં જતાં) ઠીક. (રાણી જાય છે અને રસરાજ પ્રવેશ કરેછે)

હીરલ—(સામે જઈ તેના ગળામાં હાથ નાંખી) અહોહો ! અત્યાર સૂધી કયાં રોકાયા હતા? મને તમારા વિના કયાંઈ ચેન પડતું નહોતું. બસ, તમેતો મને મોહની છાંટી છે. તમે જરા દુર જાઓછો કે મને કંઈ કંઈ થઈ જાય છે, હવે તો તમને હું બહાર પણ નાહ જાવા દઉ લ્યો.

રસરાજ—શું ઘરમાંજ બેસારી રાખીશ. ?

હીરલ—(લાડથી) હા લ્યો. મ્હારી નજરેથી જરા પણ દુર નહીં જાવા દઊં.

રસરાજ—અરે! ગાડીરે ગાંડી. શું આખો દિવસ ઘરમાં તે બેસી રહેવાય. ?

હીરલ—શું છે તે ન બેસી રહેવાય? શી હરકત છે? કે એમ બોલોછો? ત્યારે તો એમ કહોને કે મ્હારાપર તમારો પ્રેમજ નથી.

રસરાજ—હું એમ કયાં કહું છું કે–તું એમ ઉલટું બોલે છે. હું તો એમ કહું છું કે–આખો દિવસ કંઈ ઘરમાં બેશી રહેવાય ?

હીરલ—કેમ બેશી ન રહેવાય ? જુઓને ભમરાને; તેનો કમળ ઉપર પ્યાર છે તેથી આખો દિવસ અને રાત, કમળમાંજ બેશી રહે છે. એ કેમ બેશી રહેતો હશે ? કહો જોઇ વારૂ ?

રસરાજ—તેનાપરના પ્યારથી જ. પણ મૂર્ખ ભ્રમર તેમ બેશી રહેવાથી કમળ બીડાઇ જતાં પોતાનો પ્રાણ ગુમાવે છે, શું સાર કહાડે છે ? એ તુજ કહે.

હીરલ—હું શું કહું ? તમે તો બસ મને બોલવામાંજ બાંધી લ્યો છો ત્યાં. પણ પ્રાણ !

ગાયન.

(ભાગે કાહે ગલિયા દિખાય છલ બલિયાં એ રાહ.)

થશો નહિ ઘડિ મુજ નજરથી ન્યારા,
પાસે રહો (૨) નિશદિન પ્યારા,
દારા વિનંતી કરૂં પ્રિય મ્હારા— થશો.
સુંદર વર મુજ મન હરનારા,
બાવરી બનું (૨) હું તમ વીણ દારા,
ચેન ન પડેજ તનમન મ્હારા— થશો.

રસરાજ—તું મને હમેશા પાસેજ રહેવાનું કહે છે એતો ઠીક. પણ કદાચ મ્હારે મ્હારી નોકરી પર બહાર ગામ જવું પડશે તો પછી કેમ થશે ?

હીરલ—તો હું પણ તમારી સાથેજ આવીશ.

રસરાજ—મ્હારાથી તને સાથે તો લઈ જઈ શકાય નહીં કેમકે, મ્હારી ત્યાં મોટી આબરૂ છે. કદી હું તને ત્યાં લઈજાઉ અને એ વાત જ્યારે મ્હારા શેઠના જાણવામાં આવે ત્યારે મ્હારી આબરૂ જાય. એટલુંજ નહિ પણ મહારી હલકાઈ ગણાય.

હીરલ—ત્યારે મ્હારા ખાતર, મ્હારા પ્રેમના ખાતર બ્હાર ગામની નોકરી છોડી દ્યો અને અહીયાંજ રહો. અહીં કયાં તમે કમાઇ શકો તેમ નથી ?

રસરાજ—એ ખરૂં પણ જ્યાં સુધી તું સ્વતંત્રપણે મ્હારી થઇ નથી ત્યાં સુધી હું એ નોકરીને છોડી શકું તેમ નથી.

હીરલ—તમે જ્યારથી મ્હારૂં ખર્ચ દેશો ત્યારથી હું સ્વતંત્રપણે તમારી થઇશ તે પહેલાં હું સ્વતંત્રપણે તમારી છું. એમ મ્હારાથી કહી. ન શકાય.

રસરાજ—તેનું કારણ?

હીરલ—કારણ કે-હું પરવશ છું. મ્હારી માનો મ્હારાપર અંકુશ છે. તમે જ્યારે ખર્ચના રૂપીઆ આપશો એટલે મને તે સ્વતંત્રપણે તમારી થવા રજા આપશે વળી આજ મ્હારી બ્હેને પણ કહ્યું છે કે-રસરાજ આપણું ખર્ચ આપી શકશે કે કેમ? તે તું તેમને પૂછી જોજે કેમકે આપણું ખર્ચ મ્હોટું છે.

રસરાજ—મ્હોટું તે કેટલુંક?

હીરલ—દર માસે ત્રીસ રૂપીઆ.

રસરાજ—ઓહો! એમાં તે શી મોટી વાત છે, એટલા રૂપીઆની શી વિસાત છે? ખુશીથી હું તને દરમાસે ત્રીસ રૂપીઆ આપીશ અને એ સિવાય હું તને જે દરદાગીના પહેરાવીશ તે જૂદાં; પછી કેમ?

હીરલ—ત્યારે લાવો રૂપીઆ; મ્હારી માને આપી આવું. કેમકે તેમને હમણા રૂપીઆની ઘણી જરૂર છે.

રસરાજ—હાલ કેટલાક રૂપીઆ જોઇએ છીએ?

હીરલ—હાલ પચાશની જરૂર છે.

રસરાજ—તેટલા રૂપીઆ તો અહીંયાં હાલ મ્હારી પાસે નથી, પણ તું કહે તો હું ધમીલપુર જાઉં અને રૂપીઆ લઇ આવું?

હીરલ—(જીભનું ટેરવું દાંતમાં દાબી) અરરર મા! તમારો એક પલવારનો વિયોગ તો હું વેહી શકતી નથી. અને જ્યારે ગામ જાઓ ત્યારે મારી શી હાલત થાય?

રસરાજ—હું કંઈ ત્યાં વધારે દિવસ રોકાઇશ નહીં, માત્ર એક દિવસ રહી, રૂપીઆ લઇ પાછો આવીશ.

હીરલ—વધારે દિવસ રોકાઓ તો હું શું કરૂં પછી?

રસરાજ—કરવુંતું શું? પણ જેમ તું મ્હારો વિયોગ વેહી શકવાને અશક્ત છું તેમ હું પણ ત્હારો વિયોગ વેહી શકવાને અશક્ત છું. એટલે તું ખાત્રીથી સમજ કે, હું તરતજ રૂપીઆ લઇ પાછો વળીશ. માટે જો તું રજા આપતો હું જાઊં.

હીરલ—એક દિવસ તો હું જેમ તેમ કરી દુઃખે પાપે કાહાડીશ. પણ જો વધારે રોકાશો તો હું તમારી પાછળ ધમીલપુર આવીશ. પછી કહેશે મને કહ્યું નહીં.
રસરાજ—બેશક; જો હું વધારે દિવસ રોકાઉં તો ત્હારે ધમીલપુર અવશ્ય આવવું. હું તને છુટ આપું છું.
હીરલ—ત્યારે ક્યારે જવું ધાર્યું છે?
રસરાજ—આવતી કાલ સવારની મેલટ્રેનમાં હું જઈશ.
હીરલ—ભલે જજો. પણ હાલ તો ચાલો. આરામ લ્યો.

ગાયન.

(રંગે ભર્યાં આવો આવો રસીલી–એ રાહ.)

ચાલો ચાલો આજ રંગ રસીલા, પહોઢાડું પ્રેમ પલંગમાં,
વિનોદની વાતે છેલ છબીલા, રજની વિતાવીશું રંગમાં.
આજે ભરી ભર રંગ ભીંજાવું, છાંટી ખાંતે મ્હારા છેલને,
ચકિત ચૌદે બ્રહ્માંડ બનાવું, એવા ખેલાવું હું ખેલને,
રસરાજ—વાહ! વાહ! વાહ! વાહ! ગોરી રસીલી,
વાણી તારી સુરસેભરી,
ગોરાં ગોરાં ગાલે ગોરી હસીલી,
ચુંમી દિયો એક સુંદરી;
હીરલ—લીયો લીયો લાલ લ્હેરી લાડિલા,
રસરાજ—આવ ત્યારે મ્હારી તું બાથમાં,
હીરલ—લ્યો હું આવી આ કામ કોડિલા,
રસરાજ—સીક્કો લગાવું લે ખાંતમાં—

(ચુમી ભરે છે. જાય છે.)
(પડદો પડે છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—મુળરાજનું ઘર.

ગાયન.

પૂર્ણા— (કોઈ હાલ કહો જાકે એ રાહ.)
બાળ્યો ભવ મ્હારો ભ્રાતે, મુને વરાવી વૃદ્ધ સાથે,
નાણા કારણ મુજને નાંખી, દુઃખ દરિયાની માંય,

નવ દયા વસી દિલ કાંય, અરેરે હાય ! હવે શું થાય? બાળયો૦
સોળ વરસની સુંદરી હું ને, એંશી વરસનો નાથ,
જેની જીર્ણ થઇ છે જાત, ગળ્યાં છે ગાત્ર, મરણને પાત્ર. બાળયો૦
હરિ હરિ શેં જન્મારો જાશે? દારૂણ દુઃખનીમાંય,
મારૂં જોબન ઝોલાખાય, બળે ચિત્ત લ્હાય,શાન્તિ નવ થાય બાળ્યો

(દુઃખથી રોતી રોતી.) ઓ મા! ઓ મા!! તેં મ્હને જન્મ આપતી વેળા ગળથુથીમાં ઝેર દઈ કાં મારી ન નાંખી? મ્હને આ ભડભડતી હોળી જોવા શા માટે જીવતી રાખી?! અરેરે! મ્હને જો ઉછેરી મ્હોટી કરી ન હોત; તો મ્હારે આ દુઃખ જોવા વારો આવત નહીં. મૂળરાજ! મૂળરાજ! તેં મને વૃદ્ધ વર વેરે પરણાવી એ કરતાં જો મ્હને મારી નાંખી હોત; તો હું ત્હારો ઉપકાર માનત, પણ આ અઘોર કૃત્ય, આ મહા પાપ, ત્હારે કરવું જોઈતું નહોતું. ભૂંડા! તને મ્હારા જેવી ગરીબ મ્હેનને કુવામાં ફેંકી દેતાં જરાપણ દયા ન આવી? ત્હારાં શરીરમાં જરાપણ કમકમાટી ન છૂટી!! ખેર! તેં તો પૈસાને પ્યારા કરી મ્હારી આખી જીંદગી ધૂળ કરી નાંખી. પણ હવે મ્હારાથી આ બળતરા, આ આપદા, નહીં વેઠાતાં મ્હારૂં અંતર તને એવી આશીષ આપે છે કે—તું અને ત્હારા જેવા બીજા, મ્હારા જેવી ગરીબ બાળાઓનો ભવ બાળનારા નરાધમોનું સત્યાનાશ અને ખેદાન મેદાન થઇ જજો. એટલુંજ નહીં પણ રગે રગે અને રોમે રોમે કીડા પડી, હેરાન હેરાન થઈ ભૂંડી દશાએ મરજો, અને મૂવા પછી પણ તમારા પાપી આત્માને નર્કમાં પણ વિરામ ન મળજો. (હૃદય ભરાઈ જતાં બોલી શકતી નથી.) અરેરે! ચચ્ચાર હજાર રૂપીઆ લેતાં પણ એ મ્હારા પૂર્વ જન્મના વૈરી ભાઇ મૂળરાજને સંતોષ થયો નહીં અને મ્હને મ્હારે સાસરેથી અહીં તેડી લાવી, મ્હારાં પાંચસો રૂપીઆનાં દાગીના મૂકી ખાધાં; અને મ્હને સદાના મેણા ટુંણા ખાતી કરી, તેમજ બિચારો મ્હારો વૃદ્ધ સ્વામિ મ્હને ત્રણ ત્રણ વખત તેડવા આવ્યા છતાં મ્હને મોકલતો પણ નથી. વળી ગઈ કાલરોજ ચોથીવાર તેડવા આવ્યાં છે. પણ મને લાગતું નથી કે મોકલે. એને કોણ સમજાવે? એ કોઈનું કહેવું માને તેવો નથી. કદાચ માનેતો, એના સોબતીઓનું માને, પણ એ બધાં એનાજ પગલે ચાલનારા છે. એટલે—(મૂળરાજની સ્ત્રી ઉમયા પ્રવેશ કરે છે.)

ઉમયા—કેમ બા! એકલાં એકલાં શા વિચારમાં ગુંથાયાં છો? મને તો કહો?

પૂર્ણા—મ્હારાં કુડાં કર્મના કહાણી હું કોઇને કહી શકું તેમ નથી. અને કહું તો પણ શું વળે? શું મ્હારા દુ:ખમાં કોઇ ભાગ લેનાર છે? (રડી પડે છે.)

ઉમયા—બા! બા! આમ ઓછું શા માટે આણો છો? એ કંઈ હું સમજી શકતી નથી. છાના રહો; મ્હારા સમ. મ્હને કહો તમને શું દુ:ખ છે?

પૂર્ણા—ભાભી, મ્હારી વ્હાલી ભાભી! તું જાણે છે. તને ખબર છે મ્હારાં દુ:ખની, છતાં શા માટે પૂછે છે?

ઉમયા—હા, હું સમજી; તમારો ભાઈ તમને સાસરે મોકલતા નથી. એજ કે બીજું?

પૂર્ણા—હા, તું તેને સમજાવ, ત્હારૂં એ માનશે. આ ત્હારી ગરીબ નણંદ ઉપર એટલી દયા કર. અને ભલી થઇ મ્હને તેડવા આવેલ સાથે મોકલે તેમ કર.

ઉમયા—(મનમાં.) અરેરે! આ બિચારીને થોડીજ ખબર છે કે—એ પરનારી વશ હોઇ મ્હારૂં પણ માને તેમ નથી, જમાઈ કાલના તેડવા આવ્યા છે. તેથી ઘણાંય તેને સમજાવે છે પણ કોઇનું માનતા નથી. આ બિચારીને પતિનું માત્ર નામનું સુખ છે. તેપણ છાજવા દે એમ મ્હને લાગતું નથી. (પ્રકાશ.) બા, તમારો ભાઈ ઘણાં હઠીલા છે એટલે જે હઠ લે છે તે છોડતા નથી. હું તેમને ઘણીએ સમજાવુંછું પણ નથી માનતા, અને ઉલટા તુચ્છકારી કહાડે છે.

પૂર્ણા—ત્યારે શું મને તે નહીંજ મોકલે? અહીંજ રાખશે? મ્હને થોડા દિવસ માટે જે સુખ મળેલું છે તે પણ ભોગવવા નહીં દે? મેં એનું શું બગાડયું છે કે, મ્હારૂં એટલું સુખ પણ એ લૂટી લેવા ધારે છે? ભલા.

ઉમયા—એ એમ કહે છે કે—મેં પૂર્ણાના જે ઘરેણા ગીરો મૂકયા છે તે જ્યારે છોડાવી આપીશ ત્યારે મોકલીશ તે પહેલાં હું કદી મોકલનારો નથી.

પૂર્ણા—બળી ગયાં ઘરેણાં! મ્હારે નથી જોઇતાં એ. પણ મને એ ભલો થઇ જો મોકલે તો?

ઉમયા—ધીરજ ધરો. બધાં સારાં વાના થશે. હું આજ તેમને કહીશ. જો માને તો.

પૂર્ણા—તો તો મ્હારી ભલી ભાભી ! તુંજ મ્હારી પરમેશ્વર, ત્હારો એ ઉપકાર હું કદી નહીં ભૂલું. તું તેને જરૂર સમજાવજે. જોજે, ભૂલી ન જતી ? !

અંદરથી—પૂર્ણા ! એ પૂર્ણા !

ઉમયા—તમારી મા તમને બોલાવે છે. માટે જાઓ.

પૂર્ણા—(મોટેથી.) આવું છું. (ઉમયાને.) ભાભી! હું જઉં છું? તું મ્હારા ભાઇને સમજાવજે. અને ગમે તેમ કરી મને મોકલી આપે તેમ કરજે.

ઉમયા—વારૂ, મ્હારાથી બનતી મહેનત હું જરૂર કરીશ.

પૂર્ણા—ઉપકારી થઈશ તો તો.

ઉમયા—તમારે માટે હું જે કંઈ કરૂં તે ઉપકાર દાખલ નહીં પણ ફરજીયાત છે.

પૂર્ણા—ત્યારે હું જાઉં છું.

ઉમયા—જાઓ નિશ્ચિંત રહેજો.

પૂર્ણા—(જતાં જતાં બાજુમાં.) અહાહા ! અમારી જ્ઞાતિમાં પણ થોડું અંધારૂં છે ? ! શઠ શેઠોની શેઠાઈ માત્ર બડાઇ મારી બણગા ફૂંકવામાં કે, નાતવરા કરાવવામાં જ મોટાઈ માને છે પણ—

હરિગીત છંદ.

" ધન કાજ દુહિતા દીનને, વર વૃદ્ધ સાથ વરાવતા,
" લવલેશ નિર્દય દૈત્ય સમ, દિલમાં દયા નહિ લાવતા,
" રાજી રહે પાજી પિતા, તાજી તિજોરી નિજ થતાં,
" પુત્રી મહા દુઃખ પામતી, લવ પાપિ તે નહિ લેખતાં. ૧
" પણ ઉલટા દુહિતા પરે, અન્યાય પાછો આદરે,
" ઘરમાં ઘરેણા હોય તે, પચવે બિચારીના અરે !
" આવી અનીતિ થાય પણ, નવ શેઠિયા સંભાળ લે,
" ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર છે. "

(પૂર્ણા જાય છે.)

ઉમયા—(પૂર્ણા ગયા પછી.) શું કરવું ? નાથ કેમે સમજતા નથી. બિચારી એની મા પણ કહી કહીને થાકી. ગામના કેટલાક સંભાવિત પુરૂષોએ આવીને પણ સમજાવ્યાં પણ કોઇનું નથી માનતા. અને તેથી આ વાત આખા શેહેરમાં ઘેર ઘેર ચરચાય છે, પૂરી

ફજેતી થાય છે. હવે તો ઝટ સમજીને પૂર્ણાબાને જમાઇ સાથે મોકલી દેતો ઠીક.

મૂળરાજ—(પ્રવેશી) પેલાં મ્હારી બ્હેનનાં કલ્લાં લાવ, મ્હારે તે એક સોનીને બતાવવાં છે.

ઉમયા—લાવું છું નાથ. (કબાટમાંથી કલ્લાં કહાડી લાવી આપે છે. અને મૂળરાજ તે લઈ ચાલવા માંડે છે તેનો છેડો ઝાલી.) નાથ! જરા થોભો, મ્હારી એક વાત છે તે સાંભળી, તેનો જવાબ આપી પછી ખુશીથી જાઓ.

મૂળરાજ—(તિરસ્કારથી.) કેવી જંગલી જેવી સ્ત્રી છે. મ્હને કામની વખતે વાત કહેવા આવી છે: બોલ ઝટ શું કહેવા માગે છે?

ઉમયા—નાથ! જુઓ, બિચારી તમારી બ્હેન બહુ રડે છે. વળી ગામ પણ આપણી ચર્ચા કરે છે, માટે પૂર્ણાબાને નિર્મળશા તેડવા આવ્યા છે તો હવે મોકલી આપોને. શું કરવાને હઠ કરો છો.?

મૂળરાજ—(ગુસ્સાથી.) ગામ ચર્ચા કરે છે તો જખ મારે છે. મને કોઇની દરકાર નથી પૂર્ણાને મ્હારી ખુશીમાં આવશે ત્યારે મોકલીશ. ત્હારે તેમાં કંઈ ડહાપણ કરવાની જરૂર નથી. છોડ જવાદે, મ્હને વાર થાય છે.

ઉમયા—વ્હાલા, એમ ઉતાવળા શું થાઓ છો? મ્હારી પૂરી વાત તો સાંભળો. જુઓ નિર્મળશા બિચારો વૃદ્ધ છે વળી એને કોઈ ઘર ઉઠયું માણસ નથી. બૈરાં વિના રસોઇપાણીથી હેરાન થાય છે તેથી ઉતાવળ કરે છે. માટે પૂર્ણાબાને સારૂં મૂહરત જોવરાવી, વિદાયગીરી આપો તો ઘણી સારી વાત કહેવાય.

મૂળરાજ—એ વાત હમણા કદી બનવાની નથી. માટે એ વિષે કોઇએ મ્હારી પાસે પંચાત કરવી નહીં. નિર્મળશા બડો હરામખોર છે એણેજ મ્હને ગામમાં ફજેત કર્યો છે. અને કરે છે પણ હું કોણ? મૂળરાજ! જો એ વધારે ગડબડ કરશે તો એક સપાટામાં તેના રામ રમાડી દઈશ. સમજી.

ઉમયા—અરર નાથ, એશું બોલો છો? ગાય ઉપર ઘા થાય? તમને કોઇએ ભરમાવ્યા લાગે છે. પણ તમારા બાપદાદાની આબરૂ સંભાળો જો જ્યો, કોઈના કહેવા પ્રમાણે ચાલતા નહીં, નહિતો જગતમાં બેસતાં ટળી જશું.

મૂળરાજ—હું કોઇનો ભરમાવ્યો ભરમાઉં તેવો નથી પણ હું જે કંઈ કરૂંછું તે. મ્હારી પોતાનીજ બુદ્ધીથી કરૂં છું. છોડ હવે મ્હને જવાદે.

ઉમયા—ત્યારે શું મ્હારૂં કહેવું નહીંજ માનો નાથ?

મૂળરાજ—નહીં હું સ્ત્રીનું, કહેવું માનતોજ નથી.

ઉમયા—(કાલાવાલા સાથે.)

ગાયન.

(બેસો બેસો બેસો પ્રભુ પળવાર. એ રાહ)

માનો માનો માનો પ્રિય પ્રાણાધાર માનો,
ખોટો ચડવો નહીં તાનો. પ્રિય૦
ડરો જરા જગનાથથી, કરો નહી અન્યાય,
ભરો ન પદ પથ પાપને, શમવો ક્રોધ કષાય,
છોડો છોડો છોડો પ્રિય કુવિચાર છોડો,
બ્હેનીતણી પીડ પિછાણો. પ્રિય૦
રડે બ્હેન તમ રાંકડી, વળી રડે તમ માત,
ધરો દયા દિલમાં તમે, નિર્દય થાઓ ન નાથ
ધારો ધારો ધારો પિયુ સુવિચાર ધારો,
હરો કલેશ પૂરણા બાનો. પ્રિય૦

મૂળરાજ—(કંટાળાથી.) છોડ, છોડ, એ ત્હારૂં ટાયલું ! મને વાર થાયછે હઠ. (ધક્કો મારે છે. અને ચાલવા માંડે છે. એટલામાં તેની મા ધવલા પ્રવેશ કરે છે.)

ધવલા—મૂળરાજ, એ મૂળરાજ, ઉભો રહેનીભા. બિચારી વહુને ધક્કો મારી એમ ઉતાવળો કયાં જાછ ?

મૂળરાજ—(સ્વગત.) વળી આ ડગરી કયાંથી આવી ? (પ્રકાશ.) અત્યારે મ્હારે કામ છે એટલે હું ઉભો રહી નહીં શકું.

ધવલા—(તેનો હાથ ઝાલી.) જો ભા, આપણી ગામમાં ફજેતી થાય છે લોક હાંસી કરે છે. માટે ફઈજ્યા નિર્મળશા આવ્યા છે તો તેમની સાથે પૂર્ણાને મોકલી આપ, વળી પૂર્ણાની પણ મરજી છે તો ત્હારે તેને રાખીને શું કામ છે ?

મુળરાજ—(ગુસ્સાથી.) નહીં, નહીં, એ વાત કદી બનવાની નથી. તમે તમારે છાનામાના ઘરમાં બેસો, જાઓ. (તરછોડી ચાલ્યો જાય છે.)

ધવલા—(નિશ્વાસ નાંખી.) અરેરે! એતો મને તરછોડી ચાલ્યો ગયો. આતો કોઈ મ્હારે પેટ વેરવાઇ આવ્યો, નહીં તો આમ ન હોય. મૂળરાજ નામ પ્રમાણે મૂળ કહાડવા પેદા થયો છે આતો. શિવ ! શિવ ! (જાય છે પડદો ઉપડે છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—હીરલનું શયનભવન.

(હીરલ અને હુસનેખાં પલંગપર બેસતા નજરે પડે છે)

ગાયન.

હુસેનખાં— (માનુની માન જોબન ઝમક જવાની એ રાહ.)

નજરીયા મેરીજાં તેરી કટરીયાં,
તેરી કટરીયા લગી હયે છતીયા— નજરીયા
ગોરા ગોરાયે જાની, ચાંદસા ચહેરા તેરા.
દિખાકે મન હર લીનો સુંદરીયા— નજરીયા.
અજબ લાસાની તેરી, રૂખસાર જવાની,
મુજકો પીયારી તેરી હયે બતીયા— નજરીયા.
તેરી જુદાઇસે જાતી હયે જાન મેરી,
બેચેનીસે મેરી કટે ન રતીયા— નજરીયા.

હીરલ—(મનમાં) હુસેનખાનાં ખીસ્સા હમણા તદ્દન ખાલી થઈ ગયાં છે, એટલે હવે આપણું કંઇ વળે એમ નથી લાગતું. માટે તેને હવે ધકકો લગાવવો જોઈએ. (પ્રકાશ,) હુસેન ! જો કે તમે મ્હારાપર મહોબ્બત તો ઘણી સારી રાખોછો, પણ દમડી દેવાની વાત હમણા ભૂલી ગયાછો એ શું ?

હુસેનખાં—અયે પ્યારી, યહી ખિયાલમેં યહ બંદા બેહાલ હયે, કયુંકે હમે જો મીલતાથા તનખા વહ બંદ હાલ હયે. ઉસ કારનસે હુવાહું અબ લાઇલાજ મંયે, દે સકા ન પાઈ તુજકો હું મહોતાજ મંયે,

હીરલ—તમારો પગાર બંધ થયો એ માટે હું ઘણીજ દીલગીર છું. પણ હવે તમે મને જ્યારે પાઇ પણ નહીં દઈ શકો. ત્યારે હું ખાઇશ શું ?

હુસેનખા—યે દીલબર, જાનોજીગર, યહ ચલતા એક માસ તક તૂ અપના પાસકે પેસેસે ગૂજરાન ચલાના, મુજે નહી ગભરાના. અલ્લાહ કરેગા તો ઇતિનેમેં મેરા તનખા શુરૂ હોજાયગા, અઓર ફીર તૂ જો મુંસે મંગેગી વહ બંદા હાજર કર દેગા.

હીરલ—મ્હારી પાસે હાલ એક પાઈ સરખી પણ નથી. આજ મ્હારે વાપરવા માટે એક રૂપીઓ જોઈતો હતો તેપણ મેં મ્હારી બ્હેન પાસેથી ઉછીનો લઈ વાપર્યો, માટે હુસેન ! એક માસ સુધી મ્હારે પૈસા વગરતો નહીં ચાલે. ગમે તેમ કરો, પણ મને દશ રૂપીઆ તો જરૂર લાવી આપો.

હુસેનખાં--લાચારહું કયા કરૂં મેરી પાસ જો નહીં હયે, વહ મંયે કહાંસે લાદુ?

હીરલ—એ હું શું જાણું ? પણ જો તમારે મ્હારી મહોબ્બત રાખવી હોય તો એટલા રૂપીઆ કરજે કહાડીને પણ લાવી આપો કેમકે, મ્હને મ્હારી બ્હેન બહુ લડે છે કે, તું તો બધાં મફતીયાનેજ ત્હારે ઘેર આવવા દેછે.

હુસેનખાં--અફસોસ સદ અફસોસ ! કયા મંયે મફતીયાહું ? બડી તઆજ્જુબકી બાત હયે! મંયે તેરી આશનાઈ કે લીયે કમાકમાકે મેરી, સબ કમાઈકી મલાઇ કર કર તુજકો ખીલાઈ, એક પઇભી પાસ નહી જમાઈ અઓર અબ જબ મેરી નઓકરી તૂટ ગઈ, ખીસ્સેસે અશરફીઆં ખૂટ ગઇ. તબ તૂ યહ બાત સુનાતી હયે, શરમ નહીં આતી હયે ?

હીરલ—મીયાં ! એમાં તમે શી મ્હોટી નવાઈ કરી છે કે કમાઇ કમાઇ કરોછો ? પારકી સ્ત્રી પોતાના કરવી તે કંઇ પૈસા વગર ન થાય, સમજ્યા ?

હુસેનખાં—સબ સમજ ગયા; મગર જબ મંયે તૂ જે મુઝસે મંગતીથી ઇતિની અશરફી દેતાથા તબતો તૂ મુજે બહોત મ્હોબ્બત અઓર મુરવ્વત દીખાતીથી, સીને લંગાતીથી. અઓર કહેતીથી કે તુમતો મેરે સઓહર હો, આંખોકે ગહોગરહો, જાનોજીગરહો, મંયે તુમકો કભી ન છોડુંગી, આપકી લઓંડી બન રહુંગી. અયસી અયસી બહોત જબાન ચલાતીથી. યહ જબાન અભી કયું પલટ ગઈ? પૈસેકી કે લીયે કે કુચ્છ અઓરકે લીયે ?

હીરલ—તમે પહેલા એટલુંતો જાણતા હશો કે વેશ્યાઓ બધી પૈસાથીજ પ્યાર બતાવે છે ?

હુસેનખાં—હાં,

હીરલ—તો પછી તમે શામાટે ભૂલી ગયા, અને મ્હારામાં લોભાઈ ગયા?

હુસેનખાં—અવ્વલ મુજે મહાલુમ નથી કે તૂ અયસી બેવફાઇ કરેગી. ખએર જો મેરે મુકદ્દરમેંથા વહ હુવા. મગર હીરલ મંયે તેરી યહ બેવફાઇ કરનેકી સબ મતલબ પાયાહું, તુજકો એક રસરાજ નાંવકા નયા બેહયા યાર મીલાહયે, ઇસલીયે યહ બેવફાઇ કરકે મુજકો રીહાઇ દેને ચાહતી હયે.

હીરલ—(મનમાં) આ પીટયાને તેની ખબર કયાંથી પડી ? (વિચારી) હશે; પડી તો શી હરકત છે. મ્હને એની થોડીજ પરવા છે (પ્રકાશ) હા, તમે જો મ્હારો ખર્ચ ન આપો તો મ્હારે બીજો યાર કરવોજ જોઇએ કેમકે, એ તો અમારો ધંધો છે.

હુસેનખાં—હીરલ, જરા ખુદાકા ખૌફ રખ કયા તેરા અયસા ધંધા હયે કે યારકો જાનમાલસે ખ્વાર કર ફીર હકાલ દેના ? વાહ ! કયા તેરી દાનાઇ અઓર વફાઇ ! ! સચ્ચ પૂછે તો તૂ જાતકી કસાઈ હયે બડી બદકિરદાર નામાકુલ લુગાઈ હયે

હીરલ—(ગુસ્સાથી) મીયાં હું ગમે તેવી છું એ વિષે કંઇ તમારે વધારે બોલવાની જરૂર નથી જાઓ અહીંથી માનભર, નહીંતો મ્હારે તમને નાહક અપમાન કરી કહાડવા પડશે. ઉતરો મ્હારા ઘરથી હેઠા

હુસેનખાં—યે મગરૂર અઓરત અબ દીખાઈ તેરી વફાઈકી સફાઈ મગર યાદરખ મુજે ખાખાકે પામાલ કર આખર તેને જો યહ બેવફાઈ જતાઈ હયે વ્હ બેરમયે કભી ન છોડુંગા તૂ અઓર તેરે યારકા સર ફોડુંગા.

હીરલ—જાજા ભડવા ? ત્હારાથી શું બનવાનું હતું ? ત્હારાથી કઇક ભલભલાને મેં ભીખ મંગાવી વટાવો દીધા છે તો તું તે બીચારી શા હીસાબમાં છે !

હુસેનખાં—(સક્રોધ) યે કાફરકી જાત કબજાત અઓરત જબાન સમાલ. નહીંતો અભી તેરા ગલા દબા દુંગા. જાનલુંગા.

હીરલ—જાન લેવાની ત્હારી સુરતતો દેખ છાનો માનો આબરૂભર ચાલ્યો જા નહીતો ધુળ ભેગી થઇ જશે મીયાં. આ હીરલને તું હજી બરાબર ઓળખાતો નથી માટેજ આટલો બકવાદ કરે છે.

હુસેનખાં—બરાબર પએચાનતાહું તેરી બદકારી; મગર યાદ રખ રંડી ! મયે તુઝે—

ગાયન.

(સારે નીસા સારે નીસા એ રાહ.)

કચ્ચી ચાબુ ગરદન દાબુ ચખાઉ ફલ બદકારીકા,
કત્લ કરૂં મયે જખ્મ લગાકે યેહી કટારી કારીકા,
આજારી ભારીકા. કચ્ચી૦
હરદમ રખ્ખુ હરામજાદી ખિચાલે તેરી ખ્વારીકા,
લાચારી જારીકા. કચ્ચી૦
ભુલાઉ સબમેં ઘુમંડ તેરા ગરૂર તુ નાકારીકા,
પાજી પીડારીકા. કચ્ચી૦

(હુસેનખાં ચાલ્યો જાય છે પાછળથી હીરલ તેના કાકડા મોળે છે.)

(પડદો પડે છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળઃ—   રસ્તો.

(ગુલાબરાય, શુકરાય અને જીવરાજ પવેશ કરે છે.)

ગુલાબરાય–(પ્રવેશતાજ.) અફ્સોસ ! બાજી બધી બગડી ગઈ. હુસેનખાં-થી કંઈ થયું નહીં અને રસરાજ છટકી ગયો. મેં તો ધાર્યું હતું કે રસરાજ પાસેથી જરૂર પાંચ પચીસ રૂપીયા મળશે પણ કાંઈ વળ્યું નહીં યાર !

શુકરાય—વળે તે કયાંથી ? રસરાજની હાજરીમાં પેલી રાંડે હુસેનખાંને ઘર પર ચડવા પણ નહીં દીધો ત્યાં.

જીવરાજ—તે દિવસ તો ઘરપરજ ચડવા નહી દીધો હોય પણ ગઈ કાલેતો બિચારા હુસેનખાંને બીલકુલ ધક્કો માર્યો, તેથી કાલે તો મોટો જોયા જેવો ચક્રાવો થયો હતો.

ગુલાબરાય–તેને ધક્કો મારવાનું મ્હારા ધારવા પ્રમાણે રસરાજેજ શીખાવ્યું હશે.

જીવરાજ—ના, ના, રસરાજ તો ચાર દિવસ થયા ધમીલપુર ગયેલ છે. તે હજી આવેલ પણ નથી. હુસેનખાંને ધક્કો મારવાનું કારણ તો એવું હતું કે રાંડે કંઈક રૂપીઆ માગ્યા અને હુસેનખાએ તે ન આપ્યા તેથી.

શુકરાય—ખેર ! મૂકો એ વાત એમાં કંઇ સાર નથી. પણ હવે શું ધાર્યું? કંઇ નાણાનો જોગ થાય તો ઠીક નહીંતો હવે પૂરી કમબખ્તી છે.

ગુલાબરાય—હા, યાર, નાણા વિનાતો પૂરા મુંઝાણા છીએ. ત્રણ દિવસ થયા ઘરમાં દાણાના પણ ઠેકાણાં નથી.

જીવરાજ—કોઈ અચ્છું બડદ મળી જાય તોજ ભૂખ ભાંગે તેમ છે, તે વિના ભૂખ ભાંગવી નથી. પણ આજ મૂળરાજ કેમ નથી આવ્યો ? એ આવ્યો હોત તો કંઇક ઉપાય શોધી કાઢત ખરો.

શુકરાય—તેની બ્હેન પૂર્ણાને તેડવા માટે તેનો બનેવી આવ્યા છે. તેથી કંઇ કામકાજમાં રોકાયો હશે નહીતો આવ્યા વગર રહે નહીં.

ગુલાબરાય–પેલો આવે તે મૂળરાજ છે કે કોઈ બીજો છે ?

જીવરાજ—(જોઇને.) હા. એજ આવે છે. (મૂળરાજ પ્રવેશે છે તેને.)

શુકરાય—આઇયે દોસ્ત મૂળરાજ ! (સેકહેન્ડ કરે છે.) અત્યાર સુધી આપની સ્વારી કયાં હતી ? આજ આપનો ચ્હેરો કંઇક ઝાંખપ મારે છે. તેથી કંઈ દીલમાં અફ્સોસ હોય એમ લાગે છે.

ગુલાબરાય-ખરૂં છે. મને પણ એમજ લાગે છે.

મૂળરાજ—તમારૂં ધારવું ખરૂં છે.

જીવરાજ—એવી શી આફત આવી પડી છે? જે હોય તે અમને જણાવો. અમે સૌ મિત્રો તમારા દુઃખમાં ભાગ લેવાને તૈયાર છીએ.

ગુલાબરાય-બેશક; સુખ દુઃખમાં ભાગ લેવો એ મિત્રની પહેલી ફરજ છે.

શુકરાય—અમને તમે તાળીયા મિત્ર ન સમજતા. બોલો; તમારે માટે કદી અમારે અમારૂં માથું દેવું પડે તેમ હશે તોપણ અમે પાછી પેની ભરશું નહીં.

મૂળરાજ—તમારો તે ખાતે મને વિશ્વાસ છે તેથીજ હાલ હું તમારી પાસે આવ્યો છું પણ વાત ઘણી જોખમ ભરી છે. એટલે કહેતાં મન જરી સંકોચાય છે.

ગુલાબરાય-શા માટે મનને સંકોચાવો છો? ગમે તેવી જોખમથી ભરેલી હશે તોપણ શી અડચણ છે? બોલો, કે ઝટ તેનો ઇલાજ લઇએ.

મૂળરાજ—(આસપાસ જોઇને) મેં મ્હારી બ્હેન પૂર્ણાનાં પાંચસો રૂપીઆનાં દાગીના ગીરો મૂકી ખાધાં છે. અને મ્હારી બ્હેનને મ્હારો બનેવી પોતે તેડવા આવ્યો છે. હું હાલ પૂર્ણાને મોકલવાની ના કહું છું પણ એ માનતો નથી. અને ગામમાં ઘેર ઘેર મ્હારી ફજેતી કરે છે કે "મૂળરાજે મ્હારા પાંચસો રૂપીઆનાં દાગીનાં મૂકી ખાધાં છે તે છોડાવી આપતો નથી અને તેની બ્હેનને મોકલતો પણ નથી." તેથી દોસ્તો મને તો મરવા જેવું થયું છે કેમકે દાગીના છૂટે તેટલા મ્હારી પાસે હાલ રૂપીઆ નથી એટલે છેવટ મેં એક ઉપાય શોધ્યો છે તે જો તમે સલાહ આપતા હો તો કરીએ.

જીવરાજ—ઘણી ખુશીથી અમે સલાહ આપીશું. બોલો, શો ઉપાય કરવો ધાર્યો છે?

મૂળરાજ—ઉપાય એજકે-પેલા ભગલા પાસે આપણે નિર્મળશા વશ થાય તેવો કંઈ દોરો કરાવીએ.

શુકરાય—બરાબર છે. ભગલો મંતર, જંતર અને મૂઠ ચોટમાં ઘણો હુશિયાર છે. એટલે આપણે ધારેલું કામ એ કરશેજ કરશે.

ગુલાબરાય-પણ એ કંઈ મફત કરી નહીં આપે. તેને કંઇક રકમ પહેલી આપવી પડશે તેનો જોગ કરી આવ્યા છો કે—હજી હવે પછી કરવાનો છે?

મૂળરાજ—ના, તેને આપવા માટે હું પચાશ રૂપીઆ સાથે લાવ્યો છું અને બીજા આપણું કામ થયેથી આપીશું.

જીવરાજ—ત્યારે ચાલો તેના ઘેર જઇ તેને સમજાવીએ અને મન માન્યો ઇલાજ કરાવીએ. ભગલો અત્યારે ઘેરજ હશે.

ગુલાબરાય-જઇએ છીએ, થોભ જરા. પણ શુકરાય, ન કરે નારાયણ અને કરેલું કામણ જો ઉંધુ પડયું અને તે કોઇના જાણવામાં આવ્યું તો આપણે બધાં તોપને મોઢે બંધાશું હા ! પછી કહેશે કહ્યું નહીં

શુકરાય—ફીકર નહીં ફીકર; એતો બધાં સારાવાના થશે તું ત્હારે ચાલને, પાણી પહેલાં મોજડાં શા માટે ઉતારે છે?

મૂળરાજ—ચાલો ચાલો ! વળી બે જણા શું વિચાર કરો છો ?

શુકરાય—કંઇ નહીં એ તો અમે રહેજ બીજી વાત કરતા હતા. ચાલો.

ગુલાબરાય-ઠીક છે. ચાલો થાય તે ખરી. (બધાં જાયછે. પડદો ઉપડે છે.)

પ્રવેશ પાંચમો.

સ્થળ:-ધમીલપુરમાં રસરાજનું ઘર.

(રસરાજ આરામચેર પર સૂતેલો દેખાય છે.)

ગાયન.

રસરાજ— (અભાગી હું છું રાજવંશી ખરે એ-રાહ.)

છબીલીને છોડી હું આવ્યો અહીં,
પરંતુ પડે ચેન મનમાં નહીં— છબીલી.
વિકટ વિરહની વેદના, વિપળ ન-રે વેઠાય,
ભ્રમિત થઇ ચિત્તડું ભમે, સ્થિર જરી નવ થાય—છબીલી.
નવલ કિશોરી હરનિશે, હૃદય વસી છે વાસ,
એક ઘડી અળગી નથી, પણ ઉર થાય ઉદાસ—છબીલી.
કામા અતી કરતી હશે, અંતર નિજ ઉચાટ,
નેહે નીરખતી હશે, વ્હાલી માહરિ વાટ— છબીલી

મેં અત્રે આવ્યા પછી મ્હારી મનમોહના હીરલને મનિઆર્ડર કરી રૂપીઆ મોકલાવ્યા, પણ હવે મને પોતાને અંગલપુર જવા માટે મ્હારી મા અને ભાઇઓ ના કહે છે, ઘણીજ હઠ કરે છે. અને મને અહીં ઘડીપણ ચેન નથી પડતું.

Rasraj's mother's ... When ... with ... Jonathan

દ્રુતવિલંબિત્ વૃત્.

વિલપતી વિણ હું વનિતા હશે, કુતરકો દિલમાં કરતી હશે.
દિન ઘણા કદિ જો મુજને થશે, જરૂરતો જુવતી અહીં આવશે.

એ સુંદરીથી મ્હારો વિયોગ નહીં વેઠાય અને કદી જો અહીં આવશે. તો પૂરી ફજેતી થશે, એટલુંજ નહિ પણ ઘરમાં મ્હોટો કલેશ ઉત્પન્ન થશે. માટે લાવ, તેને પત્ર લખી અહીં નહીં આવવો સૂચના કરૂં (દોત કલમ લઇ નીચે પ્રમાણે પત્ર લખે છે.)

ગુણીયલ પ્રિય હિરલ !

અપરાધી છું કે—મ્હારાથી સબળ કાર્ય પ્રયોગના પ્રસંગોપાત સમયપુરઃસર ત્હારી સન્નિધ આવી પહોચાયું નથી. આશા છે કે મ્હારા તે અપરાધની મને મ્હારી મનમોહના ક્ષમા કરશે અને સાથે બીજા બે દિવસ વધારે રોકવાની છૂટ આપશે.

વિશેષ ખાસ સૂચના એ છે કે—ભૂલે ચૂકે પણ ત્હારે પોતાને અહીંયાં આવવું નહીં કેમકે, તું અહીં આવવાથી મને કેટલીએક મુશ્કેલીઓ વેઠવી પડે તેમ છે.

અત્રેથી મેં કરેલ મનિઆર્ડર તને મળ્યો હશે અને મળ્યો હોય તો તેની સ્વેચ્છા પ્રમાણે વ્યવસ્થા કરવાને તું અધિકારી છો.

આ પત્રનો પ્રત્યુતર લખવા તસ્દી લેવી નહીં, હું બે દિવસ પછી અવસ્ય તને આવી મળીશ, એજ તા. સદર

લી. ત્હારો પ્રેમઘેલો **રસરાજ**

(પત્ર બીડી, શિરનામું કરીને) નરોત્તમ ! (નહીં બોલતા) નરોત્તમ ! ! (નરોત્તમ પ્રવેશીને.)

નરોત્તમ—શું કહો છો મ્હોટાભાઈ ?

રસરાજ—લે; આ કાગળ ટપાલની પેટીમાં નાંખી આવ. જા, પણ જો, રસ્તામાં તેનું શિરનામું કોઇને વંચાવીશ નહીં સમજ્યો કે ?

નરોત્તમ—વારૂ, કોઇને પણ નહીં વંચાવું (નરોત્તમ પત્ર લઈ જાય છે)

લક્ષ્મી—(પ્રવેશીને) ભાઈ રસરાજ ! શું કરછ બેટા ?

રસરાજ—(સવિનય) આવો મા, ચોપડી વાંચુ છું. શું કંઇ કામ છે મ્હારૂ?

લક્ષ્મી—હા, મ્હારે તને બે બોલ શિખામણના કહેવા છે જો તું સાંભળેતો !

રસરાજ—સુખેથી કહો, તમારી સિખામણને વેદ વાકય પ્રમાણે માન આપી, હું મ્હારે માથે ચડાવીશ. બોલો, જે કહેવા ધારતા હો તે.

લક્ષ્મી—તેં અંગલપુર કોઈના પર મનિઆડર કરી કંઈ રૂપીઆ મોકલા-
વ્યા હતા ?

રસરાજ—(વિચારીને) હશે; પણ એ કેમ પૂછવું પડયું ?

લક્ષ્મી—તેની પહોંચ આવી છે.

રસરાજ—લાવો, ક્યાં છે એ પહોંચ !

લક્ષ્મી—એ ભાઈ ગુમાનચંદે લીધી છે. અને તે તેની પાસેજ હશે.

રસરાજ—(સક્રોધ) એણે મ્હારા નામની પહોંચ શા માટે લીધી ? !

લક્ષ્મી—ભાઈ, એમાં ગુસ્સે શું થાય છે, ત્હારા નામની પહોંચ એણે લી
ધી તેમાં શું થઈ ગયું ? પણ જ્યારથી એ પહોંચ આવી છે
ત્યારથી અમારા કોઠામાં તેલ રેડાયાં છે.

રસરાજ—શા માટે ?

લક્ષ્મી—ગુમાન મને કહેતો હતો કે—રસરાજે અંગલપુરમાં એક રાંડ
રાખી છે. તેને રૂપીઆ મોકલ્યા હતા તેની આ પહોંચ છે તેથી.

રસરાજ—(સ્વગત) વાત બધી ફુટી ગઇ છે. ખચીત, હવે ઘરમાં મ્હોટો
કલેશ થશે. શું કરવું ? માને કેમ સમજાવવી લેવી ? (વિચાર ક-
રીને) મા ! મ્હારાથી તમારા આગળ મર્યાદા મૂકી એ વિષે કંઈ
કહેવાય તેમ નથી. પણ તમે જાણો છો કે—હું કવિનો ધંધો
કરૂં છું, એટલે મ્હારે બધી જાતના અનુભવ કરી જોવા જોઇએ
અને મેં હાલમાં જે પગલું ભર્યું છે તે અનુભવ માટેજ છે.

લક્ષ્મી—(વચમાં) પણ આપણી જગતમાં આબરૂ જાય તે !

રસરાજ—હું મૂર્ખ નથી કે આબરૂ જાય તેવું કામ કરૂં; હું બધુંય સમ-
જું છું માટે તે વિષે તમારે કે ઘરના કોઇપણ માણસે કંઈપણ
ચિંતા કરવી નહીં. મને મ્હારી આબરૂ મ્હારા પ્રાણ કરતા પણ
વધારે વ્હાલી છે.

લક્ષ્મી—બેટા ! તું ભણેલો છે, ડાહ્યો છે એટલે બધું સમજે એમાં કંઈ
નવાઈ નથી, પણ ત્હારાં આ કામને ~~ભાઇ ગુમાન~~ ઘણુંજ ધિક્કારે
છે અને કહે છે કે—"મ્હારે હવે રસરાજ સાથે બનવાનું નથી
માટે હું જૂદો રહીશ" મેં ઘણોય સમજાવ્યો પણ નથી સમજતો.
તેનું શું કરવું ?

રસરાજ—(આશ્ચર્યતાથી) શું એ જૂદો રહેવાનું કહે છે ? એટલું બધું એને
ગુમાન છે ? (વિચારીને) ઠીક છે; સમજે તો ફરીથી પણ એને
સમજાવજો. નહિતો તેને તેનું ધાર્યું કરવા આનંદે રજા આપજો.
સમજ્યા ?

લક્ષ્મી—પણ ભાઇ ! એ જ્યારે જૂદો થાય અને તું પરદેશ નોકરી પર જા, ત્યારે પાછળ અમારી શી વલે થાય ?

રસરાજ—માતુશ્રી ! તમે જરાપણ ગભરાશો નહીં; આજથી હું પરદેશ નોકરી કરવાની પ્રતિજ્ઞા કરૂંછું પણ આપણ બધાંને અંગલપુર રહેવા જવું પડશે કેમકે, ધમીલપુરમાં મ્હારે યોગ્ય કાંઈ પણ ઉદ્યોગ મળતો નથી.

લક્ષ્મી—ભલે, તું જ્યાં લઈ જઇશ ત્યાં અમે આવશું, પણ હવે હું તને વીલો મૂકીશ નહીં કેમકે, ગુમાનભાઈ નામ પ્રમાણે ઘણા ગુમાની છે. એના મેણાટુંણા મ્હારાથી નથી સંખાતા. એ રપકેક એવાં વેણ બોલે છે કે, હુંતો સાંભળીને બળીજ મરૂંછું.

રસરાજ—એતો તમે મને આજેજ કહોછો પહેલા કેમ જણાવ્યું નહીં ?

લક્ષ્મી—બેટા, મેં જાણ્યું કહીશ તો નાહક છોકરાં લઢી મરશે અને કલેશ થશે તેથી એ જે બોલતો તે હું પેટમાંજ રાખતી.

રસરાજ—(મનમાં) વાહ ! ભલીમા વાહ! આવા ત્હારા અનેક ઉપકારનો બદલો વાળવા ઇશ્વર મને કયારે વખત આપશે ? હુંતો કહુંછું કે આવી પુત્રને સુખેસુખ અને દુઃખેદુઃખ માનનારી માતાના અનેક ઉપકારો ભૂલી, જે હરામી પુત્રો ઉલટા તેને સંતાપ ઉપજાવે છે. તેવા વણુસંકરો તમે રૌરવ નર્કના અધિકારી થજો. (પ્રકાશ) ત્યારે મા ! જો તમે મને રજા આપતા હો તો; હું આવતી કાલ અંગલપુર જાઉ અને ત્યાં જઇ આપણે લાયક કોઈ જગ્યા ભાડે લઈ હું તમને તેડવા આવીશ. તમે ઘરનું બધું રાચરચીલું બંધાવી તૈયાર રાખજો.

લક્ષ્મી—જજે પણ પેલો લપ્પો છોડી દેજે. જો ભા, આપણુને એ ન છાજે.

રસરાજ—તે ખાતે તમે બીલકુલ નિશ્ચિંત રહેજો, હવેથી બધું તમારા કહેવા પ્રમાણેજ થશે.

લક્ષ્મી—ઇશ્વિર તને સદ્ બુદ્ધી આપો. બેટા ! મ્હારા જેવી ભોળી માને જો તું સંતોષ આપીશ તો ત્હારૂ અભરે ભરાશે. એટલુંજ નહી પણ—

ગાયન.

(સહાય સદા વીર તારી. એ. રાહ.)

વિજય સદા વીર થાશે, આશિશે મ્હારી,
મહિતળમાં તુજ મહિમા વધશે, મહિપતિ માનજ દેશે,
રહીશ નહીં કદિ રંકજ વેશે, રીદ્ધિથી નીધિ છવાશે.—આશી૦

રતન શરીરનું જતનજ કરશે, માત ભવાની અંબા,
સંકટ સઘળાંને સંહરશે, આંચ ઉની નહી વાશે.-આશી૦
રસરાજ—આશીશ આપની શીશ ચડાવું, શીશ નમાવી માતા,
લક્ષ્મી—વ્હાલા ત્હારા લઉં વારણા, આજ અતીશે હુલ્લાસે.-આશી૦

(બંન્તે જૂદા પડે છે. પડદો પડે છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—ભગલાનું ઘર.

ગાયન.

(શરમ છે શરમ. એ. રાહ.)

એલમ છે અપાર, મ્હારી પાસે યાર,
કરૂં કઇને ઠાર, હું જબર છું જબર.
દેવિ દેવ પીર, વેતાળને વીર,
સાધ્યા મેં સુધીર, હું જબર છું જબર.
સાકણ ડાકણ ભૂત, ભૈરવ અદ્ભૂત,
કર્યા તાબે દૂત, હું જબર છું જબર.
જાણું મુઠ ચોટ, ચલાવું સચ્ચોટ,
મારૂં વીણ મ્હોત, હું જબર છું જબર.

હું ઉપરથી જેટલો સીધો અને સાદો દેખાઉ છું. તેટલોજ અંદરથી કપટી અને નટખટછું. મ્હારી પાસે મોહની, મારણ, વશીકરણ, ઉચ્ચાટન અને થંભની નામની ઘણી વિદ્યાઓના મંતર છે. તેથી હું કોઇપણ કામ વગર મહેનતે કરી શકું છું ગામના ઘણા સારા સારા માણસો મ્હારે ત્યાં દોરા ધાગા કરાવવા આવે છે. તેની પાસેથી બંદા મનગમતો પૈસો પડાવે છે. અને પોતાનું ગૂજરાન ચલાવે છે. પણ હમણા કોઈ દર્દી આવ્યું નથી તેથી જરા તંગી ભોગવવી પડે છે. (ચંડાળ ચોકડી પ્રવેશે છે.)

મૂળરાજ—કેમ ભગાભાઈ શું કરો છો ?

ભગલો—આવો, આવો શેઠ. ભલા આજ અમારે ત્યાં પગલાં કર્યા ! !

શુકરાય—તમારૂં એક જરૂરનું કામ પડ્યું છે.

ભગલો—મ્હારૂં કામ પડ્યું છે એમ ? ભલે, જે હોય તે સુખેથી ફરમાવો હું કરવાને તૈયારછું.

ગુલાબરાય—એ તો તમારો અમને ભરૂશો છે. પણ કામ ઘણું જોખમ ભર્યું છે.

મૂળરાજ—હા, માટે કોઈ ન જાણે તેમ થવું જોઇએ.

જીવરાજ—તેનો તમને મનમાન્યો બદલો પણ મળશે. તમારી મહેનત ફોગટ જશે નહીં.

ભગલો—પણ મને કહો તો ખરા કે એવું શું કામ છે?

શુકરાય—આ મૂળરાજના બનેવીને તો તમે ઓળખતા હશો?

ભગલો—હા, તે?

મૂળરાજ—મેં તેના પાંચસો રૂપીઆનાં દાગીના મૂકી ખાધાં છે, તેથી મને તે બહુ મુઝવે છે એટલુંજ નહીં પણ ગામમાં ફજેત કરે છે. માટે તે અમારે વશ થઈ, કંઈ પણ બોલે નહીં તેમ કરી આપો તો—

ગુલાબરાય—તમે મોઢેથી માગો તેટલા દામ, ઈનામના પછી શું?

ભગલો—(વિચારીને.) ઠીક છે. પણ પહેલું મને કંઈ આપવું પડશે. કેમકે મ્હારે તે માટે ઘણી ક્રિયાઓ કરવી જોશે.

શુકરાય—લ્યોને પહેલા પચાશ; પણ કંઈ કચાશ રાખશો નહીં (બાજુ) બેડો પાર થઇ જાય તેમ કરજો. (પ્રકાશ.) મૂળરાજ, ગણી આપો પચાશ રૂપીઆ ભગાભાઇને.

મૂળરાજ—ભલે; (પાકીટમાંથી રૂપીઆ કાઢી, ગણી આપે છે તે ભગલો લઇને.)

ભગલો—લ્યો, આ ત્રણ પડીકાં.

જીવરાજ—શું કરવા એ? (પડીકાં લે છે)

ભગલો—તે તમે નિર્મળશાને સવારે ચાહમાં અને બપોરે તથા સાંજે જમવામાં ખવરાવજો. એટલે તમે ધારેલું કામ પાર પડશે.

મૂળરાજ—તેથી કંઈ બીજી અડચણ તો નહી થાયના?

ભગલો—હા, કદી સાંજે સંધ્યા વખતે તેને ચક્કર આવશે. પણ તેથી તમે કોઈ ગભરાશો નહીં કેમકે, એ ચક્કર બે કલાક પછી બંધ પડી જશે.

જીવરાજ—અને કદાચ વધારે વખત રહેશે તો?

ભગલો—તો તમે મને ખબર આપજો એટલે હું તરતજ તે બંધ કરી દઈશ.

મૂળરાજ—વારૂ ત્યારે હવે અમે રજા લઇશું. (જવા માંડે છે.)

ભગલો—થોભો જરા; એક મ્હારી વાતનો ખુલાસો કરતા જાઓ.

શુકરાય—બોલો શી વાત છે?

ભગલો—તમારૂં આ કામ ફતેહ થયા પછી મને શું આપશો ? તેનું અ-ત્યારેજ ચોખ થવું જોઇએ કેમકે-પાછળથી કંઇ વાંધો પડે તે ઠીક કહેવાય નહીં.

મૂળરાજ—કામ ફત્તેહ થયે બીજા પચીસ રૂપીયા આપીશ.

ગુલાબરાય—બોલો હવે તો ખુશીના ?

ભગલો—જોકે, મ્હારા મન તો એ ઘણા થોડા છે, પણ મૂળરાજ શેઠની શરમ મ્હારાથી નથી છોડી શકાતી એટલે બસ છે. બીજા મને બસો રૂપીઆ આપે તોપણ આવું કામ કરી ન આપું.

શુકરાય—ના તમારા દિલમાં જરાપણ વસવસો રાખસો નહીં. પચીશના ત્રીસ આપીશું. કેમ મૂળરાજ ?

મૂળરાજ—હા, તમને પાંચ વધારે આપશું તોપણ તે અમારા ઘરમાં છે.

ભગલો—ભલે, ભલે શેઠ, ત્રીસ આપજો જાઓ. હું ખુશી છું.

ગુલાબરાય-તો બસ; ચાલો હવે સારે જઇએ.

જીવરાજ—હા, ચાલો. મ્હારે ઘેર ઘણું કામ છે.

મૂળરાજ—ચાલો. (ચારે જણ જાય છે.)

ભગલો—(બધાં ગયા પછી.) બસ બસ પળવારમાં પચાશ રૂપીઆ મારી લીધા. હવે એ જીવે કે જહાનમમાં જાય તેની આપણને થોડી-કજ દરકાર છે. (હાથમાં રૂપીઆ ખખડાવે છે અને ખુશી થાયછે.)

ભલી—(પ્રવેશી.) મ્હારા વ્હાલા ! એટલી બધી કયાંથી કમાણી મેળવી લાવ્યા ? એતો મને કહો.

ભગલો—પેલા મૂળરાજને આજ મેં વસીકરણના ત્રણ પડીકાં આપી આ પચાશ રૂપીઆ પડાવ્યા. કેમ ખુશીના?

ભલી—બળ્યું મેં તમને હજાર વખત કહ્યું કે–એવી હરામની કમાણી આપણે નથી જોતી, તોપણ તમે નથી માનતા. એવાં કાળાં કામ કરી હજારો રૂપીઆ મેળવો પણ તે પહોંચશે નહીં; ફનાજ થશે. અને નાહક ઇશ્વિરના ગુન્હેગાર શું કરવા થાઓ છો?

ભગલો--અરે ગાંડીરે ગાંડી ! આજના સમામાં મોટા મોટા બ્રાહ્મણો પણ આવાં કામાં કરી પૈસા કમાય છે તો આપણે શા લેખામાં. કેમકે–

ગાયન.

(યે આલમકે કરતાર ખુદા. એ રાહ.)

આ દુનિયામાં સૌને છે પૈસાનો પ્યાર,
પૈસો સરદાર, પૈસો કિરતાર,
જો પૈસો તો સર્વે કરે સત્કાર,

જો પૈસો તો વૈરી બચ્યાં ધરે પ્યાર,
જો પૈસો તો માલ મળેજ ઉધાર,
થાય પૈસા વિના હુડધૂત અપાર,
જો પૈસો તો મૂર્ખને પરણાવે નાર,
જો પૈસો તો દરબારમાં આવકાર,
જો પૈસો તો કૈક બને તાબેદાર,
વિણુ પૈસે ન અર્થ સરે એક નાર ?—આ૦
જો પૈસા માટે કરે નીચ વેપાર,
જો પૈસા માટે ઘડે લોહ લુહાર,
જો પૈસા માટે ચુંથે ચામ ચમાર,
કે પૈસા માટે વેચે પોતાના બાળ
જો પૈસા માટે બની ગણિકાનાર,
હરોજ કરે ભરથાર હજાર,
જો પૈસા માટે હણે જીવ ચંડાળ.
જ્યાં જોઈએ ત્યાં પૈસાની મારંમાર.—આ૦

(બન્ને જાય છે. પડદો પડે છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ:—હીરલનું એકાન્ત ભવન.

(હીરલ પોતાના ઘરાકનું મન મનાવતી નજરે પડે છે.)

છલશંકર—હીરલ ! તને નાટકની ચોપડીઓ વાંચવાનો ઘણો શોખ છે. તેથી ગાતાં તો આવડતું હશે કેમ. ?

હીરલ—નહીંજી, જોઈએ તેવું ન આવડે.

છલશંકર--જેવું આવડે તેવું એક તો ગા. તને મ્હારા સમ છે.

હીરલ—જો કે–હું કોઇ પાસે ગાતી નથી પણ તમે જ્યારે સોગન આપ્યાં ત્યારે ગાઉં છું. સાંભળો આ એક સ્ત્રી પોતાનો પ્રિય રીંસાઈ જવાથી શોચ કરે છે—

ગાયન.

(કોઈ મિલાવે પ્રાણાધારરે એ—રાહ.)

" મુને લગાડી લગન લાલરે,
" વ્હાલા બતાવી પુરણ વ્હાલ,
" હવે છેહ દિયો શું હાલરે— મુને૦

"પ્રેમ મદિરાનું પાન કરાવી,
"હાય બધી શુદ્ધ સાન હરાવી,
"પ્રાણનું દાન દિયો પ્રિય આવી,
"પ્રેમ કુવામાં ન મારો ડુબાવી,
"પ્રિતની રીતને સમજો ન તજો,
"સલુણા કરૂણા કરજો મળજો"– મુને૦

છેલશંકર—વાહ ! તને તો સારૂં ગાતાં આવડે છેને શું ! વળી ગાવાની સાથે જે હાવભાવ કરે છે. એતો બસ કતલજ કરી નાખે છે.

હીરલ—મને કોઇએ ગાતાં કે હાવભાવ કરતાં શીખવ્યું નથી પણ નાટકમાં સાંભળીને અને જોઇને આટલું શીખી છું, પણ જો મને કોઈ શીખવનાર મળે તો અવધી કરી બતાવું.

છેલશંકર—બેશક; તું જો બરાબર ગાતાં અને હાવભાવ કરતાં શીખે, તો હાલ કરતાં પણ વધારે લોક ત્હારાપર આશક થઈ હેરાન થાય ખરા.

હીરલ—(ટાવરનો એક વાગતો સાંભળી સ્વગત) હવે આ ઝોડીયાને વિદાયગીરી આપું તો ઠીક. કેમકે—આજ ધમીલપુરથી રસરાજ આવનાર છે. સ્ટેશનપર ગાડી આવી ગઇ હશે. અને રસરાજ પણ ઉતર્યા હશે. એ અહીં આની હયાતીમાં આવી પહોંચશે તો તેને વ્હેમ પડશે. (પ્રકાશ) છેલશંકર, હવે આપ પધારો. મ્હારે બ્હાર ફરવા જવું છે.

છેલશંકર—જઉં છું; પણ આજ રાત્રે મુલાકાત થશે કે કેમ ?

હીરલ—ના, આજ મ્હારે ત્યાં પરદેશી મેમાન આવનાર છે. એટલે માફ કરશો.

છેલશંકર—સમજ્યો, સમજ્યો. હું ત્હારે ત્યાં મેમાન આવનારછે તેનેઓળખું છું.

હીરલ—ઓળખો છો, ત્યારે તેનું નામ કહો જોઈ વારૂ ?

છેલશંકર—ધમીલપુર નિવાસી રસરાજકવિ. કેમ ખરૂં કે ખોટું ?

હીરલ—હાજી; તે જ. પણ તમે તેને કયાંથી ઓળખો?

છેલશંકર—એ કવિ તરીકે પ્રસિદ્ધ માણસ છે તેથી.

હીરલ—ત્યારે હવે તમે જાઓ કેમકે—તે હમણા આવશે.

છેલશંકર—આ ચાલ્યા ત્યારે. (જાય છે)

હીરલ—(સ્વગત) ખચિત, રસરાજ જગ જાહેર માણસ છે. મને જે માણસ મળેછે તે કહે છે કે—રસરાજ ત્હારા મોહમાં લપટાયો એ નવાઈ જેવી વાત છે. (સામેથી રસરાજને આવતો જોઈ સસ્મિત)

ગાયન.

(સીધાવો થાઓરે સુકિર્તિ એ રાહ)

સોહાગી શાણારે, પધાર્યા ભલે ધણી;
અરે હાં-પધાર્યા ભલે ધણી. સોહાગી
હૈયું ભરાણું હર્ષથીરે, નીરખિ નેત્ર મણી,
અરે હાં મણી ધણી, અરે હાં; હો મણી.-સોહાગી૦
અવધીપર દિન વિતતાંરે, બાવરી ગઈતી બણી;
અરે હાં બણી ધણી; અરે હાં-હો-બણી ધણી-સોહાગી૦
આરોપું કંઠે આપનેરે, માળા માલતી તણી,
અરે હાં તણી મણી અરે-હાં-હો, તણી મણી.-સોહાગી૦
અત્તર આબ ગુલાબનાંરે, છાંટું હોંશે ઘણી,
અરે હાં ઘણી ધણી, અરે હાં-હો-ઘણી ધણી.-સોહાગી૦
પુષ્પ પથારી પાથરીરે, રંગ રમાડું તમી,
અરે હાં તમી ગમી, અરે હાં-હો-તમો ગમી.-સોહાગી૦

રસરાજ—વલ્લભે ! જેમ મ્હારા વિયોગથી તને ગમતું નહોતું, તેમ મને પણ ત્હારા વિયોગથી ત્યાં જરાય ચેન નહોતું પડતું, પણ શું કરૂં ? નાચારીએ ચાર દિવસ વધારે રોકાવું પડ્યું.

હીરલ—એવી તેં શી નાચારી આવી પડી હતી કે વિયોગ નહિ વેઠાતાં છતાં રોકાઈ રહેવું પડયું ? એ મને સમજાવો તો હું સાચુ માનું. નહિતો ઉપરથીજ મીઠું મીઠું બોલી મને સારૂં મનાવો છો, એમ હું તો માનીશ.

રસરાજ—મને મોઢેથી મીઠું બોલી સારૂં મનાવવાનો તિરસ્કાર છે. પણ મેં તને જે મનિઆર્ડર મોકલ્યો હતો તેની ત્હારા હાથ દસ્કતની પહોંચ ત્યાં આવી, અને તે મ્હારા ભાઈ ગુમાનના હાથમાં ગઈ. તેથી ઘરમાં મોટા કલેશ થયો. છેવટે ત્હારા પ્રેમને ખાતર મ્હારા ભાઈને મેં જૂદો કર્યો એટલુંજ નહી પણ મેં ધમીલપુર છોડી અહીં રહેવા આવવાનો નિશ્ચય કર્યો છે કે, જેથી કોઈ દિવસ ત્હારો વિયોગ થવાનો વખતજ ન આવે.

હીરલ—શું આ સાચી વાત કરો છો ? મ્હારા સમ ?

રસરાજ—ત્હારા સમ. હું જે કહું છું તે સાચુંજ છે. અને આજેજ હું અહીં ગામમાં જગ્યા ભાડે લેવા જવાનો છું.

હીરલ—સારૂં થયું કે તમારો પત્ર આવ્યો નહિતો હું તો ધમીલપુર આવતી હતી. જો આવી હોત તો શું થાત?

રસરાજ—બીજું તો શું થાય, પણ મ્હારે બહુ સોસવું પડત. પણ મેં જે રૂપીઆ મોકલાવ્યા તેની તેં શી વ્યવસ્થા કરી? ત્હારી માને આપ્યા કે કેમ?

હીરલ—એ તો મેં મ્હારા ખાનગી ખર્ચમાં વાપરી નાંખ્યા. મ્હારી માને દેવાના તો હજી બાકી છે. મેં જાણ્યું તમે આવશો એટલે બીજા રૂપીઆ દેશો એટલે તેમને દઈશ. પણ વાપર્યા પછી મને બહુ પસ્તાવો થયો.

રસરાજ—પસ્તાવો થવાનું કંઈ કારણ?

હીરલ—કારણ એજ કે-મેં જાણ્યું તમને ઘણું માઠું લાગશે. કહેશે કે, જો પોતાની માનાં નામથી માગેલા રૂપીઆ પોતે વાપરી નાંખ્યા.

રસરાજ—સુંદરી! ત્હારા કરતાં કંઈ મને પૈસો વધારે પ્યારો નથી કે માઠું લાગે; વળી તેની ગમે તેવી વ્યવસ્થા કરવાની મેં તને છૂટ આપી હતી. એટલે મને માઠું લાગવાનું કંઈ પણ કારણ નહોતું.

હીરલ—(સમય સૂચકતાથી.) ત્યારેજ મેં વાપર્યા તો; નહિ તો હું કદી વાપરૂં નહીં પણ હવે મ્હારી માને આપવાના રૂપીઆ ક્યારે આપશો?

રસરાજ—મ્હારાં ઘરનું રાચરચીલું અહીં આવશે એટલે આપીશ.

હીરલ—તે બધું કયારે આવશે?

રસરાજ—એ ચાર દિવસમાં આવી પહોંચશે.

હીરલ—ત્યારે હાલ સાથે તમે કેટલાક રૂપીઆ લાવ્યા છો? જોઉં તમારાં પાકીટમાં કેટલાક રૂપીઆ છે? (ખીસ્સામાંથી પાકીટ કહાડે છે.)

રસરાજ—હશે પાંચ દશ રૂપીઆ એમાં તો.

હીરલ—(પાકીટમાંથી પાંચ રૂપીઆ લઇ.) આમાંથી પાંચ રૂપીઆ હું મ્હારે વાપરવા લઉછું.

રસરાજ—પાંચ શું બધાં લઇ લે તો મારી કંઇ નાં નથી.

હીરલ—ના, એટલાજ બસ છે. (પાકીટ બંધ કરી પાછું રસરાજના ખીસ્સામાં મૂકે છે.)

રસરાજ—ત્યારે હવે હું રજા લઈશ કેમકે, મ્હારે જગ્યાની તપાસ કરવા જવું છે.

હીરલ—પાછા ક્યારે પધારશો!

રસરાજ—પ્રણ કરીને સંધ્યાકાળ પછી જમીને આવીશ.

હીરલ—તેટલા વખતમાં જો નહીં આવો તો હું અથવા કશી ફોઇની પણુ મર્યાદા નહિ રાખતાં તેડવા આવશું. પછી તમે નારાજ થશો તે કામ નહીં આવે હા !

રસરાજ—વારૂ ! વારૂ ! તેટલા વખતમાં જરૂર આવીશ. (જાય છે.)

હીરલ—(સ્વગત એકલી) વાહ ! વાહ! હવે આને ખાઇ ખાઈ ખાલી કરવાની બડી સુગમ પડસે. એ અહીયાં અંગલપુરમાંજ રહેશે એટલે તેના ઘરના સારા સારા દાગીના પણુ મને પહેરાવશે. અને બંદી હીરલ તે પચાવશે. બસ બસ હવે આપણો બેડો પાર થઇ જશે.

ગાયન.

(મીઠી મીઠી ઝેરી સાપણુ જીભે. એ રાહ.)

મીઠું મીઠું બોલી ખાઇશ ફોલી હું મજાથી એને,
દાખી દમામ, દામ તમામ, લુંટીશ આમ તેને— મીઠું૦
મળશે જ્યાંસુધી માગી દીનાર, પૂર્ણ બતાવીશ ત્યાં સુધી પ્યાર,
પ્રાણ આધાર, હૈયાનાહાર, કહીશ યાર આજા— મીઠું૦
રહેશે નહીં જયારે પાસમાં પાઇ, ત્યારે કહેશું તું કોણ છે ભાઇ!
નીકળ બ્હાર, અરે ગમાર, ખાઇશ માર જા. જા—મીઠું૦

(હીરલ અંગ મરોડતી લટકાથી ચાલી જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ:—રાજમાર્ગ.

૧ વણીક-(પ્રવેશી) જૂલમ ! જૂલમ ! ! જગતમાં હવે પૈસા માટે જૂલમ થાય છે. આ હડહડતા કાળીકાળમાં હવે ઉચ્ચ નીચનો કાંઇપણુ ભેદ નથી રહ્યો. વાણીઆ બ્રાહ્મણુ જેવી ઉચ્ચ જાતો પણુ પૈસા માટે ખૂન કરવા શીખી, ત્યાં વરસાદ તે કયાંથી વરસે ? અને અન્નાજ પણુ કયાંથી પાકે ? (ચાલવા માંડે છે તેને રોકીને.)

૨ વણીક—ભાઇ દયાળચંદ ! રસ્તામાં મનમાં મનમાં શું બોલતો જાય છે ?

૧ વણીક—(પાછો વળી) શું તને ખબર નથી ? પેલા તાલંબાજ મૂળરાજે તેના બ્હેનને તેડવા આવેલ તેના બનેવીને ઝેર ખવરાવ્યું છે. તેથી તે બિચારો મરણુની પથારીએ પડયો છે. આ વાતથી આખા ગામમાં હાહાકાર વરતાઇ રહ્યો છે !!

૨ વણીક—તેને ઝેર આપવાનું શું કારણ હશે ભલા ?

૧ વણીક—મૂળરાજે પોતાની બ્હેનનાં પાંચસો રૂપીયાનાં ઘરેણાં મૂકી ખાધાં હશે તે તેના બનેવીએ તેડવા આવતાં માંગ્યાં તે તેણે ન આપ્યાં તેમજ તેની બ્હેનને પણ મોકલવાની ના પાડી એટલે મોટો તકરાર થયો હતો. માટેજ તેણે આ કૃત્ય કર્યું, એમ કહેવાય છે. પછી સાચું ખોટું તો ઇશ્વર જાણે.

૨ વણીક—જો એ ખરી વાત હોય; તો તો કાળોકેર થયો કહેવાય. આ વિષે તો મહાજને પણ ચાંપતા ઉપાય લેવા જોઇએ છીએ.

૧ વણીક—મહાજન બિચારૂં શું કરે ? એ કામ તો સરકારનું છે.

૨ વણીક—પણ સરકાર સુધી આ વાત જવા પામશે, ત્યારે સરકાર તેને કંઇ શિક્ષા કરશેના ?

૧ વણીક—આ વાત એવી છે કે તે સરકાર સુધી પહોંચશેજ પહોંચશે.

૨ વણીક—પણ એ હરામખોર મૂળરાજ કદાચ ડાકટર સાહેબને લાંચ આપી, દાબી દેશે અને ડાકટર ઝેર ખવરાવ્યાનો અભિપ્રાય નહી આપે, તો સરકાર તેને શું કરી શકવાની હતી ?

૧ વણીક—ડાકટર સાહેબ ઘણા નિસ્પૃહી છે. એટલે કદાચ જો તે લાંચ દેવા જશે તો ઉલટી તેની કમબખ્તી થશે કેમકે લાંચને એ લાત મારશે અને તેને કેદ કરાવશે.

૨ વણીક—એતો ઠીક. પણ કહેછે કે, મૂળરાજે તેની બ્હેનને પરણાવી ત્યારે ચારહજાર રૂપીઆ લીધાં હતા, એટલા બધાં રૂપીઆ કયાં ગયા હશે કે તેને પાછો ઘરેણાં મૂકવાનો વખત આવ્યો. ?

૧ વણીક—અરે તેતો તેણે કંઇ દિવસના રંડીબાજીમાં ફના કરી નાંખ્યા, એ કન્યાનાં વેચાણનો પાપનો પૈસો કોઇને રહ્યો છે કે તેને રહે ?

૨ વણીક—જ્યારે એ પૈસો રહેતોજ નથી, ત્યારે બિચારી કેળગર્ભ જેવી કુમળી બાળાઓને એંશી વર્ષના બુઢાખખ્ખ થયેલા વર વેરે પરણાવી શા માટે તેઓનો ભવ બાળતા હશે પાપીઓ ?

૧ વણીક—પૈસો લેવા, નર્કના અધિકારી થવા બીજું શું ? કેમકે, એવી યૂવાન બાળાઓ ઘણી થોડીજ મુદતમાં વૃદ્ધપતિ મરી જતાં રંડાય છે, અને પછી પોતાની જુવાની જાળવી નથી શકતી એટલે છુપાં છિનાળાં કરતાં શીખે છે અને ગર્ભ ધરે છે, એવા અનેક ગર્ભનો અનેક વિધવાઓ લોક લાજથી થરથરતી, રોતીરોતી, પોતાનાં ઉના આંસુથી ભારતભૂમિને ભ્રષ્ટ કરતી, કુમળા ગર્ભનો નાશ કરે

છે. ખરૂં પૂછોતોએજ ત્રાસથી, એજ પાપથી અને વિધવાઓના ભયંકર શાપથી આપણો આ ગૂજરાત અને કાઠિયાવાડ દેશ ધન રહીત થઈ હાલની દુકાળ જેવી દુર્દશા ભોગવે છે. અને હજી પણ જ્યાંસુધી એ અઘોર પાપ થતું નહીં અટકે, ત્યાંસુધી આપણા દેશ ની કાળાંતરે પણ ચડતી થવાની નથી.

૨ વણીક—ત્યારે એવી અનેક હત્યાઓ થતી અટકે એવા આપણી જ્ઞાતિના શેઠીઆઓ કેમ ઈલાજ નથી લેતાં ?

૧ વણીક—મૂર્ખાઈથી, હઠીલાઈથી જે ગધ્ધાપૂછ ઝાલ્યું છે તે નથી છોડતાં એમનું શ્રાવકપણું, જીવદયા પ્રતિપાળપણું, માત્ર જૂં, માંકડ, ચાંચડ અને પતંગિયાને બચાવામાંજ પૂરૂં થાય છે. ચોમાસામાં નિપજતાં અલ્પાયુષી અળશીયાંને ઉગારવામાંજ એમનો જીવ ખેંચાય છે. પણ મનુષ્ય હત્યા, અરે બાળ હત્યા! તો તેમને મન કશા લેખામાં પણ નથી. એટલે તે પાપ શી રીતે અટકે ?

૨ વણીક—એ શેઠીઆઓના કાન જગાવે એવો આપણી બહોળી જ્ઞાતિમાં કોઇપણ વીરપુરૂષ નથી. એમતો ખરૂંના ?

૧ વણીક—નહીં, છે. પણ અનેક આગળ એકનું શું ચાલે ? કેમકે ઘણા ન બળા મળીને એક બળીઆને હરાવી શકેછે. એટલે એકાદ બે જે વીર છે, તે મુંગે મોઢે જે થાય છે તે જૂએ છે.

૨ વણીક—ખેર! ત્યારે આપણે પણ તેમની પેઠે જે થાય તે જોઇએ. ચાલો.

૧ વણીક—હા, પણ હું તો મુળરાજનાં ઘેર તેના બનેવીને જોવા જનાર છું એટલે તમારી સાથે હું નહીં આવી શકું.

૨ વણીક—ચાલો ત્યારે હું પણ તમારી સાથેજ આવું. (બંન્ને જાય છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—જયાનું ઘર.

મૂળરાજ—(ચિંતાયુકત ચહેરે) **ગાયન**

(પગથીએ પ્રથમ ધરૂં વિપતી એ રાહ.)

જરી પણ સુઝ નથી પડતી, અતિ ગભરામણ ઉર થતી,
ભયે મુજ કાયા થરથરતી.- જરી૦
પાપ થશે જો પ્રગટ માહરૂં, તો નકી બૂરી ગતી.- જરી૦
હાય પડયું વશીકરણ ઉલટું, નિર્મળશાહ પ્રતી- જરી૦

શુકરાય—મૂળરાજ ! તું આટલો બધો ડર શું કરવા રાખે છે ? હિમ્મત રાખ, સપાટાબંધ સફાલગોટા ઉરાડી દેશું.

મૂળરાજ—યાર ! મને ડાકટરનો ભય ઘણો છે. વખતે તે જોવા આવશે અને આપણું કામ પકડશે તો આપણે બધાંને ફાંસીને લાકડે લટકવું પડશે.

શુકરાય—અરે! જખ મારે છે ડાકટર; તેના આવ્યાં પહેલાં હું બધું ઠીક ઠાક કરાવી દઉં છું. તું જોતો ખરો? ભગલાને આવવા તો દે.

મૂળરાજ—જયા તેને કયારનીએ તેડવા ગઇ છે, પણ હજી તેને લઈ આવી નહીં એ શું ? (સામેથી જયા અને ભગલાને આવતાં જોઇ)

શુકરાય—(બતાવીને) અરે ! આ આવ્યાં ભગલો ભડ અને જયા બંને.

ભગલો—(જયા સાથે પ્રવેશી) કેમ શેઠ ! શા હાલ છે ? મને કેમ બોલાવવો પડયો ?

મૂળરાજ—ભગા ! તેના તો હાલ બેહાલ છે. પણ સાથે અમારા પણ થવા ના હવે.

ભગલો—એમ કેમ બોલો છો ? શી હરકત છે તમોને ?

શુકરાય—હરકત એ છે કે–હમણા કાકો ડાકટર જોવા આવશે, એટલે આપણું બધું પોગળ પાધરૂં પડી જશે અને આપણુ બધાંને વગર ભાડાની કોટડીમાં પૂરાવું પડશે.

મૂળરાજ—માટે મહેરબાની કરી આપણો બચાવ થાય તેવો કંઈ ઉપાય કર તો ઠીક છે, નહિતો આમાંથી બૂરી થાશે.

ભગલો—અરે! ડાકટરના તે શા ભાર છે ? એ વધારે ચેંચું કરશે તો તેને પણ એક ફુંક ભેળો ઉરાડી દઈશ. ઓળખોછો મને ? હું ભગલો, કાચા ગુરૂનો ચેલો નથી તો.

શુકરાય—નહિ ! નહિ! નહિ ! એ તારો વિચાર બંધ રાખજે. નહિ તો ઉલટી ભૂંડી થશે.

ભગલો—ત્યારે તમે શું કરાવવા માંગોછો ?

મૂળરાજ—આપણું કૃત્ય ડાકટરના જાણવામાં ન આવે એજ.

શુકરાય—અને તોજ આપણો બચાવ થશે.

ભગલો—ભલે, તેમ કરીશ પણ પછી નિર્મળશા બચશે નહીં. પ્રાણ ગયે છૂટકો થશે ?

મૂળરાજ—(વિચારીને) જો આપણો જાન બચતો હોય તો, ભલેને તેનું તેમ થાય. કેમ શુકરાય ?

શુકરાય—હા, બરાબર છે. તમારૂં કહેવું.

મૂળરાજ—જો ભગા, તું કહીશ તે તને આપીશ. પણ હવે ઉતાવળ કર. જે વખત જાય છે તે આપણને ભય ભરેલો છે. આગ લાગ્યા પછી કુવો ખોદવા બેસશું તેમાં કંઈ નહીં વળે. માટે વખત નહીં લગાડ.

ભગલો—તમે તમારે ઘેર જાઓ અને તેની પાસે રહો, હું અહીંથી મ્હારો એલમ ચલાવું છું.

શુકરાય—ઠીક ત્યારે અમે જઈએ છીએ. પણ તું કાળજી રાખજે.

મૂળરાજ—હા, અમારૂં માથું ત્હારે ખોળે છે. હવે મ્હાયતો માર અને મ્હાય તો ઉગાર.

ભગલો—તમે મ્હારા ઉપર ભરૂંસો રાખ્યો છે તો હું કદી પણ વિશ્વાસઘાત નહીં કરૂં. બેફીકર રહો જાઓ. (મૂળરાજ અને શુકરાય જાય છે તેને.)

જયા—બન્ને જણા આવજો.

મૂળરાજ—વારૂ. (બંન્ને જાય છે.)

ભગલો—(મનમાં.) બાજું. વશીકરણની પડીઓ ઉલટી કેમ પડી હશે ? મેં ભૂલ તો નહીં કરી હોય ? (વિચારીને.) નક્કી, એમજ થયું છે. વશીકરણને બદલે મારણની પડીઓ દેવાઈ ગઈ હશે. નહી તો આમ થાય નહી. ખેર ! થયું તે ખરૂં, પણ હવે તેનાં ઝટ રામ રમાડી દઉં એટલે પત્યું. મારણ પાછળ વીર ભળાવું એટલે તે ડાક્ટર પણ નહી જાણે અને આજની રાતમાં તેનો છેડો આવી જશે. ચાલ, ઘેર જઈ તેજ કરૂં (જયાને) જયા, હવે હું જઈશ.

જયા—ભગાભાઈ આવજો.

ભગલો—તારે ત્યાં આવવું એમાં કંઈ નવાઈ નથી. (જાય છે.)

જયા—(સ્વગત.) મૂળરાજે મને પોતાની રખાત તરીકે એક વર્ષ થયાં રાખી છે. તેટલી મુદતમાં મેં તેની પાસેથી આશરે પાંચસોએક રૂપીઆનો માલ પડાવ્યો હશે. પણ હાલ મૂળરાજ ખાલી થઈ ગયો છે, પાસે નાણાનાં ઠેકાણાં રહ્યાં નથી એટલે તેણે પોતાના બનેવી પર ભગલા પાસે કામણ કરાવ્યું છે. તે એટલા માટે કે—તેની બધી મીલકત પોતાને મળે. ખચીત, જો તેનો બનેવી પાર થઈ જશે તો મૂળરાજ તેની મીલકતમાંથી બે ચાર હજાર રૂપીઆ મારી આવશે. તો આપણું પણ કામ થશે. અને કદાચ નહીં મળે તો એને છોડી દઈ, બીજો શોધી લેતાં મને ક્યાં વાર લાગવાની છે કેમકે—

ગાયન.

(માનુનીતું માનીજાને. એ રાહ.)

રંગીલી છું રસીલું છું, લટકાળી મટકાળી ચટકાળી હું છું.
અંગ મરોડ હું આમ બતાવું, નયનને વળી આમ નચાવું
ભુરકી નાંખી ભાન ભુલાવું, લાલ લોભાવું, અધિન બનાવું
ધન ધુત્તિ ખાઉં હું છબીલી છું— રંગીલી.
ગોરી રૂડી હું ગુલાબનો ગોટો, શરીર માહરૂં નેતર સોટો,
જગતમાં મ્હારો મળે ન જોટો, મોહ લગાડું હું પલકમાં પાડું;
પુરૂષને નકી હું હસીલી છું— રંગીલી,

(જયા જાય છે. પડદો ઉપડે છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—મૂળરાજનું ઘર.

(નિર્મળશા પલંગપર નિશ્ચેષ્ટ સૂતેલ છે, તેની સારવાર માટે બે ચાર માણસો પાસે બેઠેલાં છે. એક બાજુ પૂર્ણા, ધવલ, અને ઉમયા રોતાં નજરે પડે છે. બીજી બાજુ મૂળરાજ, શુકરાય, ગુલાબરાય અને જીવરાજ કંઇ ગુજ કરતાં જણાય છે.)

ગાયન.

પૂર્ણા— (પાપી પ્રાણ પૂરો નીચ ડંખ્યો એ રાહ.)

ખાય ગોથાં મુજ નાવ હવે તો, હરિ હરિ ભવ દરિએ,
હાય થશે શું રે હવે મ્હારૂં, બચવાનું નથી બારૂં જરીએ.
હાય–હાય–હાય–હાય.
સૂકાન સઠને સાચવનારો, માંદગી ભોગવે એહ બિચારો,
પ્રભુજી એને ઉગારો તારો, કર કર તું કરૂણા કરગરીએ;
હાય–હાય–હાય–હાય.

ધવલ—(સજળ નેત્રે) બેટા ! બેટા !! છાના રહે, હિમ્મત રાખ; એમ કલ્પાંત કરવાથી શું થવાનું હતું ? ઇશ્વર નિર્મળશાને હમણાં આરામ કરશે.

પૂર્ણા—(રોતી તેનાં ખોળામાં પડી) મા ! ઓ મા !! મ્હારાથી હવે હિમ્મત નથી ધરાતી. શા આધારે હિમ્મત ધરાય ? મારો આધા-

ર તો તૂટી પડવાની તૈયારીમાં છે. એમને જોઈ મ્હારી છાતી ફા-
ટી જાય છે, મને કંઈ કંઈ થઈ જાય છે. મ્હારાપર ઇશ્વર રૂઠયો
છે, મ્હારા કર્મ ફૂટયાં છે, નહિતો આમ ન હોય, આમ ન થાય
માંદા. (ધ્રુસકે રડે છે.)

ધવલ—બેટા ! શરીર છે તે બગડે છે; અને સારૂં પણ થાય છે. નિર્મળ-
શાને પણ સારૂંજ થશે. રડ નહીં, છાતીને જરા કઠણ કર, બધાં
સારાં વાના થશે.

પૂર્ણા—અનેક ઉપાય કર્યા પણ સારૂં થયું નહીં, વૈદ્યો માત્ર આવી ગયા
પણ કોઇની કાંઈ કારી ફાવતી નથી અને બધાં હાથ ખંખેરી ચાલ્યા
જાય છે, હવે કોણ આવી આરામ કરે એવું રહ્યું છે ?

ધવલ—ડાકટરને બોલાવ્યા છે, તે હમણાં આવશે. બધાં કહેછે કે-ડાકટર
થી આરામ થશે. ઇશ્વર કરેને એનાં હાથને જશ મળે તો ઘણું
ય સારૂં.

ઉમયા—(સ્વગત) અરેરે ! આ કૃત્યનાં કરનાર નાથ તો નહીં હોય? કેમકે
મ્હારી પાસે એ બે દિવસ પહેલાં ક્રોધના આવેશમાં બકી ગયા
હતા કે-એનાં હું રામ રમાડી દઇશ. તેથી મને વ્હેમ જાય છે
(પ્રકાશ) બાઈજી ! હું પળીમાં જઇ બેસું છું. કેમકે—મ્હારાથી
પૂર્ણાબાનો બળાપો નથી જોવાતો.

ધવલ—વારૂ, જાઓ બહાર બેસો. કોઇ જોવા આવે તેને આવકાર દેજો.

ઉમયા—(જાય છે.)

શુકરાય—મૂળરાજ ! ત્હારી માને અને પૂર્ણાને કહેકે-તમે બ્હાર ઓસરીમાં
બેસો, કેમકે-હમણાં ડાકટર આવશે,

મૂળરાજ—બા, તમે પૂર્ણાને લઇ બ્હાર ઓસરીમાં બેસો. કેમકે-હમણાં ડા-
કટર આવનારા છે. (ધવલ અને પૂર્ણા ઓસરીમાં જઈ બેસે છે)

રસરાજ—(પ્રવેશી) કેમ મૂળરાજ ! નિર્મળશાને શું જણાય છે ?

મૂળરાજ—આવો આવો રસરાજ ! તમે ધમીલપુરથી ક્યારે આવ્યા ?

રસરાજ—હું આજનીજ ગાડીમાં આવ્યો. પણ મેં સાંભળ્યું કે મૂળરાજના
બનેવીને અચાનક માંદગી થઇ આવી છે તેથી મેં કહ્યું લાવ જો-
ઇ આવું.

શુકરાય—તમારા કહેવા પ્રમાણે અચાનકજ માંદગી થઈ છે. ગઈ કાલતો
બીલકુલ સારા હતા, પણ કોણ જાણે અચાનક શું થયું છે કે,
કાંઈ ખબરજ પડતી નથી. તમે જૂઓ તો ખરા? તમને શું જણાયછે,

રસરાજ—(પલંગ પાસે જઇ નિમળશાને જૂએ છે.) બીલકુલ બેસાવધ છે. (સ્વગત) ખચિત. લોકોના કહેવા પ્રમાણે બિચારાને કંઇ કૌતુક કર્યું જણાય છે. (પ્રકાશ) એમને ડાકટરને બતાવ્યા કે નહી ?

મૂળરાજ—એક ડાકટરને બતાવવા બાકી રહ્યા છે. તો તેમને પણ તેડવા માણસ મોકલ્યું છે. (ડાકટર એક કંપાઉન્ડર સાથે પ્રવેશે છે.)

શુકરાય—પધારો સાહેબ (પલંગ જોડે ખુરશી બેસવા આપે છે. ડાકટર ખુરશીપર બેશી નિર્મળશાને તપાસે છે.)

ડાકટર—મૂળરાજ આવી, માંદગી કયારની જણાય છે ?

મૂળરાજ—કાલ સાંજનું આમ જણાય છે. પણ સાહેબ, આપને શું થયું જણાય છે?

ડાકટર—તાપમાં રખડવાથી મગજમાં ગરમી ભરાઈ ગઈ છે. એ સિવાય બીજું કંઇ નથી, પણ તમે મને વ્હેલાં ખબર કેમ નહિ આપ્યાં?

શુકરાય—એ અમારી ભૂલ થઈ છે. તે માફ કરશો,

ડાકટર—કેવાં જંગલી બેહુદા માણસ છો ?

રસરાજ—સાહેબ ! એ વગર કેળવાયલાંને શું ખબર પડે ? બિચારાં આવી અચાનક માંદગી થતાં ગભરાઈ ગયાં હશે એટલે ખબર દેવી ભૂલી ગયાં હશે. પણ હવે આરામ થાય તેવો ઇલાજ થાય તો ઠીક.

ડાકટર—ઠીક છે. (દવાની પેટીમાંથી દવા કહાડે છે અને નિર્મળશાને પાય છે.) આ જે દવા હું પાઉં છું તે દવાથી થોડીવાર પછી અવશ્ય જવાબ દેશે. સમજ્યા ?

રસરાજ—આરામ થશે તો આપને યશ મળશે.

ડાકટર—મૂળરાજ ! હું જાઉં છું. જરૂર પડે તો મને બોલાવવા માણસ મોકલજે; હું આવીશ.

મૂળરાજ—બહુ સારૂ સાહેબ. (ડાકટર અને કંપાઉન્ડર બન્ને જાય છે.)

નિર્મળશા—(વ્યથાથી) ઓહ ! ઓહ ! મા–રા–રૂ

શુકરાય—જોયું કે ? ડાકટરની દવાનું પરાક્રમ ?

મૂળરાજ—હા, એમના કહેવા પ્રમાણે થયું ખરૂં.

રસરાજ—(સ્વગત) કંઇક ગર્ભિત મર્મ યુકત બકે છે. "રૂ" એ એક અક્ષરનો અર્થ રૂપીઆ હોવો જોઇએ.

નિર્મળશા—(બકવાદથી) રૂપીઆ ! મ્હારા રૂપીઆ!! ગયા! ગયા ! લૂંટી-લી-ધા

ધવલ—(પ્રવેશી) મૂળરાજ ! નિર્મળશા શું બકે છે ?

શુકરાય—એ કંઈ રૂપીઆ, રૂપીઆ બકે છે.

મૂળરાજ—એતો દુઃખના જોરથી બકે; તેથી ડરવું નહીં.

નિર્મળશા-(જોરથી) લૂંટી લીધા ! લૂંટી લીધા ! !મા-રે-જી-

પૂર્ણા—(અંદરથી સ્વગત) ખરૂં છે તમારા રૂપીઆ ગયા, અને મ્હારો ભવ પણ બળ્યો.

નિર્મળશા-(પલંગમાં એકદમ બેઠો થઈ જાય છે.) ઓહ ! ઓહ ! ! (મોઢામાંથી આશરે શેર દોઢ શેર લોહી નીકળી પડે છે, તેની સાથે નિર્મળશા પ્રાણ રહીત થઈ પલંગપર પડે છે અને તમામ દિગ્મૂઢ થઇ જાય છે.)

રસરાજ—મૂળરાજ ! બધાંને ખબર આપ! નિર્મળશાનો પ્રાણ પરલોકમાં પહોચી ગયો. (રસરાજનું કહેવું સાંભળી.)

પૂર્ણા—(પછડાઇને) હાય ! હાય ! ! મ્હારાં નસીબ ફૂટી ગયાં ! ! (રડે છે)

ગાયન.

(વગડે વરઝોળા મારા થયા એ રાહ)

અબળા રઝળાવી ચાલ્યા ગયા, વ્હાલાજીરે
નાવી જરા તમનેરે દયા, વ્હાલાજીરે
મનની મ્હારા મનમાં રહી, પુરી થઇ ના લગારરે,
આશાનો કોટ તૂટી પડયો, દાબી દીધી આ નારરે. અબળા
જન્મારો મારો શી રીતે જશે, આપ વિના આધારરે,
નાથ નમેરા તમે શું થયા, કર્યો કંઇ ના વિચારરે. અબળા
સૂની મૂકી દીન નારને, સૂના મૂકયાં ઘરબારરે,
સૂનું હવે મારે સર્વ છે, સૂનો આખો સંસારરે અબળા

પૂર્ણા મુર્છાગત થાય, અને શોકની ગત વાગવાની સાથે ધીમે ધીમે ડ્રોપસીન પડે છે.)

॥ समाप्तोऽयं द्वितियांकः ॥

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—હીરલનું ઘર.

(રસરાજ અને હીરલ ખુરશીપર બેઠેલ છે.)

ગાયન.

(આજે છે દિન આ મુજ ધન. એ રાહ.)

વારૂં હું તમપર મુજ તન મન.
પ્યાર તમારો પેખી વિલાસી—તમ૦
પાળો છો પ્રેમતણા શુભધારા,
ધારો છો અંતરમાં દીન દાસી—તમ૦
શરમ તજી મુજ કારણ સરવે,
નિત પધારો મંદિર સુખરાશી—તમ૦

રસરાજ—હીરલ! આજ હું ત્હારે વાંચવા માટે મહાત્મા નૃસિંહાચાર્યકૃત આ ભામનીભૂષણ નામનું પુસ્તક લાવ્યો છું. એ તું વાંચીશ એટલે તને સ્ત્રીનો ખરો ધર્મ શું છે, તે બરાબર સમજાશે અને પછી તું ત્હારા ધંધાને ઘણીજ ધિક્કારશે. તેમજ તેં કરેલ પાપ માટે પણ તને પૂર્ણ પશ્ચાતાપ થશે.

હીરલ—(સ્વગત) આ હજી જાણતો નથી કે—જો મ્હારાથી કોઇ વધારે પૈસા આપનાર મળ્યો તો હીરલ મને પોતાનેજ ધિક્કારશે, ધક્કો મારશે. (પ્રકાશ.) ઠીક છે, લાવો. હું એ વાંચી જોઇશ.

રસરાજ—(પુસ્તક આપીને.) વ્હાલી, જો તું આવાં આવાં પુસ્તક વાંચવાંનો હમેશાં શોખ રાખશે તો ભવિષ્યમાં તું ઘણી સુધરી જઈશ.

હીરલ—હા, મને મ્હારી બ્હેન વગેરે તમામ કહે છે કે—તું રસરાજની સંગતથી ઘણી સુધરી જઈશ, એ ખરી વાત છે.

રસરાજ—હીરલ! જો સાંભળ. ગણિકાનો ધંધો અત્યંત પાપથી ભરેલો છે, તેમજ એ ધંધાથી મેળવેલો પૈસો પણ જલ્દી ફના થઈ જાય છે. અને આખર જીંદગીમાં ઘણીજ વિપતો વેઠી, ભૂંડી હાલતે મરે છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

श्लोक.

अन्यायोपार्जितं द्रव्यं दशवर्षाणि तिष्ठति ।
प्राप्ते एकादशे वर्षे, समूलंच विनश्यति ॥

ખોટા માર્ગથી મેળવેલો પૈસો ઘણો ટકે તો દશ વર્ષ સુધી ટકે છે, અને અગ્યારમે વર્ષે તે સઘળો જતો રહે છે.

હીરલ—એ શાસ્ત્રની વાત સાચી છે, એમ તમે શા આધારથી માનો છો? શું તમે તેમ થયેલું કોઈનું જોયું છે?

રસરાજ—હા, આશરે દશ વર્ષપર આ અંગલપુરમાંજ આ ત્હારા કુટીલપરામાં એક ફુલાનામની ગણિકા રહેતી હતી અને તે ઘણીજ ખૂબ સુરત હતી. તેણે પોતાના ધંધામાંથી લાખ બેલાખ રૂપીઆ મેળવ્યા હતા. પણ એક વખત તેનો એવો આવ્યો કે—મેળવેલી તમામ મીલકત ફના થઈ ગઈ, અને તેના આખા શરીરે પત નીકળી, એટલુંજ નહિ પણ ઘેર ઘેર ભીખ માંગી, અંતે ઘણું દુઃખ ભોગવી મર્ણ પામી.

હીરલ—તેને તમે નજરે જોએલી?

રસરાજ—હા, તે મૂળ સિંહસ્થળનગરની રહીશ હતી, અને હું જ્યારે તે નગરમાં રહેતો, ત્યારે તે મ્હારે ઘેર માંગવા આવતી.

હીરલ—(જીભ દાબીને.) અરરર મા! ત્યારે શું મ્હારી પણ એવી દશા થવાની?

રસરાજ—નહીં. જો તું હવે પછી એ ધંધાને તિરસ્કારની નજરે જોઈશ તો તને કાંઇ નહિ થાય.

હીરલ—ત્યારે હવે હું એ ધંધાને સ્વપ્ને પણ નહિ સંભારૂં, અને તમનેજ મ્હારા પતિ તરીકે માનીશ. તો પછી કંઇ હરકત છે?

રસરાજ—જરાપણ નહિં. કરેલ પાપનો અંતઃકરણથી પશ્ચાતાપ થાય, અને પ્રભુ પાસે તેની માફી મંગાય, તો કરેલ પાપ નષ્ટ થઇ જાય છે.

હીરલ—મ્હારાં સારાં ભાગ્યે તમારા જેવા જ્ઞાનિ પુરૂષનો મને મેળાપ થયો નહિતો હું મ્હારૂં પાપ કયાં જઇ છૂટત? (સ્વગત.) તમને કયાંથી લૂટત?

રસરાજ—એતો ઠીક પણ મે તને મ્હારા માણસ સાથે બસો રૂપીઆ રોકડા અને એક મોહનમાળા મોકલ્યાં હતાં તે તને પહોંચ્યાં કે?

હીરલ—હાજી, મોહનમાળા ઘણી સરસ છે. મને તે બહુ ગમી.

રસરાજ—એ બસો રૂપીઆ તેં ત્હારી માને આપ્યા કે નહીં?

હીરલ—ના; એતો મેં મ્હારી પાસે રાખ્યા છે.

રસરાજ—શા માટે?

હીરલ—એ રૂપીઆનું સોનુ લઈ મ્હારે એક ઝરમર ઘડાવવી છે.

રસરાજ—ત્યારે ત્હારી મા રૂપીઆ માંગશે તો કયાંથી આપીશ?

હીરલ—તમારી પાસેથી લઇને.

રસરાજ—મ્હારી પાસેથી ત્હારે આમને આમ કેટલાક રૂપીઆ લેવા છે ?

હીરલ—(લાડથી.) વ્હાલા ! તમારે કયાં ટોટો છે કે આમ બોલો છો ? મ્હારી માને તો તમારે રૂપીઆ આપવાજ જોશે આ લ્યો. (તેનાં કંઠમાં લટકી પડે છે.)

રસરાજ—ત્હારી માને કેટલા રૂપીઆ આપવા પડશે ?

હીરલ—ચાર માસના ખર્ચના સો રૂપીઆ. કાલે જરૂર લાવી આપજો.

રસરાજ—કાલે કદાચ નહીં લાવું તો ?

હીરલ—ના લ્યો; લાવવાજ જોશે. એટલા લાવી આપશો એટલે પછી હમણાં હું નહિ માંગું. બોલો, કાલે લાવશો કે નહીં ?

રસરાજ—બનશે તો લાવીશ.

હીરલ—બનશે તો લાવીશ. એમ નહીં ચાલે; કહો કે, જરૂર લાવી આપીશ.

રસરાજ—વારૂ, કાલે જરૂર લાવીશ.

હીરલ—અને નહીં લાવો તો ?

રસરાજ—લાવીશ, લાવીશ, જરૂર લાવીશ.

હીરલ—તો ઠીક મ્હરા વ્હાલા. (રસરાજને પોતાની છાતી સાથે દબાવે છે.)

રાગ ધનાશ્રી.

રસરાજ— (છે ગહન તમારી ગતિ અતીરે. એ રાહ.)
સુંદરી તુજ પ્રીતિ અતી મુજ પ્રતિરે
વાહ! વાહ ! રમ્ય રતિ.

હીરલ— **વાલમ વ્રક્ષ તું વેલ હું વળગી,**
અલ્પ વખત પણ રહીશ ન અળગી,
પાઓ પ્રેમરસ પ્રિય પતિરે— વાહ!

રસરાજ— **સમય સરસ સલુણી તેં સાધી,**
બંધન પ્રેમતણે લીધ બાંધી,
છૂટવાની ન મને ગતિરે—વાહ !

હીરલ— **રસિક પતિ ચાલો રસરેલી,**
ખેલવી મદન ખેલાડી ખેલા,
લ્હેર લાલત લીજે અતિરે—વાહ!

(બંન્ને કોટી કરી અંદર ચાલ્યાં જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—રસ્તો.

શુકરાય—(બધાં સાથ પ્રવેશી.) મૂળરાજ! નિર્મળશાનો તો સફાલ ગોટો ઉરાડી દીધો, અને તેને આજ બાર દિવસ પણ વીની ગયા. પણ હવે અમારૂં કંઈ ધાર્યું?

ગુલાબરાય—હા. મૂળરાજ! હવે અમારી મહેનતનો બદલો તો અમને મળવો જોઇએ.

મૂળરાજ—તમારી મહેનતનો યોગ્ય બદલો આપવા હું અંતરથી ચાહું છુ પણ લાચાર, હાલ મ્હારી પાસે કંઇ રહ્યું નથી. જેટલું ઘરમાં નાણું હતું તેટલું બધું નિર્મળશાનો ઘાટ ઘડવામાં ખર્ચ થઈ ગયું.

જીવરાજ—ત્યારે શું અમે કરેલી મહેનત ફોકટ જશે? કંઈ નહીં આપ?

મૂળરાજ—આપીશ, પણ મ્હારી બ્હેનની મીલ્કત મને હાથ લાગવા દો. પછી તમને બધાંને હું રાજી કરીશ.

શુકરાય—મૂળરાજ! એ આશા ખોટી છે. તેમાંથી તને હવે કાચી બદામ પણ નહી મળી શકે. કેમકે, આપણે કરેલું કાવતરૂં તેનાં સગાંના સમજવામાં આવતાં પૂર્ણાની બધી મીલકત તેમણે પોતાનાં હસ્તગત્ કરી લીધી છે. માટે એ આશા છોડી અમારે માટે કંઈ બીજો ઇલાજ કરતો ઠીક.

મૂળરાજ—બીજો તે શો ઇલાજ કરૂં? મને કંઇ સુઝતો નથી.

ગુલાબરાય—લેને હું તને સુઝાડું જો ત્હારા સાહુનગરમાં સાહુકારને ત્યાં રૂપીઆ પડયા છે તેમાંથી અમને અપાવ. છતે રૂપીએ મૂંઝાય છે શું કરવા?

જીવરાજ—બરાબર છે; મૂંઝાવું શું કરવા પડે? ત્હારે તો હજી જે જોઇએ તે છે.

મૂળરાજ—ભલે; હું તમને સાહુનગરની બસો રૂપીઆની હુંડી લખી આપું, તે તમે સીકરાવી લેજો.

શુકરાય—સીકરાવી તો લેશું, પણ બસો રૂપીઆ તો લેશું નહીં.

મૂળરાજ—ત્યારે તમે કેટલા લેવા ધાર્યા છે?

ગુલાબરાય—પાંચસો રૂપીઆ. એવી મહાન મનુષ્યહત્યાનું કામ કરાવ્યું. તે શું બસો રૂપીઆની જૂજ રકમ માટે? ના ના, બસો માટે એવું કાળું કામ કોણ કરે?

જીવરાજ—હા ખરૂં છે. બસો રૂપીઆ માટે પોતાનો જીવ કોણ જોખમમાં

નાંખે. ખબર પડે તો ફાંસીએ જવું પડે, એ કંઈ મૂળરાજને ખબર છે. ? !

મૂળરાજ—(મનમાં.) આ લોકોને મ્હારે મોઢે માગે તેટલા રૂપીઆ આપવા પડશે. અને જો નહિ આપું તો વાત ફાડી નાંખશે તો ભોગ મળશે. (પ્રકાશ.) ભલે, પાંચસોની હુંડી લખી આપીશ. પછી તો ખૂશીના ?

ગુલાબરાય-ખૂશી ખૂશી પૂરેપૂરા ખૂશી. ચાલો, લખી આપો.

મૂળરાજ—મેં તે રૂપીઆ મ્હારે ઘેર મંગાવવા માટે આ હુંડી લખી રાખી હતી તે લ્યો, તમેજ સીકરાવી લેજો. (ખીસ્સામાંથી કહાડો આપે છે.)

શુકરાય—(લઇને.) ભલે, અમે માણસ મોકલી રૂપીઆ મંગાવી લેશું.

૧ માણુસ—(પ્રવેશી.) મૂળરાજ! મૂળરાજ ! ! ઘોડો! ઘોડો!! તમારાં ઘેર મ્હોટી આગ લાગી છે. !

મૂળરાજ—(બાઘોં બનીને.) હેં ! હેં ! ! શું કેછ ?

૧ માણુસ—હા ! હા ! ! જાઓ, જાઓ, ઘોડો ! ! નહિતો તમામ સળગી જશે. કંઈપણ નહીં બચે.

મૂળરાજ—હાય ! હાય ! ! શુકરાય, ગુલાબરાય, દોડો ! ચાલો ! ! નહીં તો મારૂં બધું બળી જશે.

શુકરાય—હા, હા. ચાલો ઝટ પહોંચી જઇએ. દોડો !

ગુલાબરાય—દોડો ત્યારે. (ચારે જણ દોડી જાય છે.)

૧ માણુસ—પાપીઓને ઇશ્વર કંઈ નીચે આવી મારતો નથી પણ આમ ગેબીજ મારથી મારે છે. જૂઓ, આ મૂળરાજનાં પાપની શિક્ષા. ખરૂં છે કે-**ધર્મો જય અને પાપો ક્ષય** (જાયછે. પડદો ઉપડેછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—રસરાજનું એકાન્ત ભવન.

(રસરાજ ખૂરશીપર વીચારગ્રસ્ત બેઠેલ છે.)

રસરાજ—(સ્વગત.) જગતકર્ત્તાએ જો સ્ત્રી રત્ન બનાવ્યું નહોત તો, પુરૂષનો બળતો આત્મા ક્યાં જઈ વિરામ પામત ? હીરલ જો કે, છે તો વેશ્યા. પરંતુ મ્હારા પર તે ઘણો પ્યાર રાખે છે. એટલુંજ નહીં પણ મ્હારા સિવાય અન્ય પુરૂષને એ બીલકુલ ચાહતી નથી. તેણે મ્હારી પાસે આજ બે દિવસ થયા સો રૂપીઆ માગ્યાછે તે

મ્હારાથી તેને હજી સુધી આપી શકાય નથી, તેથી મને ઘણી દીલગીરી થાય છે, કારણ કે, હાલમાં મ્હારી પાસેથી તમામ રોકડ ખલાસ થઈ ગઈ છે. તેમજ ઘેરથી મળી શકે તેમ નથી. શું કરવું ? કયાંથી લાવી આપવા ? બે દિવસ થયાં તો હું તેને ખોટા વાયદા આપું છું. પણ જો આજનો વાયદો જશે તો તેને ઘણું માઠું લાગશે.

ડાહ્યાલાલ–(પ્રવેશી.) કેમ મિત્ર રસરાજ ! શા વિચારમાં તલ્લિન થઇ બેઠા છો ?

રસરાજ—(વિચારથી જાગ્રત થઇને.) કોણ! ડાહ્યાલાલ ? આવો આવો મિત્ર, ઘણા દિવસે મિત્રની ભાળ લેવા પધાર્યા ?

ડાહ્યાલાલ–હાજી. પણ આપે આરંભેલ મહાભારત અનુભવ સિદ્ધ થયો કે, હજી વાર છે ? એ જાણવા માટેજ મ્હારૂં અત્રે આપની પાસે આવવું થયું છે.

રસરાજ—(સ્વગત.) ડાહ્યાલાલ પાસે આજ મ્હારે કેટલુંક જૂઠું બોલવું પડશે, નહિતો મને તે મૂર્ખની ગણનામાં ગણી કહાડશે. (પ્રકાશ) મિત્ર ! હજી અનુભવ સિદ્ધ થવાને વાર છે, કેમકે–વેશ્યાનાં અપાર ચરિત્ર સ્હેજમાં સમજાવાં દુશવાર છે.

ડાહ્યાલાલ–એ ખરૂં પણ મેં સાંભળ્યું છે કે—આપ હીરલના પ્રેમ પાસમાં સજ્જડ સપડાઈ ગયા છો, તન, મન અને ધનથી ખુવાર થઇ ગયા છો. તમારૂં શરીર અને મનની વ્યગ્રતા જોઈ મને ખાત્રી થાય છે કે, એ વાત ખરી છે. માટે હજી હું તમને ફરીને ચેતાવું છું કે સત્વર એ હિરલનો પરિત્યાગ કરી ઘો. નહિ તો પાછળ તેનું એવું પરિણામ આવશે, કે તમારે ઘણુંજ વિમાસવું પડશે.

રસરાજ—નહીં, નહીં મિત્ર ! એટલું બધું ખરાબ. પરિણામ કદી આવવાનું નથી. કેમકે—હાલમાં તો હીરલ મને ઘણા પવિત્ર અંતઃકરણથી ચાહે છે. અને મને મ્હારૂં હૃદય પણ કહે છે કે–" હીરલ કદી દગાખોર નહીં નીવડે."

ડાહ્યાલાલ–રસરાજ ! ઘેલા થયા ઘેલા; વેશ્યાના પ્રેમને પવિત્ર માનનાર પુરૂષ અંતે હેરાન થાય છે. વેશ્યાનો પ્રેમ કદી પવિત્ર હોતો જ નથી. અને આપ હીરલના પ્રેમને પવિત્ર કહો છો. તેથી સાબીત થાય છે કે–આપ હીરલપર અત્યંત પ્રેમાંધ થયા છો.

રસરાજ—નહી નહી એ તમારૂં ધારવું તદ્દન ખોટું છે. હું છેક તો તેનાં પર પ્રેમાંધ થયો નથી પણ હા, હું તેને સાધારણ રીતે ચાહું છું, એ વાત ખરી છે.

ડાહ્યાલાલ–તમે તેને સાધારણ પ્રેમથી ચાહોછો એમ કહો છો, પણ હું તો માનું છું કે, તમે બીલકુલ તેની પાછળ ઘેલા થયા છો. મારૂં કહેવું હાલ તમારા માનવામાં આવશે નહીં પણ અંતે હું તમને યાદ આવીશ. માટે હજી ચેતો, અને તેને ત્યાં જવું છોડીદો. આટલો અનુભવ ઘણો છે.

રસરાજ—અનુભવ પૂર્ણ થયાં પહેલાં હું તેને કદી છોડીશ નહીં. એ અનુભવ મેળવવા માટે મ્હારાપર ગમે તેવી આફતો આવી પડશે. તોપણ હું તે સહન કરીશ, પણ આખર સુધી તેને તપાસીશ તો ખરો જ.

ડાહ્યાલાલ–રસરાજ ! હું પહેલેથીજ જાણતો હતો કે, તમે મ્હારૂં કહેવું નહીં માનો કેમકે, પ્રેમાંધ માણસને કોઇની શિખામણમાં સત્ય દેખાતું નથી, અને ઉલટું શિખામણ દેનાર માણસ તેને દુશ્મન સમાન લાગે છે. હું પણ તમને દુશ્મન જેવોજ લાગતો હઈશ. પણ મ્હારે મ્હારી ફરજ બજાવવી જોઇએ, એટલા માટેજ મેં તમને ઉપરના બે બોલ કહ્યાં પણ તમારા માનવામાં આવ્યા નહીં એટલે લાચાર છું. તોપણ હજી ફરીને ચેતાવું છું કે–એ રાંડથી તમે હમેશાં ચેતતાં રહેજો, પરીક્ષા કરજો. નહિ તો મરણ જેવાં સંકટમાં આવી પડશો. વળી વેશ્યા કેવી હોયછે તે સાંભળો–

कवित.

मिंतनको भावे एसे बिबिध बतावे भाव,
चपल चलावे नैन, मनको हरती हैं.
ओगुन अपार देख, पिया चित्त लावे रोस,
करके अनेक भांत, गोदमें परती हैं.
भने बीरपाल जो रीसावें सोही मिंतन तें,
बिनाति अपार किये चितनां धरती हैं.
नरककी बारी, सोही नारी, दुष्ट कर्मवारी,
मिलत हैं ख्वारी यामें वाकी कौन गति हैं ?

રસરાજ—જોકે, એ વાત યથાર્થ છે, પરંતુ—

ગાયન.

(બોલે મુખ મીઠી વાત એ રાહ.)

" કરીને પ્રેમ સુરા પાન, બને જે પ્રેમથી મસ્તાન,
" ભૂલે વિશ્વનું સૌ ભાન, રહે દિલદારમાં ગુલતાન.
" ગૂજરે લાખ સીતમ શીર, ડગે દિલથી ન પ્રમી વીર,
" તજી સ્વસ્થાન રઝળે રાન, ઠરે ગૂણી છતાં અજ્ઞાન.
" પ્રેમે જીવે કે જીવ જાય, પણ ચિત્ત નિત પ્રેમી મ્હાય,
" પીએ તો પ્રેમ રસનું પાન, વિસરે સર્વ શુદ્ધ ને સાન.
" ભૂખે રહે સો સો વર્ષ, દુઃખઢ સહે જાલીમ તર્ષ,
" પણ નિજ ટેક પ્રેમી સુજાણ, રાખે અડગ મેરૂ સમાન.
" પ્રેમ પ્રવાહિનીનું પૂર, કરે જન લાજ કાંઠો ચૂર,
" નહિ જરીએ ગણે નુકશાન, ધરે જીવજાનનું એક ધ્યાન."

ડાહ્યાલાલ—રસરાજ! "પ્રીત છૂપે નહિ પૂંઠ લગાયા" એ મહા કવિ ગંગનું વાકય ખરેખર પ્રસંશનિય છે. આપ અત્યાર સૂધી હીરલપરનો પ્રેમ છૂપવતાં હતા; પણ અંતે ઉભરાઈ ગયા વગર રહ્યા નહીં. ખરૂં ? પણ ભાઇશ્રી! એ તમારૂં કહેવું પવિત્ર પ્રેમને લાગું પડે છે. પણ અપવિત્ર પ્રેમને લાગું પડતું નથી. વિચાર કરો. વેશ્યાનો પ્રેમ તદ્દન સ્વાર્થ પરાયણજ હોય છે.

રસરાજ—કામ કુંડલા વેશ્યાએ માધવાનળપર પવિત્ર પ્રેમ રાખી અંતે તેની ધર્માંગના બની હતી તે શું ખોટી વાત હશે ?

ડાહ્યાલાલ—એ કામ કુંડલા માત્ર નામનીજ વેશ્યા હતી કેમકે, તેણે માધવ સિવાય અન્ય પુરૂષનો પોતાના અંગને સ્પર્શ પણ થવા દીધો નહોતો તેમજ તેનો પ્રેમ પવિત્ર હતો પ્રતાપી વિક્રમાદિત્યે તેના પ્રેમની ખરી કસોટી કરી હતી ત્યારેજ તેઓનું લગ્ન વિધિથી પાણીગ્રહણ થયું હતું.

રસરાજ—(સ્વગત.) આ હવે પોતાની લપ મૂકી શે જાય ? (પ્રકાશ.) ડાહ્યાલાલ, હું હવે તમારા કહેવા પ્રમાણેજ કરીશ. અને હીરલથી ચેતીને ચાલીશ પણ મ્હારાથી તેને એકદમ છેહ તો નહિ દેવાય

ડાહ્યાલાલ—પ્રત્યેક રીતે પરીક્ષા કરશો તો તેનું બધું પોગળ તમારા જાણવામાં આવશે અને પછી વગર કહેજ તમે તેને તજી દેશો. પણ પરીક્ષા કરવાનું ભૂલી ન જશો કેમકે, સાચા ખોટાના પરીક્ષા કસોટી વગર થતી નથી.

રસરાજ—ઘણી કાળજીથી હું તેની કસોટી કરીશ. પછી કેમ ?

ડાહ્યાલાલ—બસ મ્હારે એટલુંજ કામ છે. હવે હું રજા લઈશ.

રસરાજ—ભલે પધારો. (ડાહ્યાલાલ જાય છે. રસરાજ સ્વગત.) હાશ ! માંડ કાશ ગઈ છે. ચાલ, હવે હું મ્હારી વ્હાલી પાસે જાઉં. (યાદ આવતાં) પણ હા, રૂપીઆનો જોગ તો મેં કંઈ કર્યો નહીં? એ માગશે તો આજ શો જવાબ દઈશ ? (વિચારી.) ચાલ, આજ પણ ગમે તેમ સમજાવી લઈશ. (જાય છે પડદો ઉપડે છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—હીરલનું રંગ ભવન.

હીરલ—કલી ! આજ દિવસ સુધી તો રસરાજ હું જે મોઢેથી માંગતી તે તરતજ હાજર કરી દેતા, પણ સો રૂપીઆ માટે મને ત્રણ દિવસ થયાં ટપ્પે રમાડે છે. તેથી મને તો એમ લાગે, છે કે, હવે ખીસ્સાં ખાલી થઈ ગયાં છે.

કલી—ના ના, એ તમારૂં ધારવું બીલકુલ ખોટું છે, રસરાજ પાસે હજી નાણાં તો ભરપૂર છે, પણ તમને ન આપવાનું કંઈક કારણ હશે.

હીરલ—કંઈ કારણ હોય એવું મને તો સમજાતું નથી. અને તને સમજાતું હોય; તો તે મને તું જણાવ.

કલી—મને તો તેનું કારણ એવું લાગે છે કે–તમારી પાસે આવેલો કોઈ પુરૂષ તેના જોવામાં આવી ગયો હશે. અને કાં તો તેમને કોઈએ ભરમાવ્યા હશે.

હીરલ—ત્યારે હવે તેની પાસેથી કેવી રીતે રૂપીઆ કઢાવવા, અને તેને પડેલો શક દૂર કરવો ? તેતો મને તું બતાવ.

કલી—આજ તમે રસરાજ આવે એટલે રીસાઈને બેસજો, અને તે બોલાવે તોપણ કંઈ જવાબ દેશો નહીં, એટલે જે હશે તે તેની આપે જણાઈ આવશે. સમજ્યા ?

હીરલ—વાહ! કલી વાહ! આ ત્હારો ઉપાય અવસ્ય ફત્તેહમંદ નીવડશે. એમાં કંઈ પણ શક નથી. શાબાશ છે ત્હારી બુદ્ધિને! (વાંસો થાબડે છે.)

કલી—અરે ! તમાશા જેવું જ્યારે મ્હારૂં જોબન હતું ત્યારે મેં મ્હારી, બુદ્ધીથી કંઇક લાખોપતિના છોકરાંને મ્હારા પ્યારમાં સપડાવી. ધન માલ પડાવી, ઘરબાર વેચાવી, અંતે સંન્યાસી બનાવી દુનિયાથી પાર કરી દીધાં હતાં. મને શું તમે ઓછી જાણો છો ?

હીરલ—નહીં, પૂરે પૂરી હુંશિયાર ! પણ સામેથી રસરાજ આવે છે માટે તું ઝટ જતી રહે ! હું ત્હારા કહેવા પ્રમાણે કરૂં છું, જા જા.

કલી—આ ચાલી ત્યારે. પણ જો જો સ્હેજ સાજમાંથી પીગળી ન જતાં.

(કલી જાય છે અને હીરલ રીસાઇ બેસે છે.)

રસરાજ—(પ્રવેશી હીરલને અવ્યવસ્થિત બેઠેલી જોઇને સ્વગત.)

મંદાક્રાંતાવૃત્ત.

ભાસે કાન્તા અધિક ઉરમાં, આજ રોષે ભરેલી,
મૂખે મ્લાની પ્રકટ છઇ છે, ને ભ્રૃવા છે ચડેલી,
નીચી દ્રષ્ટે વિકળ મનથી, બેઠિ નિશ્વાસ નાંખે,
ઉભો આવી પણ મુજ ભણી, રે ! જુવે ના, ન ભાખે.

આજ આ માનવતીની મનામણી થવી ઘણી મુસ્કેલ છે. તોપણ ચાલ જરા છેડી તો જોઉં. (પાસે જઇને પ્રકાશ.) હીરલ! મ્હારા પ્રાણ ! આજ તું આમ શા માટે રોષ ધરીને મૌન બેસી રહી છો? એવો મ્હારાથી શો દોષ થયો છે? જે હોય તે મને જણાવ. બોલ, શા માટે નાહક ત્હારાં દિલને દુભાવે છે? (તેને અડકે છે.)

હીરલ—(રસરાજને કંઇપણ બોલ્યા વગર તરછોડી નાંખે છે.)

રસરાજ—તું આમ શા કારણ કરે છે? તે મ્હારાથી નથી સમજાતું. શું ત્હારે કઇ જોઇએ છીએ ? શું મેં ત્હારી ઇચ્છા વિરૂદ્ધ કોઈ પગલું ભર્યું છે ? કે કોઈ અન્ય મ્હારો અપરાધ છે? જે હોય તે મને કહે. જો, મ્હારો અપરાધ હશે તો હું તેની ત્હારી પાસે માફી માંગીશ, પણ વ્હાલી, આમ ન કર. ઉઠ બેઠી થા. અને આ ત્હારા મ ઘેલા ચાહકને આલિંગન આપ. (અડકે છે.)

હીરલ—(છણકો કરી દુર ખસી જાય છે. તેથી.

રસરાજ—અરે મુગ્ધે ! શું કરવા આમ કરે છે ?

ગાયન.

(નાચે ગાએ નારી પિયારી ચલો એ રાહ.)

બોલો બોલો રસીલી, અબોલા હુંથી લાડિલી ન લ્યોરે.
તરછોડે શું છબીલી— અબોલા૦

હું'થી એવી ભૂલ જે ભારી, હાયે થયેલી,
મન મેલી કે'ની તું વ્હેલી,
હું વાર વાર વીનવું કરજોડ કરી,
વ્હાલી હિરલ, રોષ સકળ, પરહરી દે પ્યારી.
આવારી, લાચારી, શુણી મ્હારી.— અબોલા૦

હીરલ—(તિરસ્કાર યુક્ત) તમે શા માટે મ્હારી પાછળ પડયા છો ?

રસરાજ—ચંદ્રને જોવા.

હીરલ—અત્યારે તો દિવસ છે.

રસરાજ—માટેજ અત્યારે તેને આકાશમાં કામ નહીં હોવાથી, તે નાચે ઉતરી આવ્યો છે.

હીરલ—ત્યારે તો તે કોઇ ગુફામાં છૂપાઈ બેઠો હશે કેમ ?

રસરાજ—નહીં, જાહેર જગતનાં નેત્રો તૃપ્ત કરે છે.

હીરલ—ત્યારે તો તે કોઈ પહાડનાં શિખરપર ચડીને બેઠો હશે નહીં ?

રસરાજ—નહીં, એક નાજુક વેલી પર બિરાજે છે.

હીરલ—ત્યારે તો તે બિચારી ભારથી તૂટી પડતી હશે ?

રસરાજ—હા, તે કોઈ કોઈ વખત નાચે છે ખરી.

હીરલ—હશે, તો જાઓ તેને શોધી લ્યો. પણ અમસ્થા મને શા માટે સતાવો છો ?

રસરાજ—તે વેલી તુંજ છો માટે. (હીરલને આલીંગન લેવા જાય છે.)

હીરલ—(તરછોડીને)

ગાયન

(છોડો છોડો છબીલા જાઓ હઠો એ રાહ.)

છોડો છેડો છૂવો ના, ખાલી માજા ખૂવો ના,
મ્હારૂં લેશો ન લેશો ન નામ— છબીલા મા૦
દાડી દાખીને ખોટો દમામ,
સાધી જાઓ છો પોતાનું કામ.— છબીલા મ્હા૦

રસરાજ—ગોરી થાયે શું ઘેલી, ઓરી ઓરી અલબેલી,
તને ઘટે ન રીસાવું આમ-રસીલી તને૦
તજી રોષ દિલેથી તમામ,
પ્યારી પાની પ્રીતિરસ જામ-રસીલી તને૦
તરસાવ ન તું તારૂણી, લપટ કંઠમાં આવ,
વ્હાતાને ચાહિયે સદા, ભલા હૃદયને ભાવ.

હીરલ—મીઠી મીઠી બોલો મુખવાણ,
પણ દિયો ન કાચા બદામ,
છેલ્લા મ્હારા હવે છે પ્રણામ,

રસરાજ—આપું આપું સકળ ધન ધામ-રસીલી તને૦

(હીરલને પરાણે આલીંગન ભરે છે તેમજ ચુંબન કરે છે.)

હીરલ—(રોષથી.) કેવા નિર્લજ્જ છો ? ના કહ્યાં છતાં પણ મ્હારૂં નામ લીધા વગર ન રહ્યાં ! (કૃત્રિમ આંખમાં આંસુ આણે છે.)

રસરાજ—વ્હાલી, જો, આમ દિલગીર ન થા. બોલ, ત્હારે તે રૂપીઆ જ જોઇએ છીએ કે, બીજું કાંઈ જોઇએ છીએ ?

હીરલ—(આંસુ લૂહી નાંખીને.) એ રૂપીઆ તો લાવી આપો પછી બીજાની વાત.

રસરાજ—મેં તને એ સો રૂપીઆ વખતસર નહિ આપ્યા એજ માટે ત્હારે રીસાવું પડયું હતું ના ? હીરલ, મ્હારા આત્માની આરામ, પ્રાણ, સો રૂપીઆ તો શું પણ તું કદી મ્હારા પ્રાણ માગીશ તો તે પણ કહાડી આપવાને આ રસરાજ પાછી પેની ભરનાર નથી. પણ ત્હારે ધડોકમાં આમ કરવું ન જોઇએ.

હીરલ—હું તો દશ દિવસ વીતી જાય તોય ન માગું, પણ બે દિવસ થયાં મ્હારી મા અને બ્હેન એ સો રૂપીઆ માટે મ્હારો જીવ ખાતાં હતાં. અને આજ તો મને એવાં વેણો સંભળાવ્યાં કે, મ્હારી આંખમાંથી આંસુ પડયાં એટલે મ્હારે આમ કરવું પડયું નહિતો હું મ્હારા વ્હાલાને દુ:ખ મનવું ખરીકે ?

રસરાજ—હશે, બન્યું તે હવે ન બનવાનું નથી. પણ હવે પછી કોઈ દિવસ આમ ન કરતી કેમકે-ત્હારો ઊચ રોષ મને ભારી થઇ પડેછે.

હીરલ—ત્યારે તમે પણ આમ કોઈ દિવસ બ્હાના ન દેશો કેમકે, મ્હારે તેથી મ્હારી મા અને બ્હેન તરફથી નહિ સાંભળવાનું સાંભળવું પડે છે. બોલો, હવે તે સો રૂપીઆ કયારે લાવી આપશો ?

રસરાજ—આવતી કાલ બે વાગતાંને સુમારે હું જરૂર લાવી આપીશ.

હીરલ—જૂઓ, કાલનો વાયદો જો નહીં સચવાય તો પછી તમને પસ્તાવું પડશે.

રસરાજ—ફીકર નહીં. પણ હું તેનો વધારે ખુલાસો આવતી કાલે દશ વાગતાં આપાશ. ત્યાર પછી ત્હારે જે કહેવું હોય તે મને કહેજે.

હીરલ—એતો ઠીક. પણ તમે અહીં તમારા કુટુંબ માટે ઘર લેવાના હતા તેનું શું થયું ?

રસરાજ—એ વિચાર હમણાં કમૂહુર્તો હોવાને લીધે માંડી વાળ્યો છે.

હીરલ—ત્યારે હવે તમે જાઓ. મ્હારે નદીએ પાણી ભરવા જવું છે.

રસરાજ—અરરર ! ત્હારાં આવાં કોમળ શરીરથી પાણીનું બેડું ઉપડે છે શી રીતે ? કોઈ પાસે પૈસો આપી ભરાવી લેતી હોય તો શું થાય?

હીરલ—નહીં; મને પાણી ભરવા જવાનો તો શોખ છે, માટેજ જઊં છું. એ સિવાય ઘરનું તમામ કામ પૈસા આપીનેજ કરાવું છું.

રસરાજ—પણ આજ તો તને હું પાણી ભરવા નહીં જવા દઉં.

હીરલ—ના, હું પાણી ભરવા તો જઇશ. તમારે બેસવું હોય તો બેસો.

રસરાજ—મને ત્હારા વિના એકલાં તો ગમે નહિ.

હીરલ—ત્યારે તમે બ્હાર ફરી આવો. તેટલા વખતમાં હું પાણી ભરી રહીશ.

રસરાજ—વારૂ, ત્યારે હું જઉં છું. પણ મ્હારાથી હવે રાત્રે અવાશે.

હીરલ—ભલે, રાત્રે સુખેથી આવજો. (રસરાજ ગયા પછી. સ્વગત.) રાત્રે આવશે તો ઠેબાં ખાતો પાછો જશે કેમકે, સાંજે તો મ્હારે વૃદ્ધનગર દુર્લભસિંહ ઠાકોરને મળવા જવું છે. એ કુલ વળી મને ઓર પ્યારથી ચાહે છે. પ્રત્યેક વખતે જઉં છું ત્યારે સો પચાસ રૂપીઆ ધૂત્તિ લાવું છું. અને એક રાત રહી આવું છું.

ગાયન.

(મજેદારી ગીલોરી ભરી લાલીયાં એ રાહ.)

લટકાળી રૂપાળી હું છું હીરલી,
હું છું હીરલી, રસીલી ખરી— લટ૦
બણીઠણીને બજાર ચાલી, નયનો ખૂબ નચાવું,
લટકે મટકે ચટકે મ્હારે, લાખો નર લલચાવું,
લોભાવું— લટકાળી.
પ્યાર બતાવી પૂરણ પહેલો, ફંદે મુજ ફસાવું,
ધરાર ધૂત્તિ ધન ધામ સૌ, ભૂતી ભલી ભુંસાવું,
ચોળાવું— લટકાળી.
ભલા ભલાને ભાન ભૂલાવી, જોબન વને ઝુલાવું,
ઇશ્ક મજામાં અંધ બનાવી, ભૂંડે હાલ ભમાવું,
નકટા કરી નચાવું, વર મ્હારે વરતાવું—લટ.

(જાય છે પડદો પડે છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—મૂળરાજની દુકાન.

મૂળરાજ—દોસ્ત શુકરાય ! આપણે તો હવે બધી રીતે પાયમાલ થઇ ગયા છીએ. ગાંઠમાં એક કાચી બદામ ન રહી. જે હતું તે આગમાં ખાખ થઇ ગયું. હવે તો કંઈ નાણાં મળે તેવું શોધી કહાડો તો ઠીક, નહિ તો મ્હારે તો વગર મ્હોતે મરવું પડશે.

શુકરાય—નાણાં મળે એવું હાલમાં તો કંઈ નથી સૂઝતું. તું કહે તેમ કરીએ?

ગુલાબરાય-સાંભળો એક હું ઉપાય બતાવું. જો તે કરો તો બે ત્રણ હજાર રૂપીઆ મળી જાય.

જીવરાજ—ત્યારે કહી નાંખને ઝટ કે, સાંભળીને જરા આનંદ તો થાય.

ગુલાબરાય-કોઈ કોળીનાળી જેવાની છોકરીને દક્ષિણ દેશમાં જઇને, આપણી નાતમાં પરણાવી આવીએ. તો બે ચાર હજાર મારી લાવીએ.

શુકરાય—જો કે, ત્હારો ઉપાય તો ફાવીએ તેવો છે. પણ તે એકદમ બની શકે નહીં કેમકે-પહેલા તો ત્યાંસુધી જવાને ગાડીભાડાના સો પચાશ રૂપીઆ જોઇએ. તે હાલ કાઢવા કયાંથી ?

મૂળરાજ—તેટલા રૂપીઆ કયાંઇથી જો મળી જાય. તો એ હિમ્મત ધરી શકાય તે પહેલાં કશુંએ ન થાય.

જીવરાજ—ત્યારે તેટલા રૂપીઆ જો મેળવવા હોય તો ફરીથી રસરાજને સપડાવીએ અને સો પચાશ પડાવીએ. અને પછી આપણું આગળ મોટું કામ ચલાવીએ.

શુકરાય—શાબાશ, એ ફુલને તેં ઠીક સંભારી આપ્યું. કેમકે, હાલ તેની પાસે નાણાં ભરપૂર ભર્યાં છે, વળી મેં સાંભળ્યું છે કે-તેણે આજ દિવસ સૂધીમાં પેલી હીરલને હજારેકનો માલ આપી દીધો હશે. અને હજી પણ દીધેજ જાય છે.

મૂળરાજ—જ્યારે એમ છે, ત્યારે તેને ફસાવવા પસારો આપણી કપટજાળ.

ગુલાબરાય-પણ હમણાં રસરાજ આપણે ત્યાં આવતો નથી એ શું ?

મૂળરાજ—નિર્મળશાના મંદવાડ વખતે મ્હારે ઘેર આવ્યો હતો ત્યાર પછી આવેલ નથી.

જીવરાજ—લ્યો, રસરાજ છે તો આયુષ્યમાન. સંભારતાંજ આ આવ્યા.

શુકરાય—અહોહો ! રસરાજ, આજ ઘણા દિવસે દર્શન દીધાં ? આટલા દિવસ શા કામમાં ગુંથાઈ ગયા હતા ?

રસરાજ—એવું કામ તો કંઈ નહતું પણ સ્હેજ આવી શકાતું નહતું.

મૂળરાજ—ત્યારે આજ ભલું આવવું થયું ?

રસરાજ—તમારૂં એક અગત્યનું કામ પડતાં હું અત્રે આવ્યો છું.

ગુલાબરાય—ફરમાવો, અમારૂં એવું શું કામ પડયું છે ? તમારૂં કામ અમે અમારાં હજાર કામ પડતા મૂકીને કરી આપશું,

મૂળરાજ—બેશક, રસરાજનું કામ એ અમે અમારૂં પોતાનુંજ સમજીએ છીએ

રસરાજ—મ્હારે હમણાં કેટલાક રૂપીઆની જરૂર પડી છે કેમકે, પગાર હજી આવ્યો નથી અને પાસે જેટલી રોકડ હતી તેટલી ખલાસ થઈ ગઈ છે. તેથી મ્હારી પાસેના કેટલાક દાગીના વેચી તેના રૂપીઆ લેવા છે. માટે જો તમે સાથે ચાલો તો તે આપણે વૃદ્ધનગર જઇ વેચી આવીએ.

મૂળરાજ—(સ્વગત) વાહ ! વાહ ! કામજ થઈ ગયું. "જોઇતું હતું ને વૈદે બતાવ્યું "(પ્રકાશ) મિત્ર રસરાજ ! અમે આપની સાથે વૃદ્ધનગર આવવાને તૈયાર છીએ. તમારે જરાપણ ગભરાવું નહી.

રસરાજ—નહીં, ગભરાવા જેવુ તો કંઈ નથી, પણ મને એકલાં વેચવાં જતાં જરા શરમ આવે છે. તેથીજ તમને કહેવું પડયું.

શુકરાય—પણ જવું ક્યારે ધાર્યું છે ?

રસરાજ—જો તમને કંઇ હરકત ન હોય, તો હમણાંજ ચાલીએ.

જીવરાજ—અમને કંઈ હરકત નથી. ચાલો, અમે તો તૈયાર છીએ.

મૂળરાજ—હા, ચાલો થાઓ બેઠા. કેમ, રસરાજ ચાલશુંના ?

રસરાજ—હાજી.

મૂળરાજ—ઠીક ત્યારે તમે અને જીવરાજ આગળ જઇ એક ગાડી બાંધો, અમે તેટલામાં આવી પહોંચીએ છીએ.

રસરાજ—વારૂ, ચાલ જીવરાજ.

જીવરાજ—ચાલો. (બન્ને જણ જાય છે.)

મૂળરાજ—દોસ્ત શુકરાય, આજ બેડો પાર થઇ જશે. પણ હવે તેનો ઘાટ કેવી રીતે ઘડવો ? એનો કંઈ વિચાર કર્યો ?

શુકરાય—આપણે તેને અહીંથી પાધરો વૃદ્ધનગરના બાગમાં લઈ જવો. અને ત્યાં તેને નશાવાળી બીડી પાઇ બેભાન કરી, તેની પાસેના દાગીના કહાડી લેવા. અને આપણે પણ પછી અજાણ્યા થઇ સૂઇ રહેવું.

ગુલાબરાય—પણ તેનો નશો ઉતરી ગયા પછી એ કહેશે કે મ્હારા દાગીના ક્યાં ગયા, તો આપણે શો જવાબ દેશું ?

શુકરાય—આપણે બીલકુલ જાણુતાંજ નથી એમ બતાવવું અને તેની શોધ માં પડવું એટલે તેને આપણા ઉપર શક આવશેજ નહીં.

મૂળરાજ—ચાલો ત્યારે. હવે ઉતાવળા.

શુકરાય—ચાલો. (જાય છે.)

દયાળચંદ—(પ્રવેશી.) આ હરામખોરો ! બિચારા રસરાજને ફસાવી મારશે. રસરાજ ઘણો ભોળો અને ઉદાર દિલનો માણસ છે, તેમજ સુશીલ અને વિદ્વાન છે. પણ જ્યારથી આ પાપીઓ તેનાં પડખે ચડયા છે, ત્યારથી તેની ચાલચલગતમાં ઘણો ફેરફાર થઈ ગયોછે. તેનું કારણ આ લોકોની સંગતજ છે. ખરૂં છે કે, સોબતે અસર. લાગ્યા વિના રહેજ નહીં.

ગાયન.

(બહુ લોક જગે ઠગતા ફરતા. એ રાહ.)

નહિ નીચ તણી સંગત કરવી,
નહિ પાપીની પ્રીતિ વરવી
સંગતનાં ફળ અહાહાહા !!—નહીં૦
નિજ નામ ઘણું બદનામ થશે,
વળી આબરૂ વીર તમામ જશે,
બુદ્ધિ બગડી ઉર પાપ વસે,
સંગતનાં ફળ અહાહાહા !!—નહીં૦
ઉજળાપર ડાઘ પડે કાળો,
નહિ શ્યામ પરે કદીએ ભાળો,
માટે ઉજળા ચેતી ચાલો.
સંગતનાં ફળ અહાહાહા !!—નહીં૦

(દયાળચંદ ગાયન પૂરૂં થતાં જાય છે પડદો ઉપડે છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળઃ—હીરલનું આરામસ્થાન.

(હીરલ શૃંગાર સજી પોતાનાં ઘરનાં બારણામાં પુરૂષોને લોભાવવા બેઠી છે.)

હીરલ—(મનમાં.) આજ રસરાજ કંઈ કામ માટે વૃધ્ધનગર ગયેલ છે, તેથી આજની રાત્રે મ્હારે છેલોની મુલાકાત લેવાને ઠીક મજા પડશે. લાવ આજતો પુરૂષોને લલચાવવા માટે એકાદ ગાયન ગાઉં.

ગરબી.

(મનહર મુર્તી આ અવનીમાં એ રાહ.)

" મધુર મનહર ગુલાબ નિરખી, દિલ બન્યું નહિં જે ઘેલું,
" કહેવાનું એતો દિલ, દિલ એ ખરેખરૂં નહિં રંગીલું.
" જોબન બગીચે પ્રેમ પવનની, લ્હેરે મજા જો નહિ લીધી,
" તો જાણો આ જગમાં જન્મી, જીંદગી વ્યર્થ બધી કીધી.
" આલિંગનમાં અબળાને લઇ, આરોગ્યું અધરામૃત નહીં,
" ગણો ગમાર ગર્ધવ સમ તેને, લ્હેજત સાકરની ન લહી.
" આવો રસીયા આવો છેલા, ઝુલાવું હું જોબન વનમાં,
" ગુલાબના કર આપી ગોટા, શાન્તિ છવાવું તનમનમાં."

રસિકલાલ—(પ્રવેશી) હીરલ, આજ મુલાકાતમાં પાનનીપટ્ટી ખવરાવવાની નવરાશ છે કે ?

હીરલ—આવો આવો શેઠજી ! આપ માટે સર્વ સામગ્રી તૈયાર છે. (ઉભી થઇ અંદર જાય છે.)

રસિકલાલ—(અંદર જઇ પલંગપર બેસીને) હીરલ ! આજ ઘણા દિવસે ત્હારી મુલાકાત થઇ, તેથી મને ઘણો આનંદ થાય છે.

હીરલ—(તેની પાસે બેસીને.) હું તો આપને બહુજ યાદ કરતી હતી પણ આપ તો દર્શનજ દેતા નહોતા.

રસિકલાલ—નહી, હું ઘણી વખત તને મળવા આવતો પણ ત્હારાં ઘરનાં બારણાં અંદરથી બંધ ભાળી પાછો ચાલ્યો જતો. એમ પ્રત્યેક વખતે નિરાશ થતો, એટલે પછી મેં આ તરફ આવવુંજ છોડી દીધું હતું.

હીરલ—(પાનપટી તૈયાર કરીને.) લ્યો, જમો.

રસિકલાલ—(લઇને.) વાહ ! આજ ત્હારા હાથનું પાન ખાવા મળ્યું તેથી હું મ્હારા અહોભાગ્ય માનું છું.

હીરલ—શેઠ સાહેબ ! અવિનય માફ કરશો. પણ જો મરજી હોય; તો એક બે મધુની મીઠી પ્યાલીઓ ભરી લાવું? મેં સાંભળ્યું છે કે, આપને એનો શોખ સારો છે.

રસિકલાલ—હો, હો, મોટી ખૂશીથી લાવ, ત્હારાથી કંઈ મ્હારે છૂપું રાખવાની જરૂર નથી.

હીરલ—(દારૂનો સીસો અને પ્યાલી લાવીને, ભરીને) લ્યોજી.

રસિકલાલ—નહીં નહીં પેહેલી પ્યાલી તો તુંજ પી.

હીરલ—ના, પ્હેલી તો આપનેજ પીવી જોઇએ.

રસિકલાલ—(પ્યાલી લઇને પીવે છે.) બસ, હવે એક તું પી.

હીરલ—ના, એક બીજી આપજ થવા ઘો. (બીજી ભરી આપે છે.)

રસિકલાલ—(બીજી પીવે છે.) બસ, બસ, હવે બહુ થઈ. પ્યારી, હવે તો એક તું પી. તને મ્હારા સમ છે.

હીરલ—નહીંજી, મને તેનો આવરો નથી એટલે હું તો નહીં પીઉં. પણ ત્રીજી આપ—

રસિકલાલ—નહીં, નહીં, એ તો વધારે થઈ છે.

હીરલ—ત્યારે શું મ્હારો હાથ પાછો ઠેલશો ? જો તેમ થાય તો જૂલમ કહેવાય.

રસિકલાલ—લાવ ત્યારે, ત્હારૂં માન રાખું, પણ બહુ થશે હો. (ત્રીજી લઇ પી જાય છે.)

હીરલ—(ખાલી પ્યાલી પાછી લઇ સ્વગત.) હવે શેઠ બરાબર બનશે. કેમકે આ બ્રાન્ડી ઘણીજ ઉંચી જાતની છે. (પ્રકાશ.) કેમ શેઠ હવે શી ફરમાશ છે ?

રસિકલાલ—(નશામાં ચકચૂર બની) મ્હારી એ ફરમાશ છે કે—એક મીઠી દે. આવ મ્હારી ગોદમાં બેસ. (હીરલ તેના ખોળામાં બેસે છે) વાહ ! વ્હાલી વાહ ! શું ત્હારા પ્યારની વાત કરીએ? બસ, બસ, ત્હારા માટે મરીએ તોપણ કુરબાન છે.

હીરલ—(હીરલ તેના ખીસ્સામાં હાથ નાંખી.) શેઠજી ! આજ રોકડ કેટલીક લાવ્યા છો ? (ખીસ્સામાંથી દશ રૂપીઆ કાઢી લે છે)

રસિકલાલ—દિલોજાન, જે હોય તે બધું ત્હારૂંજ છે.

હીરલ—ત્યારે તો આ કંઠી પ્હેરી છે તે પણ મ્હારે માટેજ લાવ્યા છો? કેમ?

રસિકલાલ—હાં, ઉતારી લે ત્હારા-થી. શું-એ કંઠી વં-ધા-રે છે ?

હીરલ—વાહ ! મ્હારા ફક્કડ યાર વાહ ! તમારી ઉદારતા તો રાજાને પણ શરમાવે તેવી છે. (કંઠમાંથી કંઠી કહાડી પોતે પહેરે છે.)

રસિકલાલ—(નશામાં લથડીયા ખાતો.) વ્હાલી, હી—ર—લ, આ—જ—તો તેં ખૂ—બ મોજ ક—રા—વી.—દોસ્ત.

હીરલ—આપ જેવા કદરદાન શેઠીયાને મનગમતી મોજ કરાવવી એ તો મ્હારી ફરજ છે. એમાં કંઈ મેં નવાઇ કરી નથી.

રસિકલાલ—હી—ર—લ તા—રી—મી—ઠી—વા—ણી—સાં—ભ—ળીને—મ્હા—રૂ—દી—લ—ખૂશ—ખૂશ—થઈ—જાય—છે. વાહ ! શા વ—ખા—ણ કરીએ તારાં, તા—રા—બો—લ—બહુ—લાગે—છે—પ્યારા. (હીરલને બાથ ભીડી ચૂ-મી ભરે છે.)

હીરલ—(બાથમાંથી છૂટીને.) (સ્વગત) હવે આને વિદાયગીરી આપું કેમકે, તેના માબાપ શોધવા નીકળશે. અને આ મુર્તિ અહીં છે એમ ખબર પડશે. તો મેળવેલો માલ પાછો આપી દેવો પડશે. (પ્રકાશ) રસિકલાલ, હવે આપ પધારો વખત ઘણો થઈ ગયો છે. પછી તમને રસ્તામાં પોલીશ રોકશે તો નાહક તમારે હેરાન થવું પડશે. સમજ્યા ?

રસિકલાલ–હા, બ–રા–બર છે. હું–હવે–જાઉં.

હીરલ—ચાલો ત્યારે, તમારો હાથ ઝાલી તમને નિચે ઉતારૂં.

રસિકલાલ–(લડથિયા ખાતો ઉઠે છે.) ચાલ પ્યારી–મ–ને–નિ–ચે–ઉ–તા–ર–એ–ટ–લે–હું–હ–ળ–વે–હ–ળ–વેમ્હારે–ઘે–ર–પ્હો–ચી–જ–ઇ–શ.

હીરલ—ચાલો. (હાથ ઝાલી પોતાના ઘર નીચે ઉતારી પોતાનું ઘર વાસી દે છે.) (રસિકલાલ આગળ આવતાં નશાનાં જોરથી પડી જાય છે.)

પ્રાણુલાલ—(તેનો મુનામ પ્રવેશી. રસિકલાલને પડેલો જોઇ.) કોણ? ભાઇ રસિકલાલ! અરે તમે અહીં આમ આવી હાલતે શાથી પડયા છો ? (તેનો હાથ ઝાલી બેઠો કરે છે અને તેને દારૂની ગંધ આવતાં) શિવ ! શિવ ! આજથી આટલી કાચી ઉમ્મરે ભાઇ સાહેબ તો વેસ્યાને ત્યાં જઇ દારૂ પીવા શીખ્યા છે. હું તો એમ જાણતો હતો કે ભાઇને એક વેસ્યાનોજ કુછંદ લાગ્યો છે. પણ આતો બધાં લક્ષણથી પૂરા છે. માબાપ છોકરાઓને નાનપણમાં મોઢે ચડાવે છે, તેનાં આવાંજ પરિણામ આવેછે. ખરૂંછે કે "પૈસાદારનાં છોકરાં ભાગ્યેજ સદ્ગુણી નીવડે છે. "

રસિકલાલ–(નશો ઉતરી જતાં સાવધ થઈ મનમાં) અરે ! આતો મ્હારો મુનીમ, ખચિત, મ્હારી આ વાત મ્હારા બાપને કહી દેશે. પણ ફીકર નહીં. તેનાંથી ડરીશ તો ઉલટો એને વધારે દબાવશે માટે એ કંઇ કહે તો તેને રોકડો જવાબ દેવો એ વધારે ઠીક છે.

પ્રાણુલાલ—રસિકલાલ, તમે આજ સાંજના કયાં ગયા હતા ? તમારા બાપે મને શોધવા માટે મોકલ્યો છે.

રસિકલાલ–(ગુસ્સાથી.) મ્હારી મરજીમાં આવે ત્યાં ગયો હતો તેની તમારે શી પંચાત છે ?

પ્રાણુલાલ—ભાઈ સાહેબ, એમ ગુસ્સે શું કરવા થાઓ છો ? તમે જ્યાં ગયા હતા તેની મને બરાબર ખબર છે. પણ તમારા જેવા સાહુકારના દિકરાને એ નથી છાજતું, આટલી કુમળી વયમાં વેસ્યાને ત્યાં જઇ દારૂ જેવાં ભયંકર નશા કરો છો. પણ એ ભવિષ્યમાં

તમારી ખુવારી કરશે એટલુંજ નહીં પણ તમારા માબાપની આબરૂને હાની પહોંચશે. તેનો કંઈ વિચાર થાય છે ?

રસિકલાલ—તમે ખાખરની ખીલોડી સાકરનો સ્વાદ શું જાણો ? દારૂમાં જેવી મજા રહેલી છે, તેવી મજા દુનિયામાં કોઇપણ વસ્તુમાં નથી.

પ્રાણુલાલ—ખરૂં છે, આપ તેની મજામાંજ અહીં ભૂંડી હાલતે પડયા હતા કેમ ? વાહ ! શી ઉમદા મઝા માણો છો ! શાબાશ છે! તમને અને તમાદી દારૂની મજાને! પણ રસિકલાલ, ખાનદાનનાં ફરજંદનું આ કામ નથી. આપણુ વાણીયાને તો એ વસ્તુ હરામ છે. માટે તમારી આ બૂરી લત છોડી દો અને આપણને કોઇ શોભે તેવી મજામાં પૈસા વાપરો તો સારૂં કહેવાશે. નહિતો આ રસ્તે તો તમારી ઘણી હલકાઈ ગણાશે.

રસિકલાલ—છટ, એમાં હલકાઈ શાની?! તમારે કંઇ વધારે તિનપાંચ કરવી નહીં ! ! હું મ્હારે ગમે તેમ કરીશ.

પ્રાણુલાલ—એમ કે ? ઠીક છે. આ બધી વાત મ્હારે તમારા બાપને કહેવી પડશે. જોઉંછું કે પછી તમે કેવીક બદફેલી કરી શકો છો ?

રસિકલાલ—જા, જા, ત્હારે તેમને કહેવું હોય તેમ કહેજે. હું ત્હારાથી કે મ્હારા બાપથી બીલકુલ ડરતો નથી, તું નોકર, મ્હારા જોડા ઉચકનારથી તે શું થવાનું હતું ? ! (રોફમાં ચાલ્યો જાય છે.)

પ્રાણુલાલ—અહા હા ! જુઓ આ લક્ષાધિપતિનાં છોકરાંને. લાજની જરાપણ દરકાર છે ? મગજમાં કેટલો અહંકાર રાખે છે ?

ગાયન.

(જૂલમીનો જુલમ જો જો, એ રાહ.)

જુઓ શ્રીમંતના છકેલાં છોકરાં. (૩) જુઓ.
લંપટ વિષયે લાજ તજીને,
વેશ્યા ઘરે દારૂ જઇ પીયે ઇશ્કે આંધળાં. (૨) જુઓ.
પગમાં સ્ટાકીંગ બૂટ ચડાવી,
છાતી કહાડી ચાલે છાકટા, લાજે ના જરા. (૨) જુઓ.
આંખમાં ચશ્મા હાથમાં સોટી,
ટોપી ધરી શિરે શોખમાં, ફરતાં ફાંકડાં. (૨) જુઓ.
ચોરી કરવી કદી ન ચૂકે.
માબાપની આબરૂ તણાં, કરતાં કાંકરાં. (૨) જુઓ.

(પ્રાણુલાલ જાય છે અને પડદો ઉપડે છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ:—વૃદ્ધનગરમાં પબ્લીક ગાર્ડન.

(રસરાજ, મૂળરાજ, શુકરાય, ગુલાબરાય અને જીવરાજ બાગમાં અહીં તહીં ફરતા નજરે પડે છે.)

ગાયન.

રસરાજ— (ખરાબી થાય અતિહાય બાળ લગ્ને એ રાહ.)

નિહાળી બાગની આ બ્હાર સુંદર,
અતિ આનંદ પામે મુજ અંતર—નિહાળી૦
લતા મંડપ રૂપાળા છે લસંતા,
ચડી છે વેલીઓ ચિત્તહાર ઉપર—નિહાળી૦
વિવિધ વિલાયતી રંગીન રોપો,
બહુ ચોપેલ છે સૌ ઠાર સુંદર—નિહાળી૦
ખીલ્યાં છે ખૂબ ખુશબોદાર પુષ્પો,
જાઇ જૂઇ જાસૂદી સુખકાર સુંદર—નિહાળી૦
વહે છે મંદ મંદ સુગંધ ચારૂ,
બહુ આ બાગ છે મઝેદાર સુંદર—નિહાળી૦

વાહ ! આ બેન્ડસેન્ડનું ચક્કર ઘણુંજ સુશોભિત બનાવ્યું છે. જ્યારે અહીં બેન્ડ વાગતું હશે ત્યારે એ કંઈ ઓરજ મજા આપતું હશે.

મૂળરાજ—(પાસે આવી બીડી કહાડીને.) રસરાજ ! બીડી પીશોકે ?

રસરાજ—હાજી. લાવો; (બીડી લઇ દિવાસળીથી સળગાવી પીતાં પીતાં.) પણ હવે આપણે શેહેરમાં ક્યારે જવું ધાર્યું છે ?

શુકરાય—જવાય છે, શી ઉતાવળ છે ? બેઘડી આ બાગની મજા તો મારી લ્યો.

ગુલાબરાય—મ્હારો તો એવો વિચાર છે કે, કલાક બે કલાક અહીં આરામ લઇએ. કેમકે ગઇ રાત્રે આપણે ઉતરેલ ઠેકાણે બરાબર ઉંઘ આવી નહોતી.

મુળરાજ—ખરૂં છે, તેને ત્યાં માંચડનો ઘણો છતારો હતો. તેથી આખી રાત મેં તો જાગૃણ કર્યું છે.

જીવરાજ—મ્હારે પણ તેમજ થયું હતું. માટે જો અહીં બે ઘડી આરામ લેવાય તો બહુ સારૂં. કેમ રસરાજ ! તમારો શું વિચાર છે ?

રસરાજ—ભલે, હું તમારી મરજીને આધિન છું. કેમકે આ બાગની મધુર હવાથી મ્હારી પણ આંખો ઘેરાય છે. માટે હુંતો આ બાંકપરજ સૂઈ જાઉં છું. (બીડી ફેંકી દઇ બાંકપર સૂઇ જાય છે.)

શુકરાય—ત્યારે અમે પણ સામે પડેલા બાંકોપર સૂઇ રહીએ છીએ. તમારી ઉંઘ પૂરી થાય એટલે અમને પણ જગાડજો. (બધાં સામેના બાંકપર જઈ સૂવે છે.)

(રસરાજને બીડીના નશાથી અત્યંત ઉંઘ આવી જાય છે. થોડીવાર પછી પેલા બધાં ઉઠીને રસરાજ પાસેના તમામ દાગીના છૂપકીથી કહાડી લે છે અને તેને બાગમાં દાટી આવે છે. અને ફરી સૂઈ જાય છે.)

રસરાજ—(જાગૃત થઇને.) ઓહો! નિદ્રામાં ઘણો વખત વીતી ગયો. આશરે ત્રણ વાગી ગયા હશે. (પોતાનાં ખીસ્સા તપાસે છે.) અરે ! પણ મ્હારા દાગીના કયાં ?! ખીસ્સામાં તો નથી!! (આજુ બાજુ જોઇને.) નક્કી, કોઈ લેઈ ગયું. હાય ! હાય ! ! હવે કયાં શોધું ? ગયા. ગયા. જરૂર ગયાં. તે સાથે મ્હારી સર્વ આશાઓ પણ ઉડી ગઈ. (મોટેથી.) મૂળરાજ ! શુકરાય ! ! જાગો ! જાગો ! ! મ્હારાં દાગીના ચોરીક ગયા!

(ચારે જણ જાગી દોડી આવે છે.)

મૂળરાજ—શું છે ? શું છે ? રસરાજ ! શું થયું ?

રસરાજ—મ્હારાં દાગીના ચોરાઈ ગયાં.

શુકરાય—હેં ! શું કહો છો ? દાગીના કોઇ લઈ ગયું ?

રસરાજ—હા. હવે શું કરવું ? મ્હારી પાસે કંઇ ન રહ્યું.

ગુલાબરાય—અજબ જેવી વાત છે. કોઈ અહીં આવ્યું તો નહોતું !

રસરાજ—તે મને કંઇ ખબર નથી. હું જ્યારે જાગૃત થયો ત્યારે ખીસ્સામાં જોયું તો દાગીના ન મળે. તેથી મેં તમોને જગાડયા અને ખબર દીધી.

જીવરાજ—જુલમ થયો આતો. આથી મ્હારૂં દીલ બહુ બળે છે.

રસરાજ—મ્હારા વ્હાલા મિત્રો ! તમે હવે મને સલાહ આપો તેમ કરૂં. મ્હારી મતિ તો બિલકુલ મુંઝાઇ ગઈ છે.

મૂળરાજ—ચાલો, શેહેરમાં પોલીશને ખબર આપીએ. અને હરામખોર ચોરની શોધ કરાવીએ. શું પાંચસો રૂપીઆના દાગીના એમ જવા દેશું ?

શુકરાય—નહીં, તેને માટે તો ખુવાર થવું પણ ચોરને પકડવો.

રસરાજ—પોલીશને પણ હવે ક્યાંથી પત્તો લાગશે ?

ગુલાબરાય-અરે, રસરાજ ! તમે ભૂલો છો. આ શેહેરની પોલીશ એવી હુશિયાર છે કે, ચોરને પૃથ્વીનાં પડમાંથી પણ ખોળી કહાડશે. ચાલો.

રસરાજ—ચાલો ત્યારે જઇએ. (સ્વગત.) અરેરે ! જરાવારમાં દાગીના હાથથી ગયા. (જાય છે.)

મૂળરાજ—(પાછળથી.) ગુલાબરાય, તું પાછળ રહે અને પેલા મૂકયા છે ત્યાંથી લઈ જલ્દી અંગલપુર પહોંચી જા. આને થોડીકવાર રઝળાવી અમો પણ આવી પહોંચી છીએ. જા.

ગુલાબરાય-વારૂ જાઓ. (મૂળરાજ પણ જાય છે. પાછળ ગુલાબરાય દાગીના બહાર કહાડે છે તેને જોઈ.) વાહ ! વાહ ! દાગીના છે તો ઘણા ઉમદા. ચાલ ઝટ અંગલપુર ભેળો થઈ જાઉ. (જાય છે. પડદો ઉપડે છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ:—હીરલનું ઘર.

(હીરલ ચોપડી વાંચતી પલંગપર બેઠેલી નજરે પડે છે.)

રસરાજ—(પ્રવેશી.)

ગજલ.

થયો ખુવાર હું પૂરો, રહ્યું નહિ પાસમાં કાંઈ,
કરૂં શું હું ? ગયું સર્વે, રહ્યું નહિ પાસમાં કાંઈ.
પ્રિયાથી મેં કરેલો કોલ, વળી મૂખથી વદેલો બોલ,
વૃથા થાશે પ્રીતિ જાશે, રહ્યું નહિ પાસમાં કાંઈ.
ઘટી લજ્જા ઘટી લક્ષ્મી, ઘટી ભક્તિ, ઘટી શક્તિ,
રહી છે એક આસક્તિ, પ્રિયાપરની ઉરે છાઇ–
કદી જો એ છેહ દેશે, નકી તો આ ન તન રે'શે,
જીવાશે નહી મહા કલેશે, હૃદયના શોચથી હાયે.

(સ્વગત.) દાગીના ગયા, ક્યાંઈ પત્તો ન લાગ્યો, હીરલને હવે શું જવાબ દઇશ ? દિલમાં તો ઘણું એમ થાય છે કે ખાલી હાથે તેને મોઢું ન બતાવવું. પણ લાચાર, પ્રીતિને વશ થયેલું મ્હારૂં મન તેના વિના ઘડીપણ ક્યાંઇ રહી નથી શકતું. (પ્રકાશ) મ્હારી વ્હાલી હીરલ, હું આવ્યા છતાં આજ તું કેમ કંઈ નથી બોલતી ?

હીરલ—આપ વૃદ્ધનગરથી ક્યારે પધાર્યા ?

રસરાજ—હમણાં આવું છું તે ત્યાંથીજ આવું છું.

હીરલ—ત્યારે તો આજ રૂપીઆ લાવ્યા હશો ?

રસરાજ—ઘણો અહીંથી તો તે જ માટે ગયો હતો પણ વ્હાલી શું ? કહું, નસીબ ત્યાં પણ ફરી વળ્યાં. જે દાગીના વેચી રૂપીઆ લેવા ગયો હતો તે દાગીના ગાર્ડન બાગમાંથી કોઈ ચોરી ગયું. ઘણી શોધ કરી પણ ક્યાંઇ પત્તો ન લાગ્યો. અંતે નિરાશ થઈ અત્રે આવવું પડયું.

હીરલ—એ તદ્દન જૂઠી વાત છે. મને તમે કેવળ બનાવો છો. હવે તમારા દિલમાં કપટનો વાસો થયો છે. તમારે મને રૂપીઆ આપવાજ નથી.

રસરાજ—હીરલ, વ્હાલી, આતું શું બોલે છે? શું મ્હારા દીલમાં કપટ છે ? શિવ, શિવ, તને હું શી રીતે સાબીત કરી આપું ? જો આ હૃદય ચીરી, દેખાડી શકાતું હોત તો ચીરી દેખાડત કે અંદર શું ભર્યું છે ? પણ લાચાર, તેમ બની શકતુ નથી.

હીરલ—એ બધી વાત ખરી, પણ મને મ્હારા રૂપીઆ હમણાંને હમણાં લાવી આપો તો હું સાચું માનું.

રસરાજ—હાલમાં તો હવે મ્હારાથી રૂપીઆ નહીં બની શકે. એક અઠવાડીયું ધીરજ ધર. પછી હું જોગ કરી લાવી આપીશ.

હીરલ—ના, હું હવે ઘડીપણ ખમવાની નથી. જો તમારે ન આપવા હોય, તો ના પાડો એટલે થયું.

રસરાજ—આ જીભ કપાઈ જાયતો ભલે પણ મ્હારાથી ના નહીં પાડી. શકાય. હું એવો વચન ભ્રષ્ટ માણસ નથી.

હીરલ—ત્યારે જ્યાં સૂધી તમે મને રૂપીઆ નહિ આપો ત્યાં સૂધી હું ત મને મ્હારે ઘેર નહિ આવવા દઉં. અને તમારે પણ ત્યાં સૂધી આવવું નહીં.

રસરાજ—હીરલ! એમ બોલી મ્હારાં બળતાં હૃદયને વધારે ન બાળ. મ્હારાથી ત્હારી ઘડીની જૂદાઇ નથી વેઠાતી તો આઠ દિવસ તે શી રીતે જાય ?

હીરલ—તે હું શું કરૂં ? તમે જાણો ન વેઠાય તો.

રસરાજ—વિશ્વાસ રાખ. હું મારૂં માથું કોઇને ત્યાં માંડીને પણ તને રૂપીઆ લાવી આપીશ પણ મને તું આમ છેહ ન દે. માન, અને કહેકે, ભલે અઠવાડીએ આપજો.

હીરલ—નહીં, જો તમારે પ્રીતિ રાખવી હોયતો હમણાં રૂપીઆજ લાવી આપો. નહીં તો હવે મ્હારા છેલ્લા પ્રણામ છે. પછી તમે હજાર રૂપીઆ આપશો તોપણ હું તમારા સામું કદી નહીં જોઉં.

રસરાજ—અરે ભૂંડી! મેં ત્હારા પ્રેમને ખાતર મ્હારા વ્હાલાંથી વિરોધ કર્યો, મ્હારૂં નામ બદનામ કર્યું, મિત્રોને બૂરું મનાવ્યું એટલુંજ નહિ પણ ધમીલપુર છોડી અહીં રહેવા આવવાનું ઠરાવ્યું. અને તું હવે મને દગો દેછે! એ જૂલમ થાય છે! અરે હીરલ, મ્હારા આટલા આટલા કાલાવાલા પર તને કંઈ દયા નથી આવતી? કંઈ અસર થતી નથી? ભલી થઇ માન, મને આમ છેહ ન દે, કરૂણા કર, આમ જો, મ્હારી જીંદગીમાં કોઇની પાસે પણ નહીં ઉતારેલ પાઘડી, હું આજ ત્હારી પાસે ઉતારૂં છું. માન!

ગાયન.

(મન હરણી માફ કર તું એ રાહ.)

મૃગનયની મ્હેર કર તું, પ્રિય રોષ હવે પરહર તું—ઓ મન.
વદ હસી વાણી, સુખપ્રદ શાણી, સમજ સુજાણી, રેદીલજાની
તરૂણી ન તરછોડ, હઠીલી હઠ છોડ,
ન મૂખ મચકોડ, કોડિલી પૂર કોડ.
અલબેલી આમ અતિ, મુંઝાવ ન મ્હારી મતિ,
માન, માનવતી રતિ, નથી આ કપટ કૃતી,
પ્રેમને કુવે ઉતારી, વરત ન વાઢ પ્યારિ.

હીરલ—ના ના નહિ, બનશે કંઇ, જાઓ વહી.
રસરાજ—પાયે પડું, વિનતિ કરૂં, રે કરગરૂં,
કર નમણી નેહ નજર તું—ઓ મન.

હીરલ—(સ્વગત.) હવે રસરાજ પાસે કંઇ રહ્યું લાગતું નથી માટે બીલકુલ નાજ કહેવી કે મારે હવે તમારી દોસ્તી નથી જોતી. (પ્રકાશ) રસરાજ! તમે ગમે તેમ કરશો પણ હું માનવાની નથી. ઉઠો જાઓ. મ્હારે હવે બ્હાર જવું છે. (એદી થવા જાય છે.)

રસરાજ—(સજળનેત્રે.) હીરલ! હીરલ!! આમ નિર્દય ન થા! દયા લાવ, નિચે બેસ. મ્હારી જરા વાત સાંભળ. આમ કરવું તને નથી છાજતું. જો, હું તને સોગન પૂર્વક કહું છું કે, આઠ દિવસમાં જરૂર રૂપીઆ લાવી આપીશ. જો, તને પૈસા આપનાર તો હજારો મળશે પણ મ્હારા જેવો સત્યસ્નેહી મળવો મુશ્કેલ છે. માટે માન,

અને મને હમેશની રીતે જેવા પ્રેમથી ચાહે છે. તેવાને તેવાજ પ્રેમથી બોલાવ.

હીરલ—એ તમારી વાત પર હું હવે જરાપણ ધ્યાન દેવાની નથી. જાઓ. ઉઠો. નહીં તો હું જાઉં છું.

રસરાજ—એમ તો હું નહીં જાઊં.

હીરલ—ત્યારે શું અહીંજ બેસી રહેશો ?

રસરાજ—હા, જ્યાં સૂધી તું મને હસીને બોલાવીશ નહીં ત્યાં સૂધી હું અહીંથી જવાનો નથી.

હીરલ—(સ્વગત.) જ્યાં સૂધી હું અહીં હોઇશ ત્યાંસૂધી આ કાશ ખસશે નહીં, માટે તેને એકલો મૂકી મ્હારી બ્હેનને ત્યાં ચાલી જઉં પછી એ એની આપે ચાલ્યો જશે. (પ્રકાશ.) ત્યારે હું મ્હારી બ્હેનને ત્યાં જાઉં છું. (ચાલી જાય છે.)

રસરાજ—(નિશ્વાસ નાંખી.) અરેરે! એ તો મને કરગરતો મૂકીને ચાલી ગઇ! હાય હાય ! જેને માટે હું ખુવાર થયો, તે તો આજ આમ પલટાઇ ગઈ અને નાહક હું બદનામ થયો. બધાંથી વિરોધ કર્યો અને હીરલ તો મને ધકકો મારવા તૈયાર થઈ છે. હાય ! હવે આ દુઃખ હું કોની પાસે જઇ કહું ? કહેવા જેવું કોઇપિણ સ્થળ મેં રહેવા દીધું નથી. ખચિત, મ્હારી હવે અધોગતિ થઈ. (પાસે પડેલા પાટલાથી પોતાનું માથું કૂટે છે અને અત્યંત રડે છે. તેટલામાં હીરલ આવે છે અને રસરાજને રડતો જોઇ.)

હીરલ —(રસરાજના કપાળમાં ગડ થયેલું જોઇ.) અરરર મા, તમે આવું કરો અને ઉંડા નિસાસા નાંખોતો તો અમે બન્ને બ્હેનો ફાટી પડીએ. રસરાજ ! તમે આમ શું કરવા કરો છો ?

રસરાજ—(હીરલનો હાથ ઝાલી) હીરલ, મ્હારા પ્રાણ ! મારાથી પ્રેમની હાની નથી સહન થતી. હું હવે મરી જઇશ. કેમકે—

ઈંદ્રવિજય છંદ.

હાનિ સહાય પચીશ પચાશનિ, સોનિ હજારનિ લાખ ટકાની,
હાનિ સહાય સુવૈભવ નાશનિ, માલ મતા ઘરબાર ગયાની,
હાનિ સહાય કુટુંબ તણી વળિ, અંગ અપંગ કુરોગ થયાની,
હીરલ હાનિ હજાર સહાય, ન હાય ! સહાય સુપ્રેમની હાની.

હીરલ, હીરલ !! તું એમ જાણતી હઇશ કે—રસરાજનો પ્યાર ખોટો છે. પણ તેમાં તું ભૂલ કરે છે. હું ત્હારા પ્રે-

મપાસમાં સજ્જડ બંધાઈ ગયો છું તે હવે કોઇ રીતે છૂટી શકું તેમ નથી. માટે દયા લાવ, અને આ પ્રેમસાગરમાં ડૂબી મરતાં, ગળકાં ખાતા રસરાજને બચાવ. આવ.

હીરલ—મ્હારી એ પ્રેમસાગરમાં પડીને બચાવવાની શકિત નથી. એટલે નિરૂપાય છું.

રસરાજ—(બાજુમાં.) બસ, હવે થઈ રહ્યું. એ પૈસાનેજ ચાહનારી નહીં માને. મ્હારી જીંદગીનો છેડો હવે આવી રહયો! ડાહ્યાલાલ, ડાહ્યાલાલ! ભલા મિત્ર, મેં તમારૂં કહેવું નહિ માન્યું તેની મને આ જ યોગ્ય શિક્ષા મળી ચૂકી. ડાહ્યાલાલ, હવે આ તમારો મિત્ર, તમને, આ દુનિયાને, અને પોતાનાં મા તેમજ ભાઇઓ સદાને માટે છોડી જાય છે. હું અધમનો અફસોસ તમે જરાપણ કરશો નહીં, ઓ મ્હારા આર્ય બાંધવો! તમે સૌ વેશ્યાઓના પાપી પ્રેમથી અને દુરાચારીઓની સંગતથી ચેતીને ચાલજો! નહીં તો જેવા આ વખતે મ્હારા હાલ થયા છે, તેવા તમારા પણ થશે. મ્હારો આ દાખલો તમે તમારા હૃદયપટપર લખી રાખજો. કાળાંતરે પણ તમને તે કામ આવશે. (પ્રકાશ) હીરલ! તું નહીં માને? હા, ના નો ઝટ જવાબ આપ. એટલે હું મ્હારે રસ્તે પડું.

હીરલ—નહી, હું હવે તમને બીલકુલ ચહાવાની નથી: તમારે જે રસ્તે જવું હોય, તે રસ્તે સુખેથી જાઓ. ઉઠો.

રસરાજ—(પોતાનાં ખીસ્સામાંથી અફીણ કહાડીને) જો, આ અફીણ છે. તે હું ખાઇને મ્હારો પ્રાણ તને અર્પણ કરૂછું કેમકે, આ રસરાજ પ્રેમની અસહ્ય પીડા ભોગવવા કરતાં મરવું એ વધારે પસંદ કરે છે. તને હવે મ્હારા છેલ્લા પ્રણામ છે. (અફીણ ખાઇ જાય છે. તે હીરલ જોઇ રહે છે.) હીરલ! યાદ રાખ મ્હારો પ્રેમ ત્હારા ઉપર અગાધ છે, એટલે હું મરીશ પણ સદ્‌ગતિ નહીં પામું અને હું ભૂત યોનીમાં ઉત્પન્ન થઇશ. એ ભૂત રૂપે હું પછી હમેશાં ત્હારી પાસે આવીશ.

હીરલ—(ગભરાઇને મનમાં) હાય, હાય, આતો અફીણને ખાઈ ગયો! જરૂર એ મરી જશે! માટે હવે શું કરવું?! આ વાતની જો પોલીશને ખબર પડશે તો, ઝેર ખવરાવવો આરોપ મ્હારા ઉપરજ આવશે, અને મ્હારે પણ ફાંસીને લાકડે લટકવું પડશે. માટે રસરાજને ઝટ સમજાવી, હમણાંની જતી ટ્રેનમાં તેના ગામ ધમીલપૂર મોકલી આપું તો ઠીક. (પ્રકાશ) રસરાજ, રસરાજ, તમે એ શું ખાધું!?

રસરાજ—શું ખાધું શું અફીણ ખાધું !

હીરલ—અરરર ! તમે એશું કર્યું !? હું તો તમારા પ્રેમની પરીક્ષા જોતી હતી. અને તમે તો હસવામાં ખસવું કરી નાંખ્યું. (તેના કંઠે વળગી.) વ્હાલા, હવે તમને કંઇ થશે તો હું પણ મ્હારો જીવ કહાડી નાંખીશ. હું તમારા વિના ઘડી પણ રહી શકું તેમ નથી.

રસરાજ—હીરલ, હવે ચરિત્ર કરવાં રહેવા દે ! અને મને છોડી દે. ખસ!!

હીરલ—શું હું ચરિત્ર કરૂં છું ? હાય ! હાય ! ! મ્હારાં નસીબ ફૂટી ગયાં !! હવે હું શું કરૂં ? મ્હારી સાચાઇ હું કોને બતાવું ? (આંખમાંથી આંસુ પાડે છે.)

રસરાજ—હીરલ, મને આ ત્હારો પ્રેમ કૃત્રિમ લાગે છે, કેમકે, મેં અફીણ ખાધાં પહેલાં તને કાલાવાલા કરવામાં કંઈ ખામી રાખી નહોતી. છતાં ત્હારૂં કઠોર, અરે નિર્દય હૃદય પીગળ્યું નહોતું. અને હાલ હવે તું આજે આંખમાં આંસુ નિગાળે છે તે તદ્દન સ્રી ચરિત્રનો નમુનો છે. છોડ મને ! હું મરૂં છું તેથી તને શું નુકશાન છે ?

હીરલ—(રડતી.) હા, મ્હારે તો કંઈ નુકશાન નહીં ! મ્હારો પ્રાણ, મ્હારો જીવનાધાર મૃત્યુ વશ થાય તેથી મને કંઈ નહી કેમ ? મેં મૂર્ખીએ હઠ કરી તે મનેજ નડી. હવે હું ગમે તેમ કરીશ તોપણ તમારા માનવામાં નહીં આવે ! હાય ! મ્હારૂં સર્વસ્વ લૂંટાઈ જશે ! આ મ્હારૂં હું કોને કહું ? મ્હારી છાતી ફાટી જાય છે ? મને કંઈ કંઈ થઇ જાય છે ! હાય ! હાય ! હાથના કરેલાં હૈયેજ વાગ્યાં ! મ્હારા પ્યારાની હુંજ જીવલેણ થઈ !

રસરાજ—હીરલ, કદાચ ત્હારો સાચો પ્રેમ હોય, તોપણ હવે શું કામ આવે?

હીરલ—વ્હાલા, હજી બગડી નથી ગયું. હજી એક ઉપાય છે; જો તમે કરો તો.

રસરાજ—શું છે ? બોલ ઝટ. હજી હું ત્હારા પ્રેમ ખાતર તું કહીશ તેમ કરીશ.

હીરલ—અફીણનો નશો માણસને એકદમ મારી નાંખતો નથી. માટે તમે હમણાંની જતી ટ્રેનમાં ધમીલપુર જાઓ. અને તર્તજ ત્યાંના ડાક્ટરને મળો.

રસરાજ—ડાકટરને મળી શું કરૂં ?

હીરલ—કહેજો કે, મ્હારાથી ભૂલમાં અફીણ ખવાઈ ગયું છે. માટે તે કંઈ પણ અસર ન કરે એવી દવા આપો. એટલે તરતજ ડાક્ટર તમને અફીણનો નશો ન ચડે તેવી દવા પાશે એટલે પછી તમને કંઈ પણ થશે નહીં.

રસરાજ—કદાચ મને કંઈ ન થાય અને પાછો હું અહીં આવીશ તો તું મને ચાહીશ ખરીકે ?

હીરલ—ચાહીશ તો શું પણ મ્હારી છાતી સાથે રાખીશ.

રસરાજ—જોજે, ફરી એવફાઇ ન કરતી !

હીરલ—જાઓ વિશ્વાસ રાખો. હું સોગનથી કહું છું કે મ્હારા પ્રાણ કરતાં પણ તમને વધારે પ્યારથી ચાહીશ.

રસરાજ—ભલે ત્યારે હું જાઉં છું.

હીરલ—જાઓ, પણ રસ્તામાં સાવધ રહેજો.

રસરાજ—ફીકર નહીં. (રસરાજ એકદમ જાય છે.)

હીરલ—હાશ. માંડ આફતમાંથી બચીછું. નહીં તો પૂરી કમબખ્તી થાત. હવે રસરાજ ફરીથી કદી અહીં આવશે તો મોઢું પણ નહીં દેખાડું. ચાલ, આ બનેલી વાતથી મહારી બ્હેનને વાકેફ કરૂં.

(હીરલ જાય છે પડદો પડે છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ:—બજારમાં સોનીની દુકાન.

(મૂળરાજ, શુકરાય, ગુલાબરાય અને જીવરાજ રસરાજવાળા દાગીના વેચવા સોનીની દુકાનપર આવેલા નજરે પડે છે.)

મૂળરાજ—કેમ સોની મહાજન ! થોડાક દાગીના છે તે રાખશો ?

સોની—હા, લાવો, બતાવો તો ખરા.

મૂળરાજ—શુકરાય આપો દાગીના. જોવા દો. એમને

શુકરાય—લ્યો. (ખીસ્સામાંથી કહાડી આપે છે.)

સોની—(દાગીના જોઇને મનમાં.) આ દાગીના આ લોકોનાં હોય તેમ લાગતું નથી. માટે તેમને ખાત્રીથી પૂછી જોવા દે. (પ્રકાશ.) મૂળરાજ ! આ દાગીના કોના છે ?

મૂળરાજ—કેમ કોના છે ? અમારા છે.

ગુલાબરાય—એ બધી પડપૂછ મૂકી તેની શી કિંમત ઉપજશે તે કહોની.

જીવરાજ—હા, ઝટ કરો અમારે ઉતાવળ છે.

સોની—ઠીક છે; હું કસોટી કરી જોઉં પછી કિંમત કહું. (સ્વગત.) આ દાગીના વિષે મને પૂરો શક પડે છે કે, મને ફોજદારે ખબર આપ્યાં છે તે જ આ દાગીના ન હોય ? માટે આ દાગીના ફોજદાર સુધી પહોંચાડું તો ઠીક કેમકે, પાછળ આપણે ગુન્હામાં ન આ-

વીએ. (કસોટી કરે છે. પ્રકાશ.) આ દાગીના અમારી મ્હોટી દુકાને મોકલવા પડશે કેમકે, તેની ખરી કિંમત તેમનાથી આંકી શકાશે. દાગીના જડાઉ છે એટલે મને બરાબર કિંમત સુઝતી નથી.

મૂળરાજ—ભલે ત્યાં મોકલો પણ ઝાઝીવાર ન થવી જોઈએ.

સોની—નહી હમણાંજ આવશે. (સોની પોતાના માણસને ઈશારો કરી) લે, આ આપણી મોટી દુકાને કિંમત કરાવી વ્હેલો આવ જા.

માણસ—હમણાંજ આવું છું. (માણસ દાગીના લઈ જાય છે.)

શુકરાય—(મૂળરાજને કાનમાં.) યાર ! દાગીના બીજે લઈ જવા દીધા પણ જો આ વાત ફોજદાર સુધી પહોંચી તો ચારે જણ ચતુર્ભૂજ થશું હો !

ગુલાબરાય—હા, કદાચ નહિને તેમ થયું; તો તો યાર, જેલજાત્રા કરવા જવું પડશે બધાંને.

મૂળરાજ—ઝાઝી ખાનગી કરવી મૂકી દ્યો નહીં તો સોનીને શક પડશે તો ઉલટા સપડાઈ જશું. (તેટલામાં ફોજદાર પોલીસ સાથે પ્રવેશ કરે છે.)

ફોજદાર—(દાગીના બતાવી.) મૂળરાજ ! આ દાગીના તું વેચવા માટે લાવ્યો છું કે ?

મૂળરાજ—(ગભરાઈને) જી-હા. અમે. ચારે જણા લાવ્યા છીએ.

ફોજદાર—કયાંથી લાવ્યા ? બોલો સાચું, નહિ તો મારવા પડશે તમને.

જીવરાજ—(થરથરતો.) સાહેબ ! અમને તે રસરાજે આપ્યાં છે.

ફોજદાર—ઠીક છે. પોલીશ, આ ચારે જણને પકડી જેલરને સોંપી આવો જાઓ. (પોલીસ ચારે જણને બાંધે છે.)

લગુબરાય—(મનમાં.) હાય ! હાય ! ! મૂઆ હવે તો.

મૂળરાજ—(મનમાં.) પાપનો ઘડો ફૂટી ગયો. નક્કી આમાંથી બધી વાત ફૂટી જશે, તો ફાંસીએ ચડવું પડશે.

ફોજદાર—જાઓ, લઇ જાઓ, હરામખોરોને (પોલીશ લઈ જાય છે.) શાબાશ છે સોની, ત્હારી ચતુરાઈથી ખરી ચોરી પકડાઈ છે.

[ફોજદાર જાય છે અને પડદો ઉપડે છે.]

પ્રવેશ. ૧૦ મો.

સ્થળ:—હીરલનું આરામ સ્થાન.

હીરલ—[પ્રવેશી.] રસરાજ કહેતો હતો કે મ્હારા દાગીના ચોરાઈ ગયા એ વાત તો ખરી નીવડી. કેમકે—તેના દાગીના તેનાજ મિત્રોએ ચોર્યા હતા, તે ગઈ કાલરોજ બધાં પકડાઇ ગયા, અને ગુન્હો સાબીત થતાં એ બધાંને છ છ માસની કેદ મળી. ખચિત રસરાજ ! મ્હારાપર સાચો પ્રેમ રાખે છે એમાં તો શક નહીં. તેણે બિચારે મ્હારે માટેજ તે દાગીના વેચવા કહાડયા હતા. પણ તેના હરામખોર મિત્રોએ તે ચોરી લીધા, એટલે રસરાજ મને રૂપીઆ આપી શકયો નહી. રૂપીઆ નહિ મળતાં હું બદલાઇ ગઇ એ મેં બહુ ખોટું કર્યું પણ હવે રસરાજ ધમીલપુરથી આવે એટલે હું મ્હારા અપરાધની માફી માગીશ. અને ફરી ખૂબ પ્યાર બતાવીશ.

રસરાજ—[પ્રવેશી બાજુપર.] ડાકટરની દવા પીવાથી મને બીલકુલ નશો ચડયો નહીં એ ઠીક થયું નહિ તો પૂરી હેરાનગતિ થાત એટલુંજ નહિ પણ દુનિયામાં ફજેત થાત. હવે હું હિરલને બીલકુલ ચહાતો નથી પણ તેની આખર સ્ત્રીની કુટિલતા જોવા હું આજ ધમીલપુરથી અત્રે આવ્યો છું જોઇએ કે—હવે હીરલ મને કેવા ભાવથી બોલાવે છે. [પ્રકાશ] કેમ હીરલ, શું થાયે છે? છે તો ખૂશીમાં ?

હીરલ—[રસરાજને જોઇને.] કોણ મ્હારા પ્યારા રસરાજ ! [રસરાજને બાઝી પડે છે.] વ્હાલા, તમારાં બે દિવસ થયાં કંઈ સમાચાર નહોતા તેથી મને બહુ ચિંતા થતી હતી કે–તેમનું શું થયું હશે ? નીશો ચડયો હશે કે નહીં. એ વિચારમાં ખાવું, પીવું કે કંઇપિણ ગમતું નહોતું.

રસરાજ—(સ્વગત.) આશ્ચર્ય છે ? જે બીલકુલ બદલાઈ ગઈ હતી તે આજ મને ઘણા પ્યારથી વળગી પડી. આનું કંઈ કારણ હોવું જ જોઇએ. નહિ તો આ રાંડ કદી આમ પ્યાર બતાવેજ નહીં (પ્રકાશ.) ખરૂં છે, સ્નેહીને ચિંતા થાય જ થાય. સત્પ્રેમની બલિહારી છે.

હીરલ—પણ વ્હાલા, એક તમને બીજાં ખૂશી ખબર કહુંછું. પેલા તમારા દાગીના ચોરનાર, તમારા મિત્રોજ હતા.

રસરાજ—કયા મિત્રો ? અને એ તેં કેમ જાણ્યું ભલા ?

હીરલ—કયા કેમ પેલો મૂળરાજ અને બીજાનાં નામ મને આવડતાં નથી તેમણે તમારા દાગીના ચોર્યા હતા. અને તે પરમ દહાડે સોનીની દુકાને વેચવા નીકળતાં પકડાઇ ગયાં એટલુંજ નહીં પણ બધાંને છ છ માસની કેદ મળી હવે તમારા દાગીના તમને પાછા મળશે. તમે કોર્ટમાં જજો.

રસરાજ—(સ્વગત) હં, તેમાંજ તું મને આટલા પ્યારથી બોલાવે છે એમ કહેને (પ્રકાશ.) ઠીક છે. તે હું કોર્ટમાં જઈ લઈ આવીશ.

હીરલ—વ્હાલા, તેમાંથી મને શું આપશો તે કહો ?

રસરાજ—(સ્વગત.) હવે તને શું આપે પથરા. (પ્રકાશ.) કંઇ પણ નહીં.

હીરલ—એમ કેમ? તમે કહેતા હતાને કે હું અઠવાડોયા પછી તું કહીશ તે આપીશ. અને આજ ફરી કેમ જાઓ છો ?

રસરાજ—ત્હારો મ્હારાપર ઘણો સાચો પ્યાર છે તેમાં.

હીરલ—સાચો નથી ત્યારે શું જૂઠો છે?

રસરાજ—જૂઠો નહિ પૈસા ન મળે તો ધકકો લગાવે તેવો છે.

હીરલ—મેં એવું ક્યારે કર્યું છે કે, તમે આમ બોલો છો ?

રસરાજ—ધકકો તો માર્યો નથી પણ હા ઝેર ખવરાવ્યું હતું ખરૂં.

હીરલ—શું મેં ઝેર ખવરાવ્યું હતું.

રસરાજ—ના, તેં નહીં ત્હારી મોહનીએ ખવરાવ્યું હતું.

હીરલ—હું તો તમારી પરીક્ષા કરતી હતી તેમાં તમે એમ કરી નાંખ્યું એમાં મારો શો વાંક?

રસરાજ—હીરલ, હવે તારાં ચરિત્ર મ્હારાપર કંઇ પણ અસર નહીં કરી શકે. કેમકે, પહેલાં તો હું ત્હારાપર પ્રેમથી અંધ બની ગયો હતો એટલે ત્હારાં ચરિત્ર હું સાચાં માનતો હતો પણ હવે તે મ્હારૂં પ્રેમાંધપણું નષ્ટ થઇ ગયું છે. અને ત્હારી બધી ચાલાકી મ્હારા સમજવામાં આવી ગઇ છે.

હીરલ—મ્હારી શી ચાલાકી તમારા સમજવામાં આવી છે તે તો કહો !

રસરાજ—આ વખતે પણ તું મને ધકકોજ મારવાની હતી પણ મ્હારા ચોરાઇ ગયેલ દાગીના હાથ લાગશે એવું જ્યારે ત્હારા જાણવામાં આવ્યું ત્યારેજ તું આટલો બધો પ્યાર બતાવે છે. નહિ તો હું તને ઓળખુંછું દુષ્ટા !

હીરલ—હાં હાં રસરાજ! જરા મોં સંભળીને બોલો.

રસરાજ—હવે મોં શું સંભાળવું તું ચંડાલણી! નીચ કુલટા! રંડા! મેં જ્યારે તને સાપણને હમેશાં દૂધનું પાન કરાવી ઉછેરી ત્યારે તુંજ મ્હારી

છાતી પર ચડી ત્હારા ઝેરી ડંશથી મ્હારા પ્રાણુ લેવા તૈયાર થઇ હતી. એજ કે બીજી તું ?

હીરલ—રસરાજ, આ તમે બોલો છો કે બકો છો? જરા વિચાર કરો અને પછી તમારૂં ભાષણુ આગળ ચલાવો સમજ્યા ?

રસરાજ—હાલ હું જે બોલું છું તે સમજીનેજ બોલું છું. તું મ્હારા પ્યારની ભૂખી નહોતી પણુ પૈસાની હતી. જ્યાં સૂધી તને મોઢે માગ્યો પૈસો મળ્યા કર્યો ત્યાં સૂધીતો તું મ્હારા માટે મરતી હતી ઘણો પ્યાર ધરતી હતી. પણ જ્યારે પૈસો મળવો બંધ થયો ત્યારે બીલકુલ પલટાઈ ગઇ. અરે! હું ઝેર ખાઇ મરવા તૈયાર થયો તોપણુ તને લેશ પણુ દયા ન આવી. અંતે મેં ઝેર ખાધું. ત્યારે તેં જાણ્યું કે આથી મ્હારા પર આરોપ આવશે ત્યારે તેં મને દિલાસો આપી ધમીલપુર મોકલ્યો. કલંકિની, એ ત્હારી બધી સફાઈ મ્હારી આંખ આડેથી પ્રેમ પડળ તૂટી જતાં મ્હારા જોવામાં આવી છે. અને તેથીજ હું અત્રે ધમીલપુરથી તને એ બોલ સંભળાવા માટે આવ્યો છું. સાંભળ ત્હારા વિષે મેં હિંદી ભાષામાં એ કવિત બનાવ્યા છે તે.

કવિત્ત.

કરતી અનેક ભાંત હાવ અરૂ ભાવ મોપેં,
ગોદમેં પરતી પ્યાર ઓર દિખલાઇ તૂ,
મુખપેં કપોલ ધરી, ભરી અંક ગ્રીવહુમેં,
કહી પ્રાન પ્યારે લેતી બ્હોતસે બલાઈ તૂ,
સત્ય સ્નેહ જાની એહ, સબેં તન ધન દીનો,
રહી નહી પાસ કોડી, તબેં પલટાઇ તૂ,
હલાહલ પાન કીનો, તોભી નહિ આઇ દયા,
હાય અફસોસ ભઇ હીરલ હરજાઇ તૂ. ૧
જાની ના ઠગાઈ, કીની જાની અધખાનો તોફુ,
સબે ધન હાની કર આબરૂ ગવાઇ મેં,
બંશહુકો કાનીથી પૂરાની સોહી છોડ દીની,
ખલા બેઇમાની તોસે લગની લગાઇમેં,
બડે બડે ગ્યાનીકી ન માની શીખ શ્યાનીરંચ,
તેરી આશનાઇમેં લજાઇ પંડિતાઇ મેં
રહી નહી પાસ પાઇ, તબેં પલટાઇ ધિક
હીરલ હરજાઇ, નીચ જાત તેરી પાઇમેં. ૨

હીરલ—(કરડાકીથી.) રસરાજ ! હું જેમ જેમ તમારૂં માન રાખું છું તેમ તેમ તમે વધારે બકવાદ કર્યે જાઓ છો કેમ ? જાઓ ઝટ અહીંથી નહિતો પછી કંઇક સંભળાવવું પડશે. હા, હા, હું તો વેશ્યા છું એટલે પુરૂષોને જૂઠો પ્યાર બતાવી પૈસા પડાવું છું અને તમને મેં પણ તેવીજ રીતે ખુવાર મેળવ્યા છે બોલો, હવે શું કહેવા માગો છો ?

રસરાજ—(ગુસ્સાથી.) રંડા, એ ત્હારા પાપનું ફળ તને પરમેશ્વર આપશે એટલુંજ નહિ પણ રગે રગે કીડા પડી, કુતરાનાં મ્હોતથી પણ બૂરા મ્હોતે તને મારશે. યાદ રાખજે આ મ્હારા બોલ !

હીરલ—જા, જા હવે ઉતર મ્હારા ઘરથી નીચે ! નહિ તો ધક્કે મારી કહાડવો પડશે બકાલ !

ગાયન.

રસરાજ— (એક છેલ નાર, એ રાહ.)

ધિક છે ધિઃકાર હિરલ હજાર લુચ્ચી લબાડ જગની નારી,
જૂઠ દાખિ પ્યાર કરતી ખુવાર નરને અપાર મન ધન હારી.
સજીને શૃંગાર નિજ બેસી દ્વાર રસ્તે જનાર નરને ભાળી,
કરી બેસુમાર ચાળા કુનાર ફેલાવી જાળ ફસવે ભારી.
ઘરની મુઝાર અગણિત યાર પૂરી વિહાર કરતી જારી,
જગની ઉતાર નીચ નફટ નાર થૂ વારવાર તું પર ધારી.

હીરલ—અલબત્ત ! અલબત્ત ! ! હું તો હજારોને મ્હારાં ઘરમાં પૂરૂં છું. પણ હૈયાનાં ફૂટાં, અરે ! અક્કલનાં આંધળાં ! શા માટે મ્હારે ત્યાં આવે છે ? હું કયાં બળાત્કાળે તેડવા જઉં છું કે, મૂર્ખનાં સરદાર, ગમારની પેઠે મ્હારે આવી પડયાં રહે છે !

રસરાજ—દુષ્ટા, નર્કગામિની, તું મોઢેથી નથી બોલાવતી પણ ત્હારાં કુટિલ આંખનાં ચાળા વડે બોલાવે છે–ફસાવે છે. થૂ છે, ત્હારી જાત પર. શ્વાનની ચાટ તૂલ્ય અંગવાળી !

હીરલ—(ગુસ્સાથી.) ચાલ, ચાલ ! નીકળ અહીંથી જા—

રસરાજ—રંડા, બંધ કર ત્હારી જીભ. નહિ તો કાપી નાંખવી પડશે ત્હારી નીચતા અને હલકાઇની અવધી આવી રહી. બસ, હવે હું જાઉં છું. મારા આર્ય બાંધવો ! નજર કરો આ કલંકિની કુલટાના ચરિત્ર તરફ!! આવી રંડાઓથી હમેશાં આપ દૂર ચાલજો કેમકે, તેના છાંયાથી પણ આપણે દોષિત થઇએ છીએ, અને તે

ના સંસર્ગથી મ્હારા જેવા સા બૂહાલ થાય છે. તે ધ્યાનમાં સમજો અને તમારી સંતતિને પણ એજ કેળવણી આપજો કે, ભવિષ્યમાં આવી કુટિલ કામનીઓના કુટિલ પ્રેમમાં ફસાય નહીં અને તેને હમેશાં તિરસ્કારની નજરેથી જૂએ. તેમજ—

ગાયન.

(જલસા ખુશહાલીકા એ રાહ.)

સદ્ધર્મ રહે ધારી, નીતિ ન્યાયે,
ઉત્તમ રાહે, નિત્ય પળાએ—
બને ન વ્યભિચારી— સદ્ધર્મ૦
થઇ પ્રસન્ન ત્રિભૂવનપતિ ત્રાતા,
દે આર્ય ભ્રાતને સુખશાતા,
સંકટ હરીને, કરૂણા કરીને
વરસાવે વૃષ્ટિ સારી— સદ્ધર્મ૦
દુર્ભિક્ષ ટળે બહુ દુઃખ દાતા,
પાકે મસ ધાન્ય કૃપા થાતાં,
એ અવિધાતા, એ પીતુ માતા,
સઘળે દે શાંતી પ્રસારી— સદ્ધર્મ૦

॥ સમાપ્તોડયં ગ્રન્થઃ ॥

અગાઉથી ગ્રાહક થનારના નામ

ધ્રાંગધ્રા.

૧૦૦ રાજકુમાર શ્રી પર્વતસિંહજી સાહેબ.
૧૬ રાજકુમાર શ્રી નટવરસિંહજી સાહેબ.
૧૬ રાજકુમાર શ્રી ભવાનીસિંહજી સાહેબ.
૨ કુમાર શ્રી વિજયસિંહજી પ્રતાપસિંહજી.
૧ મોહનલાલ ગોપાળજી દવે.
૧ ભાઇચંદ ગોકળદાસ ગાંધી.
૧ જેમલ સુખલાલ વીરમગામવાળા.
૧ મગનલાલ છગનલાલ કપાસી.
૧ શેઠ લલ્લુ ભાઈચંદ.
૧ અમૃતલાલ હરિભાઈ વૈદ્ય.
૧ મોહનલાલ ફુલચંદ કોઠારી.
૧ શિવલાલ દેવકરણ શા.
૧ વૃજલાલ માણેકચંદ શા.
૧ ખોડીદાસ અમુલખ દફતરી.
૧ મંગળજી નાનચંદ દફતરી.
૧ ગોપાળજી સોમચંદ કોઠારી.
૧ પુરૂષોત્તમ હંસરાજ શા.

વઢવાણ કાંપ.

૨ શા મણિલાલ કાકુ બીડીવાળા.
૧ મૂળચંદ તલકસી શા.
૧ છોટાલાલ ચતુરદાસ શા.
૧ પોપટલાલ જલ્લા શા.
૧ ગુલાબચંદ જશરાજ શા.
૧ અભરામ ભીમા. પ્રાં. સા. પટાવાળા.
૧ જગજીવન મૂળચંદ વકીલ.

ખેરાળી.

૧ રા. વજેશંકર પુરૂષોત્તમ.

મૂળી.

૧ મોહનલાલ કચરાભાઇ શા.

વડીઆ.

૨૫ દરબાર શ્રી બાવાવાળા સાહેબ.

જામનગર.

૧૦ કુમાર શ્રી જોરાવરસિંહજી ભાવસિંહજી.

મુંબઇ.

૫ ખીમજી હીરજી કાયાણી
૧ કહાનજી કરમસી મસ્તર.
૧ નરશી ટોકરસી લોડાયા.
૧ નરસી જેઠા તાર લખનાર.

આ સિવાય ચારસો ગ્રાહકના નામ અત્રે જગોની તંગીને લીધે દાખલ થઇ શક્યા નથી તે માટે થએલ ગ્રાહક પાસે માફી માગું છું. લી. વિ. છું. શા.

વિજ્ઞાપના.

આ પુસ્તક જેઓ સાહેબને મંગાવવા મરજી હોય તેમણે કર્ત્તા પાસેથી અથવા નીચે લખેલ ગામોના એજંટ પાસેથી રોકડી કિમ્મત મોકલી મંગાવી લેવું.

મુંબઈ—રા. ખીમજી હીરજી કાયાણી. દ. ઓ. દર્પણ
ના અધિપતિ. ઠે. દાણાબંદર પ્રીન્સીસડૉક.

સુરત—રા. જશવતલાલ ગોવર્ધનદાસ વેરાગીવાળા.
ઠે. ચંદાવાડી.

વડોદરા—શા ચુનિલાલ ખ્હેચરદાસ. ઠે. રાવપુરા-મામાની પોળ.

અમદાવાદ—શા. કેશવલાલ ગુલાબચંદ. ઠે. વીકાંટે ચંદ્ર
પ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ.

વઢવાણ કાંપ—શા મુળચંદ તલકસી પાસેથી તથા શા મણી-
લાલ કાકુ પાસેથી ઠે. ત્રણ ટાંકી પાસે.

રાજકોટ—શા રઘુરામ સાંકળચંદ. ઠે. શેહેરમાં ધર્મશાળા
પાસે.

જામનગર—શ્રી જસવંત પ્રિન્ટીંગ પ્રેસમાંથી.

સામટી મંગાવનારને દશ ટકા પ્રમાણે કમીશન આપવામાં આવશે. નૉટ પેડ પત્ર લેવામાં આવશે નહીં.

લી.

કવિ વિરપાળ હંસરાજ શાહ.

કંદોઈ ફળી—ધ્રાંગધરા.